# Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty
Brokerage* Each Office Independently Owned & Operated



પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

BUY | SELL | INVEST
• Residential • Commercial • Properties

NIRALI SHETH
Real Estate Agent
Ph: 647-839-9645
Email: nirali.realtor@gmail.com
11A-5010 STEELES AVE. WEST,
TORONTO, Ontario M9V5C6
HOMELIFE
HOMELIFE/MIRACLE REALTY LTD

FRIDAY, 10 JANUARY, 2025 Vol. 23, No. 02 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news



# લોસ એન્જેલસમાં દાવાનળ
## 70 હજારને બચાવાયા
## 5 નાગરિકોના મોત

**લોસ એન્જેલસ**

અમેરિકાના લોસ એન્જેલસમાં ભીષણ આગ ભડકી છે જે હવે શહેરો તરફ આગળ વધી રહી છે. આ ભીષણ આગને લીધે ગુરુવાર સુધીમાં 5 લોકોના મૃત્યુ થઈ ગયા છે. 70000થી વધુ લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. આગની લપેટમાં અત્યાર સુધીમાં 1000થી વધુ ઈમારતો આવી ચૂકી છે. લોસ એન્જેલસમાં લાગેલી આ આગની ભયાનક તસવીરો હવે સામે આવવા માંડી છે.

ઈટન-ફાયર કહેવાતી આ આગ લૉસ એન્જલસ નગરની નજીકનાં શહેર અલ્ટાડીના પાસેનાં જંગલમાંથી મંગળવારે શરૂ થઈ હતી. સાંજના આશરે 6:30 કલાકે, અભયારણ્ય પાસેથી આગ શરૂ થઈ હોવાનું અનુમાન છે.

આગ એટલી ઝડપથી ફેલાવા લાગી કે હોસ્ટિલ્સમાં રહેલાઓને પાર્કીંગ વૉર સુધી પહોંચાડવા માટે તેમનાં દર્દીનાં કપડામાં જ પૈડાંવાળા ખાટલા અને વ્હીલ ચેર્સમાં લઈ જવા પડયા હતા અને પાર્કીંગ વોરમાં ઉભેલી એમ્બ્યુલન્સોમાં ચઢાવી ભયાવહ વિસ્તારમાંથી બહાર કાઢવા પડ્યા હતા.

આ આગને લીધે આકાશ પહેલાં નારંગી રંગનું પછી લાલ અને તે પછી ધૂમાડાને લીધે કાળું દેખાતું હતું તેમ સોશ્યલ મીડીયા પર વીડીયો દર્શાવતા હતા.પેસિફિક તટ વિસ્તાર આનો હાહાકાર મચાવી દીધો હતો અને પૃથ્વી પરનાં સ્વર્ગ સમાન હોલીવૂડના થોડા કીલોમીટર દૂરનો વિસ્તાર ભડકે બળી રહેતાં ત્યાં રહેલા 70000થી વધુ નાગરિકોને મહેનતે બહાર કાઢવામાં આવ્યાં હતાં તે સમયે એક વૃદ્ધે કહ્યું હતું કે મારાં સાંભળવાનાં વર્ષમાં મેં કદી આવી પ્રચંડ આગ જોઈ નથી.

આ જંગલની આગ શમાવવા ઠેર ઠેરથી લાઈબંબાઓ દોડાવવામાં આવ્યા હતા પરંતુ તેમને મોટી મુશ્કેલી તો તે ઉભી થઇ હતી એક જંગલના પ્રમાણમાં સાંકડા માર્ગો ઉપર અનેક લોકો પોતાની મોટરો પડતી મુકી પગપાળા નાસી રહ્યા હતા. તેનું એક કારણ તે પણ હતું કે આગની અસહ્ય ગરમીથી કદાચ મોટરની ટાંકીમાં રહેલું પેટ્રોલ કે ડીઝલ સળગી ઉઠે તો તેવો મોટરમાં ભડથું થઇ જાય. આડેધડ પડેલી આ મોટરો પેલા લાઈબંબાઓનો માર્ગ અવરોધાતી હતી. તેથી ક્રેનો બોલાવી તે મોટરો દૂર કરવી પડી હતી. તેમાં સમયનો ઘણો દુર્વ્યય થયો હતો.

**ફોટો અહેવાલ પેજ નં. 18**

Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

SAVE MAX Achievers Realty

ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર

ASHOK TRAVELS
416-977-9896
info@ashoktravel.com www.ashoktravel.com
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

VOYAGES InterSky TRAVELS

Visa Services
India
Nepal
Dubai
Europe
UK-ETA
OCI
PASSPORT
RENEWAL
SURRENDER
CITIZENSHIP
& PR
APPLICATION
Wholesale Tour Operation
India-North & South
Nepal - Bhutan -Sri Lanka.
Dubai.
NRI-Europe( Veg & Jain Meals)
All kinds of Travel
Air Canada
Air India
Qatar
Emirates
Air Farnce/ KLM
British Airways
United -Delta
Turkish & many more.............

Divyesh (Dev) Patel
514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002

1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ટોરોન્ટોમાં એપાર્ટમેન્ટ અને કોન્ડોના ભાડા ઘટવા માંડ્યા

## આખા દેશમાં ભાડુઆતની પસંદગીને આધારે બજારમાં સુધારા થઈ રહ્યાનું : નિષ્ણાતોનું તારણ

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં એપાર્ટમેન્ટ અને કોન્ડાના ભાડાના ભાવ ઘટી રહ્યા છે. રિયલ એસ્ટેટ નિષ્ણાતોના મતે કોન્ડો અને એપાર્ટમેન્ટના ભાવ એક વર્ષ પહેલા કરતા સેંકડો ડોલર ઓછા થઈ રહ્યા છે. ટોરોન્ટોમાં હાર્વે કેલ્સ રિયલ એસ્ટેટ એજન્ટ એરોલ પૌલિકપુલે કહે છે કે, ગયા એક વર્ષ કરતા ભાડાની મિલકતોનો વધુ છે અને પરિણામે ભાડે રાખનારાઓ માટે વધુ અનુકૂળ બજાર છે. પૌલિકપુલે સોમવારે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, કિંમતો પ્રતિ યુનિટ બેથી ચારસો ડોલર સુધી ઘટી ગઈ છે. ટોરોન્ટોમાં ભાડાની આવક ધરાવતી મિલકતો ધરાવતા ડઝનબંધ ગ્રાહકોનું પ્રતિનિધિત્વ કરતા પૌલિકપુલે કહે છે કે, ભાડૂતો મકાનમાલિકોને કહી રહ્યા છે કે તેઓ માંગવા કરતાં ઓછા પૈસા ચૂકવશે અને જ્યારે તેઓ ઓફર કરે છે ત્યારે ચોક્કસ સુધારાઓ માટે તૈયાર રહે. જે ભાડૂતો રહેવા જઈ રહ્યા છે તેઓ નવા પેઈન્ટ જોબ અથવા ચોક્કસ ઉપકરણો બદલવા જેવી વધુ વસ્તુઓની માંગ કરી રહ્યા છે. બંને પક્ષોને લાગ્યું છે કે, બજારમાં પરિવર્તન આવી રહ્યું છે. ભાડૂતોને લાગ્યું છે કે તેમની પાસે થોડી વધુ લિવરેજ છે અને મોટાભાગના મકાનમાલિકોને લાગ્યું છે કે તેમને થોડી વધુ ફ્લેક્સિબલ બનવાની જરૂર છે.”

Rentals.ca દ્વારા ડિસેમ્બર 2024ના અહેવાલમાં જણાવાયું છે કે, ટોરોન્ટો એપાર્ટમેન્ટ્સ અને કોન્ડો માટે ભાડાના ભાવમાં રાષ્ટ્રીય ઘટાડાના વલણમાં અગ્રણી સ્થાન ધરાવે છે. ટોરોન્ટોમાં એપાર્ટમેન્ટ અને કોન્ડો લિસ્ટિંગ માટે એપાર્ટમેન્ટ ભાડા વાર્ષિક 9.4 ટકા ઘટીને નવેમ્બરમાં સરેરાશ $2,640 થયા છે. નવેમ્બરમાં ટોરોન્ટોનું સરેરાશ ભાડું બેચલર એપાર્ટમેન્ટ માટે $1,932 હતું, જે નવેમ્બર 2023માં ભાડાના ભાવથી વર્ષ-દર-વર્ષ સાત ટકાનો ઘટાડો છે; એક બેડરૂમ માટે $ 2,385, આઠ ટકાનો ઘટાડો અને બે બેડરૂમ માટે $ 3,115, 10 ટકાનો ઘટાડો નોંધાયો છે. ત્રણ બેડરૂમવાળા માટે $ 3,710, છ ટકાનો ઘટાડો દર્શાવે છે. Rentals.ca ના કોમ્યુનિકેશનના એસોસિયેટ ડિરેક્ટર, ગિયાકોમો લાડાસે જણાવ્યું હતું કે બજાર કદાચ પોતાને સુધારી રહ્યું છે અને તે સુધારો ભાડુઆતની પસંદગીઓ દ્વારા થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ભાડું માંગવામાં એટલા ઝડપથી વધારો થયો છે કે ઓન્ટેરિયોમાં ભાડા હજુ પણ COVID શરૂ થયું ત્યાર કરતા 20 થી 25 ટકા વધારે છે. હવે આ ઘટાડો તે એક મોટો સંકેત છે, પરંતુ તે હજુ પણ એટલા બધા ફુગાવો દર્શાવે છે કે અમને લાગે છે કે તેમના માટે નીચે જવા સિવાય કોઈ વિકલ્પ નથી.

## બીએપીએસ ચેરિટીઝ દ્વારા 43,000 પાઉન્ડની ચીજવસ્તુઓનું દાન કરાયું










ટોરોન્ટો : ભૂખ સામે લડવા માટે સમગ્ર કેનેડામાં ફૂડ બેંકોને BAPS ચેરિટીઝ કેનેડાએ એક મહત્વપૂર્ણ સમુદાય પહેલ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. 43,000 પાઉન્ડ (21.5 ટન) થી વધુ બિન-નાશવંત ખાદ્ય પદાર્થોનું દાન સમગ્ર દેશમાં સ્થાનિક ફૂડ બેંકોના માધ્યમથી કર્યું છે. કેનેડાના 13 શહેરોમાં ફૂડ ડ્રાઈવ યોજવામાં આવી હતી. કેનેડામાં રજાના દિવસોમાં ખોરાકની અસુરક્ષા એ એક મોટો મુદ્દો છે. લોકોમાં આવશ્યક ચીજવસ્તુઓની માંગમાં વધારો થાય છે. ખોરાક, રહેઠાણ અને ખર્ચમાં વધારો થવાથી લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. જેથી લોકોની જરૃરિયાતોને પૂર્ણ કરવા BAPS ચેરિટીઓએ તેના સ્વયંસેવકોને એકત્ર કર્યા હતા. જે બાદ ફુડ ડ્રાઈવ યોજવામાં આવી હતી. 13 શહેરોમાં દિવાળી દરમિયાન શરૂ કરાયેલી વિશેષ પહેલના ભાગરૂપે સમગ્ર કેનેડામાં કેન્દ્રો ઉપર નવેમ્બરમાં હિન્દુ હેરિટેજ મહિનાની ઉજવણી સાથે બાળકો, યુવાનો અને પરિવારોને જોડવામાં આવ્યા હતા. તેઓએ ઉદારતાથી યોગદાન આપતા જરૂરિયાતમંદોને મદદ કરવા શાકાહારી ખાદ્ય વસ્તુઓ એકત્ર કરી શકાઈ હતી. ફૂડ ડ્રાઈવથી લાભ મેળવનારા સમુદાયના સભ્યોમાં એમમરીન જેવી વ્યક્તિઓનો સમાવેશ થાય છે. ડેઈલી બ્રેડ ફૂડ બેંક ક્લાયન્ટ અને કેનેડામાં નવોદિત, જે સંસ્થાનો આભાર માનતા કહે છે કે, હું કોઈના ભૂખ્યા રહેવાની ચિંતા કર્યા વિના સૂઈ શકું છું. તમારો સાથ આપ્યો છે. BAPS ચેરિટીઝ કેનેડાના પ્રમુખ યોગેશ પટેલે પણ સહયોગીઓનો આભાર વ્યક્ત કરતા કર્યો હતો. તેમણે કહ્યું હતુ કે, સામૂહિક પ્રયાસોને કારણે સંસ્થાની આ પહેલ શક્ય બની છે. આ દાનની ભાવના પ્રતિબિંબિત કરે છે.

## 2025માં દેશમાં નવા ડ્રોન નિયમો લાગુ થવાના સંકેતો : પાયલોટ્સને રાહત

### ડ્રોન ઉધોગ માટે લાંબા અંતરની ફ્લાઇટ્સ પરના નિયંત્રણો હટાવાશે

**ઓન્ટેરિયો**

નવા સરકારી નિયમો વિશે ઉત્સાહિત થવું મુશ્કેલ છે, પરંતુ જો તમે ઈયાન વિલ્સ જેવા ડ્રોન પાઈલટ છો તો વાંધો નથી. ટ્રાન્સપોર્ટ કેનેડાના અપડેટેડ નિયમો, જે આ વર્ષની શરૂઆતમાં રજૂ કરવામાં આવશે, તે રિમોટલી પાઈલોટેડ એરક્રાફ્ટ અથવા ડ્રોન ઉદ્યોગ માટે લાંબા અંતરની ફ્લાઈટ્સ પરના નિયંત્રણો હટાવશે, જેનાથી પાઈલટ્સ માટે સરળ બનશે. લેંગલી, બી.સી.માં ડ્રોન પાઈલટ તાલીમ સંસ્થા કોસ્ટલ ડ્રોનના પ્રમુખ વિલ્સે જણાવ્યું હતું કે, તેઓ વધુ શક્તિશાળી અને સક્ષમ બની રહ્યા છે અને લોકોને એવી વસ્તુઓ કરવા માટે સશક્ત બનાવી રહ્યા છે, જેની આપણે હજુ સુધી કલ્પના પણ કરી શકતા નથી. કેનેડાના આકાશ ટૂંક સમયમાં નોંધપાત્ર ડ્રોન દેખાશે તેવી અપેક્ષા રાખશો નહીં. કારણ કે, નવા કાયદા પાનખર સુધી અમલમાં આવશે નહીં. પરંતુ તેનો અર્થ એ થયો કે ટ્રાન્સપોર્ટ કેનેડા પહેલી વાર આ ફ્લાઈટ્સ માટે કેસ-બાય-કેસ અરજી પ્રક્રિયાથી દૂર જશે. તે દેશના મોટાભાગના આકાશને એવા મિશન માટે ખોલશે. જે ઓછા જોખમવાળા દશ્ય રેખા (BVLOS) હેઠળ આવે છે, જ્યાં ડ્રોન પાઈલટના દશ્ય ક્ષેત્રની બહાર ઉડે છે.










# કેનેડા USનો હિસ્સો બને તેવી શક્યતા નથી : ટ્રુડોનો જવાબ

## વિદેશ મંત્રી મેલાની જોલી અને એનડીપીના નેતા જગમિતસિંહે પણ ટ્રમ્પની ધમકીઓ સામે પીછે હઠ નહીં કરવા હુંકાર ભર્યો

**ટોરોન્ટો**

જસ્ટિન ટ્રુડોએ પહેલીવાર અમેરિકી રાષ્ટ્રપતિ પદ સંભાળવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પને જવાબ આપ્યો છે. રાજીનામાની જાહેરાત કરનાર કેનેડાના પીએમ ટ્રુડોએ કહ્યું છે કે, કેનેડા અમેરિકાનો હિસ્સો બને તેવી કોઈ શક્યતા નથી. બંને દેશોના કર્મચારીઓ અને સમુદાયો એકબીજાના સૌથી મોટા વેપાર અને સુરક્ષા ભાગીદારો છે અને બંનેને તેનો લાભ મળે છે. જ્યારે કેનેડાના મોટા નેતા જગમીતે કહ્યું કે, ‘બકવાસ બંધ કરો ડોનાલ્ડ. કોઈ કેનેડિયન તમારી સાથે જોડાવા માંગતા નથી. અમને કેનેડિયન હોવાનો ગર્વ છે. આપણે જે રીતે એકબીજાની સંભાળ રાખીએ છીએ અને આપણા દેશનું રક્ષણ કરીએ છીએ તેના પર અમને ગર્વ છે. તમારા હુમલાઓ સરહદની બંને બાજુની નોકરીઓને અસર કરશે. તમે કેનેડિયનોની નોકરી લેવા આવ્યા છો, અમેરિકનોએ કિંમત ચૂકવવી પડશે. ટ્રુડો ઉપરાંત કેનેડાના વિદેશ મંત્રી મેલાની જોલીએ પણ આ મામલે નિવેદન આપ્યું છે. જોલીએ પણ ટ્વિટ કર્યું હતુ કે રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ટ્રમ્પની ટિપ્પણીઓ દર્શાવે છે કે, તેમને એ વાતની ખબર નથી કે, કેનેડાને કઈ વાતો મજબૂત દેશ બનાવે છે. અમારું અર્થતંત્ર મજબૂત છે. અમારા દેશના લોકો મજબૂત છે. ધમકીઓ સામે અમે ક્યારેય પીછેહઠ કરીશું નહીં.

### અમારી નબળી સરકાર ગંભીર મુદ્દાઓ પર સ્પષ્ટ વાત કરવામાં નિષ્ફળ : વિપક્ષના નેતા પિયરે પોલીવેર

કેનેડામાં વિપક્ષના નેતા પિયરે પોલીવેરે પણ આ મુદ્દે નિવેદન આપતાં કહ્યું કે, કેનેડા એક મહાન અને આઝાદ દેશ છે. અમેરિકા અમારો શ્રેષ્ઠ મિત્ર દેશ છે. અમે અમેરિકન્સને અલ-કાયદા દ્વારા 9/11ના હુમલાનો જવાબ આપવામાં મદદ કરવા માટે અબજો ડોલર ખર્ચ્યા અને સેંકડો લોકોએ બલિદાન આપ્યા. અમે અમેરિકાને અબજો ડોલરની ઉચ્ચ ગુણવત્તાની અને સંપૂર્ણપણે ભરોસાપાત્ર ઉર્જાનો સપ્લાય કરીએ છીએ. જે બજાર કિંમત કરતાં ઘણી ઓછી કિંમતે છે. પોલીવેરે વધુમાં જણાવ્યું હતું કે, ‘અમે સેંકડો અબજ ડોલરની કિંમતનો અમેરિકન સામાન ખરીદીએ છીએ. અમારી નબળી અને દયનીય NDP-લિબરલ સરકાર આ મુદ્દાઓ પર સ્પષ્ટ વાત કરવામાં નિષ્ફળ રહી છે. હું કેનેડા માટે લડીશ. જ્યારે હું વડાપ્રધાન બનીશ, ત્યારે અમે અમારા સૈન્યનું પુન:નિર્માણ કરીશું અને કેનેડા તથા અમેરિકા બંનેને સુરક્ષિત કરવા માટે સરહદ પર નિયંત્રણ પાછું લઈશું. કેનેડાને અમે પ્રાથમિકતા આપીશું.

## ભારતીય મૂળના નેતા અનિતા આનંદ સહિત અનેકના નામ PMની રેસમાં

ટોરોન્ટો : કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના રાજીનામા બાદ આગામી વડાપ્રધાન કોણ બનશે તેની ચર્ચાઓએ જોર પકડ્યું છે. વડાપ્રધાન પદની રેસમાં કેનેડા મૂળના નેતાઓ સાથે બે ભારતવંશી પણ સામેલ છે. જેમાં પ્રથમ નામ ટ્રુડો મંત્રી મંડળમાં સામેલ પૂર્વ રક્ષા મંત્રી અને વર્તમાન પરિવહન-આંતરિક વેપાર મંત્રી અનિતા આનંદ છે. બીજું નામ ભારતીય મૂળ લિબરલ પાર્ટીના સાંસદ જ્યોર્જ ચહલ સામેલ છે. કેનેડા પીએમની રેસની સામેલ જ્યોર્જ ચહલને ઘણાં સાંસદોએ વચગાળાના નેતા બનાવવા ભલામણ કરી છે. જો તેમને વચગાળાના નેતા બનાવવામાં આવે તો તે પીએમ રેસમાંથી બહાર થઈ જશે. કેનેડાના નિયમો અનુસાર વચગાળાના નેતા વડાપ્રધાન પદની ચૂંટણી લડી શકે નહીં. . ચહલ કેનેડામાં વકીલ તરીકે પણ સેવા આપે છે. તેમણે કેલગરી સિટી કાઉન્સિલર રૂપે વિવિધ સમિતિઓમાં કામ કર્યું છે. તે નેચરલ સોર્સિસ પર સ્થાયી સમિતિના અધ્યક્ષ અને શિખ કોક્સના અધ્યક્ષ પણ છે.



કેનેડાના આગામી વડાપ્રધાનની રેસમાં અનિતા આનંદ, પિયર પોલિવરે, ક્રિસ્ટિયા ફ્રીલેન્ડ અને માર્ક કાર્ની જેવા અગ્રણી નામો ઉભરી રહ્યા છે. આ પૈકી, ભારતીય મૂળના નેતા અનિતા આનંદને તેમના અસરકારક શાસન અને જાહેર સેવાના સારા રેકોર્ડને કારણે સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવે છે. 2019થી કેનેડા રાજકારણમાં સક્રિયપણે સેવા આપી રહ્યા છે.

1. ક્રિસ્ટિયા ફ્રીલેન્ડ- કેનેડાના ભૂતપૂર્વ નાણાં મંત્રી અને નાયબ વડા પ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડ લાંબા સમયથી જસ્ટિન ટ્રુડોના સમર્થક છે. જો કે, અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર આવ્યા બાદ જસ્ટિસ ટ્રુડો સાથે નાણાકીય બાબતો અને ઘણી યોજનાઓને લઈને તેમના મતભેદ હોવાના અહેવાલો મળ્યા હતા. આ કારણે તેમણે પોતાનું પદ છોડી દીધું હતું.

2. ડોમિનિક લેબ્લેન્ક - લિબરલ સરકારમાં જ કેબિનેટ મંત્રી ડોમિનિક લેબ્લેન્ક એવા કેટલાક નેતાઓ પૈકી એક છે, જે મુશ્કેલીઓમાં પણ પક્ષ સાથે ઉભા છે. આવી સ્થિતિમાં ટ્રુડોના સમર્થનમાં ઉભેલા લિબરલ પાર્ટીના નેતાઓ આગામી વડાપ્રધાન માટે લેબ્લેન્કને સમર્થન આપી શકે છે. લેબ્લેન્ક, એક વકીલ અને રાજકારણી હાલમાં વર્તમાન સરકારમાં નાણા અને આંતરવિભાગીય મંત્રાલયનો હવાલો સંભાળે છે. ફ્રીલેન્ડના રાજીનામા બાદ તેમને નાણા મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી હતી. છેલ્લાં દાયકામાં ટ્રુડો સરકારમાં તેમને અનેક મંત્રી પદ સોંપવામાં આવ્યા છે.

3. માર્ક કાર્ને - કેનેડાના પીએમ પદની રેસમાં રાજકારણથી તદ્દન અજાણ વ્યક્તિ માર્ક કાર્નેનું નામ પણ બોલાઈ રહ્યું છે. જેઓ અગાઉ બેન્ક ઓફ ઈંગ્લેન્ડ અને બેન્ક ઓફ કેનેડાના ગવર્નર રહી ચૂક્યા છે. માર્ક કાર્નેએ હાલમાં જ રાજકારણમાં પ્રવેશવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

4. ક્રિસ્ટી ક્લાર્ક- રાષ્ટ્રીય સ્તરે લિબરલ પાર્ટીના નેતા અને કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના ભૂતપૂર્વ પ્રીમિયર (મુખ્યમંત્રીની સમકક્ષ પદ) ક્રિસ્ટી ક્લાર્કનું નામ પણ પીએમ પદના ઉમેદવારોમાં સામેલ છે. તે 2011થી 2017 સુધી બ્રિટિશ કોલંબિયાના પ્રીમિયર હતા.

## યુએસ સામે પગલાની તૈયારી : અનેક ચીજવસ્તુ પર ટેરિફ લાદવાની વિચારણા



**ઓટાવા**

ઓટાવાના સૌથી વરિષ્ઠ અધિકારીઓમાં એક દસ્તાવેજ ફરી રહ્યો છે, જે ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ ધમકી સામે કેનેડા કેવી રીતે બદલો લઈ શકે છે તેની વિગતો દર્શાવે છે. કેનેડાના એક વરિષ્ઠ સરકારી સૂત્રના જણાવ્યા અનુસાર આ યાદીમાં સેંકડો અમેરિકન બનાવટના માલનો સમાવેશ થાય છે, જેના પર કેનેડા પ્રતિશોધાત્મક ટેરિફ લાદવાનું વિચારી રહ્યું છે. અમેરિકન સ્ટીલ ઉત્પાદનો, શૌચાલય અને સિંક સહિત સિરામિક્સ, કાચના વાસણો, ફૂલો અને વિવિધ પ્રકારના પ્લાસ્ટિકને પ્રતિશોધાત્મક ટેરિફ માટે સંભવિત લક્ષ્યો તરીકે યાદીમાં રખાયા છે.

ફ્લોરિડા નારંગીનો રસ પણ યાદીમાં છે, જોકે સૂત્રએ ભાર મૂક્યો હતો કે અંતિમ નિર્ણયો હજુ સુધી લેવામાં આવ્યા નથી. જ્યારે ટ્રમ્પે 2018માં કેનેડિયન સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ લાદ્યો હતો, ત્યારે કેનેડાએ મહત્તમ રાજકીય દબાણ લાવવાની આશામાં બદલો લેવા માટે વસ્તુઓ પસંદ કરી હતી. જો જવાબ આપવાની જરૂર પડશે તો ફરીથી આવું જ થશે, સૂત્રએ જણાવ્યું હતું. ટેરિફ માટે વિચારણા હેઠળ રહેલા ઘણા સ્ટીલ ઉત્પાદનો મિશિગન અને પેન્સિલવેનિયાના મુખ્ય સ્વિંગ રાજ્યોમાં ઉત્પન્ન થાય છે. ફ્લોરિડાથી નારંગીના રસ પર ટેરિફ લાદવાનો હેતુ ટ્રમ્પના દત્તક લીધેલા રાજ્ય અને અમેરિકન સત્તાના નવા કેન્દ્રને સંદેશ મોકલવાનો છે. સૂત્રોએ રેડિયો-કેનેડાને જણાવ્યું હતું કે સંઘીય સરકાર ભવિષ્યના ટ્રમ્પ વહીવટને તેની ધમકીઓ સાથે આગળ વધવાથી રોકવા માટે ઊર્જા નિકાસનો ઉપયોગ કરવાની શક્યતા પણ ચકાસી રહી છે.

ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે યુ.એસ.માં તેમના પ્રાંતની વીજળી નિકાસ કાપવાનો વિચાર રજૂ કર્યો હતો. જો કે, આ સૂચન અંગે પ્રાંતોમાં સર્વસંમતિથી નથી. આલ્બર્ટા, ક્વિબેક અને ન્યુફાઉન્ડલેન્ડ અને લેબ્રાડોરે પહેલાથી જ યુનાઈટેડ સ્ટેટ્સને ઊર્જા પુરવઠો કાપવાના વિચારનો વિરોધ જાહેર કરી દીધો છે. ટ્રુડો આગામી અઠવાડિયે ઓટ્ટાવામાં પ્રીમિયરોને મળે ત્યારે કેનેડિયન યોજનાની વિગતો જાહેર કરે તેવી અપેક્ષા છે.



તંત્રી સ્થાનેથી

# ગ્રેટર અમેરિકા : ટ્રમ્પનું સપનું સુંદર પણ સાકાર થવું મુશ્કેલ


તંત્રી - સ્વદેશ

જસ્ટિન ટ્રુડોએ સત્તા ત્યાગની જાહેરાત કર્યા પછી ડોનાલ્ડ ટ્રમ્પ તેમના ગ્રેટર અમેરિકા મિશનમાં આગળ વધ્યા છે. હવે, ટ્રમ્પનું સપનું કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાનું, ડેનમાર્ક પાસેથી ગ્રીનલેન્ડ લઈ લેવાનું અને પનામા કેનાલ પર કબજો કરવાનું છે. જસ્ટિન ટ્રુડોએ પીએમ પદેથી રાજીનામુ આપ્યા બાદ ચૂંટણીની ચર્ચા વચ્ચે ટ્રમ્પે ફરી કેનેડાને અમેરિકામાં વિલિનીકરણની ઓફર કરી નાંખી છે. હકીકતમાં ટ્રમ્પ પહેલાથી ગ્રેટર અમેરિકાનું સપનું જોતા રહ્યા છે. ટ્રમ્પના આ વલણ પાછળ નક્કર કારણો જવાબદાર છે.

ગ્રીનલેન્ડ અત્યારે ડેન્માર્કના કબજામાં છે. ટ્રમ્પ ગ્રીનલેન્ડ ઉપર કબજો કરીને રશિયાને કાબૂમાં રાખવા માગે છે. ગ્રીનલેન્ડ અમેરિકા અને યુરોપ વચ્ચે આવેલો ટાપુ છે. ટ્રમ્પને લાગે છે કે, ભવિષ્યમાં રશિયા ગ્રીનલેન્ડ ઉપર કબજો કરીને એટલાન્ટિક મહાસાગર પર કબજો કરી શકે છે. એટલાન્ટિક મહાસાગર સમુદ્રી જીવો અને ખનીજોનો ખજાનો હોવાથી ટ્રમ્પ રશિયાના હાથમાં જવા દેવા માગતા નથી. જ્યારે પનામા કેનાલ મારફતે ચીન મધ્ય અમેરિકા અને દક્ષિણ અમેરિકાના દેશો સાથેનો વ્યાપાર વધારી રહ્યું છે. બ્રાઝિલ, વેનેઝુએલા, આર્જેન્ટિના સહિતના દક્ષિણ અમેરિકાના અને ગ્વાટેમાલા, ક્યુબાસ મેક્સિકો સહિતના મધ્ય-ઉત્તર અમેરિકાના દેશોમાં ઘૂસી રહ્યું છે. આથી પનામા કેનાલ પર કબજો કરીને ટ્રમ્પ ચીનની આર્થિક આક્રમકતાને રોકવા માગે છે. કેનેડાના કેસમાં પણ રશિયા અને અમેરિકાનો ખતરો તો છે જ પણ બીજાં કારણો પણ છે. અમેરિકાની એજન્સીઓને લાગે છે કે, અમેરિકામાં ડ્રગ્સ ઘૂસાડવા માટે કેનેડાના રૂટનો ઉપયોગ થાય છે અને તેમાં કેનેડાના રાજકારણીઓની ભાગીદારી છે. એ જ રીતે અમેરિકામાં ગેરકાયદેસર રીતે વિદેશીઓને ઘૂસાડવામાં પણ કેનેડા મદદરૂપ થાય છે. આ વિદેશીઓ અમેરિકા ઉપર બોજારૂપ બનતા જાય છે. પણ કેનેડા અલગ દેશ હોવાથી અમેરિકા કશું કરી શકતું નથી. વિશ્લેષકોના મતે, ટ્રમ્પનો ડોળો કેનેડાના ક્રૂડ અને વીજળી પર પણ છે. અમેરિકાના ક્રૂડ ઓઈલની આયાતમાંથી ૬૦ ટકા અને વીજળીની જરૂરીયાતમાંથી ૮૫ ટકા કેનેડાથી આવે છે. અમેરિકાએ અત્યારે બજાર ભાવે ખરીદવું પડે છે. પણ કેનેડા અમેરિકાનું સ્ટેટ બની જાય તો બધું મફતમાં પડે એવી ટ્રમ્પની ગણતરી છે. ટ્રમ્પની અમેરિકા કેનેડાના માલ ઉપર ઓછી ડયુટી લાદે છે એ સબસિડી છે એ દલીલ પણ વાહિયાત છે. કેનેડા અમેરિકાનું સ્ટીલ, એલ્યુમિનિયમ અને યુરેનિયમનું સૌથી મોટું સપ્લાયર છે. આ બધી ચીજો પર ઓછી ડયુટી લાદીને અમેરિકા કેનેડાને વરસે ૧૦૦ અબજ ડોલરનો ફાયદો કરાવીને સબસિડી આપવાનું રટણ કરે છે. વાસ્તવમાં અમેરિકાને કેનેડા પાસેથી આ માલ લેવો સસ્તો પડે છે, તેથી આયાત કરાય છે. ટ્રમ્પ આ ભંડારો પર પણ કબજો કરવા માગે છે. જેથી અમેરિકાના ઉદ્યોગોને ફાયદો થાય. આ સિવાય કેનેડાના ૪ કરોડ લોકોના બજાર ઉપર ટ્રમ્પની નજર છે. તેથી ટ્રમ્પ કેનેડાને અમેરિકાનું સ્ટેટ બનાવવાની રેકર્ડ વગાડયા કરે છે.

કેટલાક જાણકારોના મતે હવે જો કેનેડા યુનાઈટેડ સ્ટેટ્સમાં જોડાય તો લાભાલાભ છે. સૌ પ્રથમ તો કેનેડામાં કરવેરા મોટા પ્રમાણમાં ઘટાડવામાં આવશે અને તેઓ રશિયન અને ચીનના જહાજોના સતત ઘેરાબંધી કરવાના જોખમથી સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે. કેનેડા પાસે વિશ્વમાં ત્રીજો સૌથી મોટો ખનિજ તેલ ભંડાર છે, જે લગભગ ૧૬૮ અબજ બેરલ છે. આ સિવાય કેનેડા યુરેનિયમ ઉત્પાદનમાં અગ્રણી દેશોમાં સામેલ છે. કેનેડામાં વિપુલ પ્રમાણમાં જળ સંસાધનો, લાકડા અને વિવિધ ખનિજો પણ છે. ગ્રીનલેન્ડની વાત કરીએ તો ત્યાં દુર્લભ ખનિજોનો ભંડાર છે. તેલ અને ગેસ પણ ત્યાં લગભગ ૫૦ અબજ બેરલ હોવાનો અંદાજ છે. બરફ પીગળવાને કારણે ભવિષ્યમાં નવા દરિયાઈ માર્ગો ખુલવાની પણ શક્યતા છે. પનામા કેનાલ પણ ટ્રમ્પના નિશાના ઉપર છે. અહીંથી દર વર્ષે લગભગ ૧૩,૦૦૦ જહાજો પસાર થાય છે. લગભગ પાંચ ટકા વૈશ્વિક વેપાર અહીંથી થાય છે. પનામા કેનાલમાંથી વાર્ષિક આવક ૩ અબજ ડોલર છે. અમેરિકાની વર્તમાન જીડીપી ૨૯ ટ્રિલિયન ડોલર છે, જ્યારે કેનેડાની જીડીપી ૨.૧૪ ટ્રિલિયન ડોલર છે. ગ્રીનલેન્ડની જીડીપી ૩.૩ બિલિયન ડોલર છે. વિલીનીકરણ સાથે ગ્રેટર અમેરિકા ૩૪.૪૫ ટ્રિલિયન ડોલર સાથે વિશ્વનું સૌથી મોટું આર્થિક બ્લોક બનશે. પનામા કેનાલ ઉપર નિયંત્રણ અને ગ્રીનલેન્ડનું જોડાણ દરિયાઈ વેપારમાં પ્રભુત્વ સ્થાપિત કરશે અને આર્કિટકમાં નવા વેપાર માર્ગો તરફ દોરી જશે.

અમેરિકામાં કેનેડા અને ગ્રીનલેન્ડના ઉમેરા સાથે આર્કટિક ક્ષેત્રમાં અમેરિકાની વ્યૂહાત્મક સ્થિતિ વધુ મજબૂત બનશે. અમેરિકાને રશિયા અને ચીન પર વ્યૂહાત્મક રીતે ફાયદો થશે.

૨૦૨૩માં અમેરિકાનું સંરક્ષણ બજેટ ૮૮૬ અબજ ડોલર હતું. નવા ક્ષેત્રોના ઉમેરા સાથે તેમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો થવાની ધારણા છે. ગ્રીનલેન્ડમાં ડોનાલ્ડ ટ્રમ્પની રુચિ કંઈ નવી નથી. ૨૦૧૯માં તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન તેમણે સ્વાયત્ત ડેનિશ પ્રદેશ ખરીદવાનો વિચાર રજૂ કર્યો હતો. તે સમયે તેમનાં સૂચનને તત્કાલીન ડેનિશ વડા પ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેન દ્વારા વાહિયાત ગણાવીને ફગાવી દીધુ હતુ. પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પે આ વિચારને ફરીથી જોરશોરથી પુનરાવર્તિત કર્યો છે.

ટ્રમ્પ ભલે દાવો કરે, પરંતુ ગ્રેટર અમેરિકાનું આ સપનું આટલી આસાનીથી સાકાર થવાનું નથી. હાલ કેનેડામાં પણ ટ્રમ્પના આ વિચાર સામે વિરોધનો સૂર ઉઠી રહ્યો છે. માત્ર શાસકો જ નહીં, વિપક્ષ પણ આ મુદ્દે કેનેડાને સ્વતંત્ર અને સ્વનિર્ભર રાખવાના મતમાં છે. આ ઉપરાંત ગ્રીનલેન્ડના તમામ લોકો પણ સંભવત : અમેરિકા સાથે જ વિલીનીકરણને આટલી સરળતાથી સ્વીકારશે નહીં. જો અમેરિકા તેમને બળજબરીથી ભેળવી દે તો પણ આ વિસ્તારોમાં શાંતિ જાળવવી મુશ્કેલ હશે. અમેરિકાનાં બંધારણ અને વહીવટી માળખામાં કેનેડા અને ગ્રીનલેન્ડનો સમાવેશ કરવો ખૂબ જ પડકારજનક હશે. કેનેડા, ડેનમાર્ક અને વિશ્વના અન્ય દેશો ટ્રમ્પના ગ્રેટર અમેરિકાના સ્વપ્નમાં આગળ હશે, જેના કારણે બાકીના વિશ્વ સાથે અમેરિકાનો રાજદ્વારી સબંધો પણ બગડી શકે છે. વળી, ગ્રેટર અમેરિકામાં આટલી મોટી જમીન અને વસ્તીનું સંચાલન કરવા મોટા રોકાણ અને આર્થિક સંસાધનોની જરૂર પડશે. અમેરિકાની વર્તમાન આર્થિક સ્થિતિને જોતા આ સરળ નથી. ગ્રીનલેન્ડમાં ખનિજ સંસાધનોનું શોષણ વૈશ્વિક પર્યાવરણને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. યુનાઈટેડ નેશન્સ અમેરિકાના નવીન વિસ્તરણવાદ સામે વિરોધ રહી શકે છે. અમેરિકામાં પણ સામાજિક અને રાજકીય તોફાન ઊભું થઈ શકે છે. અમેરિકાને પહેલાથી જ વિવિધ સામાજિક, આર્થિક અને રાજકીય સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આવા સંજોગોમાં ગ્રેટર અમેરિકાનો વિચાર ભલે રોમાંચક લાગે પણ વાસ્તવિકતામાં અમલ કરવો અશક્ય છે.

manoj1968@yahoo. ca






# અમેરિકામાં સુરતના બિઝનેસમેનની ધરપકડ ગેરકાયદે હેરાફેરીમાં 53 વર્ષની જેલની શક્યતા

**સુરત**

સુરતમાં રહેતા 36 વર્ષીય ગુજરાતી બિઝનેસમેન ભાવેશ પટેલની અમેરિકાના ન્યૂયોર્કમાં ઘાતક સિન્થેટિક ડ્રગ ફેન્ટાનીલના ઉત્પાદનમાં વપરાતા રસાયણોની ગેરકાયદે હેરાફેરીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ભાવેશ પટેલ કે જે ભાવેશ લાઠીયા તરીકે પણ ઓળખાય છે. તેના પર અમેરિકા અને મેક્સિકોમાં પ્રતિબંધિત કેમિકલનો જથ્થો મોકલવાનો આરોપ છે. આ કેમિકલને કથિત રીતે મેક્સિકોના કુખ્યાત સિનાલોઆ કાર્ટેલ અને અન્ય ડ્રગ હેરફેર કરનારા જૂથોને મોકલવામાં



આવતા હતા.

સુરત સ્થિત રેક્સટર કેમિકલ્સના સ્થાપક અને ઈથોસ કેમિકલ્સના ભૂતપૂર્વ ડિરેક્ટર ભાવેશ પટેલની તપાસ કર્યા બાદ હોમલેન્ડ સિક્યુરિટી ઈન્વેસ્ટિગેશન્સ (HSI) દ્વારા તેની અટકાયત કરવામાં આવી હતી. આ બંને કંપનીઓ ફેન્ટાનીલ રસાયણોની ગેરકાયદેસર નિકાસ કરતી હતી. તેમણે કસ્ટમ દ્વારા કરવામાં આવતી તપાસને બાયપાસ કરવા માટે વિટામિન સી સપ્લિમેન્ટ્સ અથવા એન્ટાસિડ્સ જેવી દવાઓ પર ખોટા લેબલ લગાડ્યા હતા. સ્થાનિક સરકારી વકીલે આરોપ લગાવ્યો છે કે, રેક્સટર કેમિકલ્સે જૂન 2024માં ન્યૂયોર્કમાં વિટામિન સી સપ્લિમેન્ટ્સ હોવાનું એક કથિત શિપમેન્ટ મોકલ્યું હતું. આ સિવાય વધુ એક 23 નવેમ્બર, 2024 ના રોજ એન્ટાસિડ દવાનું ખોટું લેબલ લગાવેલું શિપમેન્ટ મોકલવામાં આવ્યું હતું.

# સુરતના વિદ્યાર્થિનીનું IIM બેંગ્લોરમાં ભેદી સંજોગોમાં મોત થતાં ચકચાર

**સુરત**

સુરતમાં રહેતો 29 વર્ષીય નિલય કૈલાશભાઈ પટેલ બેંગ્લોરમાં ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ પ્રોગ્રામના બીજા વર્ષમાં અભ્યાસ કરતો અને ત્યાં હોસ્ટેલમાં રહેતો હતો. બે દિવસ પહેલા સવારે હોસ્ટેલના લોનમાં રહસ્યમય સંજોગોમાં બેભાન હાલતમાં મળી આવ્યો હતો. સિક્યુરીટી ગાર્ડની તેની પર નજર પડતા ત્યાં દોડી જઈને સીપીઆર આપ્યુ હતું. પણ તે હલનચલન કરતો નહી હોવાથી ગભરાઇને તરત હોસ્પિટલ લઈ જવાયો હતો. પણ ત્યાં ડૉક્ટરે મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતા પરિવાર આઘાતમાં સરી પડયો હતો. બેંગ્લોરની સ્થાનિક પોલીસે કહ્યુ કે, તે બિલ્ડીંગના બીજા માળેથી નીચે પડી ગયો હોવાની શકયતા છે.

નિલયના હોસ્ટેલમાં ઘણા ઓછા મિત્રો હતો. તેનો 29મો બર્થડે મિત્રો સાથે રાતે ઉજવ્યો હતો. ત્યારબાદ સવારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. તેણે દારુનો નશો કર્યો હોવાની શક્યતા છે. જોકે, સમગ્ર અને મોતનું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે. નિલય સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતો. તેણે 2019 માં કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં બી.ટેક પૂર્ણ કર્યું હતું.

# સુરત સ્ટેટ લેવલના કબડ્ડીના ખેલાડીનું મોત, ફ્લેટમાંથી મૃતદેહ મળતા રહસ્ય

**સુરત**

સુરતના પાલ વિસ્તારમાં સ્ટેટ લેવલ કબડ્ડીના ખેલાડીનું રહસ્યમય હાલતામાં મોત થતા ચકચાર મચી છે. 25 વર્ષીય યુવક જીમમાંથી ઘરે પરત ફર્યો અને સોફા પર બેઠા બાદ ઢળી પડ્યો હતો. જ્યારે પરિવારે સાંજે ઘરે આવીને જોયું તો દીકરો મૃત હોવાનું જાણવા મળ્યું હતું.

સુરતના પાલ વિસ્તારના સિદ્ધિવિનાયક એપાર્ટમેન્ટ ખાતે 25 વર્ષીય સ્ટેટ લેવલ ખેલાડી જય પ્રજાપતિનો મૃતદેહ મળી આવ્યો હતો. જય નિત્યક્રમ મુજબ જીમમાં ગયા પછી ઘરે પરત આવીને સોફા પર બેઠો હતો. જ્યારે પરિવાર સાંજે ઘરે આવે છે તો તેમને જયને સોફા પર શંકાસ્પદ હાલતમાં જોતાની સાથે તરત ડોક્ટર અને 108 બોલાવામાં આવી હતી. ત્યારબાદ એમ્બ્યુલન્સના સ્ટાફે આવીને જોયુ તો જય મૃત હાલતમાં જણાતા પરિવાર હિબકે ચડ્યો હતો. સમગ્ર ઘટનાને લઈને પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી. જ્યારે યુવકને હાર્ટ એટેક આવ્યો હોવાનું પ્રાથમિક તપાસ જાણવા મળ્યું હતું. પોલીસે યુવકના મૃતદેહને પીએમ અર્થે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડુમસની કરોડોના જમીન કૌભાંડનું કોકડું ગૂંચવાયું આઝાદ રામોલિયાની ભૂમિકા શંકાના દાયરામાં

## સુડાના નામે પત્ર રજૂ કરીને બોગસ પ્રોપર્ટી કાર્ડ બનાવ્યા હોવાનો ફરિયાદીએ દાવો કર્યો

**સુરત**

ડુમસ-વાટા ગામની કરોડો રૂપિયાની જમીનમાં બોગસ પ્રોપર્ટી કાર્ડ બનવાના કૌભાડમાં બિનખેતીની પૂર્તતા માટેનો 2005 માં એક લેટર ઇસ્યુ થયો હતો. તે લેટરના આધારે આખી પ્રકિયા દફ્તરે કરી દેવાઇ હોવા છતાં આ લેટરનો કૌભાંડીઓએ ખોટી રીતે ઉપયોગ કરીને જિલ્લા કલેકટર, જિલ્લા પંચયાત અને સુડાના નામે રજુ કરીને બોગસ પ્રોપર્ટી કાર્ડ બનાવ્યા હોવાનો ફરિયાદીએ દાવો કર્યો હતો. વળી આ લેટર કોઇ ખેડૂત નહીં પણ થર્ડ પાર્ટીના નામે હતો.

સીઆઇડી ક્રાઇમમાં ફરિયાદ કરનારા આઝાદ રામોલીયીએ પત્રકાર પરિષદ જણાવ્યું હતું કે, વર્ષ 20021માં જ્યારે અમોને ખબર પડી ત્યારે મુખ્યમંત્રી, કલેકટર, પોલીસમાં ફરિયાદ કરતા તપાસ શરૂ થઇ હતી. પરંતુ ન્યાય નહીં મળતા મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં ફરિયાદ કરતા ઉચ્ચ લેવલે તપાસ શરૂ થઇ હતી. આ તપાસની સાથે જ વર્ષ 2024ના પ્રથમ મહિનામાં સીઆઇડી ક્રાઇમમાં પણ અરજી કરી હતી. જેની તપાસ શરૂ થતા વર્ષ 2005માં જે લેટરના આધારે પ્રોપર્ટી કાર્ડ બન્યાનો ઉલ્લેખ કરાયો હતો, એ લેટરની મહેસુલ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવતા એક જ લેટર જિલ્લા કલેકટરના નામે બોલે છે. એ જ લેટર જિલ્લા પંચાયતના નામે અને સુડાના નામે પણ બોલતો હોવાથી સરખે સરખા લેટર ત્રણ કચેરીના કેવી રીતે હોઇ શકે?

# અંકલેશ્વર નજીક હાઈવે પર અકસ્માત, ટ્રક પાછળ કાર ઘૂસી જતાં ત્રણના મોત

**ભરૂચ**

ભરૂચના અંકલેશ્વરથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં નેશનલ હાઈવે નંબર 48 પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જ્યાં એક પૂરપાટ દોડતી કાર ટ્રકના પાછળમાં ઘૂસી જતાં ભયાનક ટક્કર થઈ હતી. આ દુર્ઘટનામાં કારમાં સવાર 7 લોકો પૈકી 3 ઘટનાસ્થળે જ મૃત્યુ પામી જતાં માહોલ ગમગીન બની ગયો હતો.

અંકલેશ્વરના બાકરોલ નજીક આ ગમખ્વાર અકસ્માત થયો હતો. કારમાં સવાર અન્ય 4 લોકોની હાલત પણ



ગંભીર હોવાની જાણકારી મળી રહી છે. જેમને એમ્બ્યુલન્સની મદદથી સારવાર અર્થે ભરૂચની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ મામલે પોલીસે જણાવ્યું કે કારની ટક્કર એટલી ભીષણ હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઈજાગ્રસ્તોને બચાવવા માટે ક્રેન બોલાવવી પડી હતી. અકસ્માત બાદ લાંબો ટ્રાફિક જામ પણ થઈ ગયો હતો. હાલ આ મામલે પોલીસે કેસ નોંધીને આગળની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

માહિતી અનુસાર આ કારમાં સવાર પરિવારના સભ્યો મુંબઈ તરફ જઈ રહ્યા હતા. અર્ટિગા કારની હાલત એવી થઈ ગઈ હતી કે જેને જોઈને કોઈને વિશ્વાસ જ ન થાય કે તેમાંથી કોઈનો જીવ બચ્યો હશે.

# રો-રો ફેરીમાં પણ હવે દારૂની હેરફેર, બે પકડાયા, 5 વોન્ટેડ

**સુરત**

દમણથી વાયા સુરત-હજીરા રો-રો ફેરીમાં ભાવનગર અને ત્યાંથી જૂનાગઢ હેરાફેરી કરવામાં આવી રહેલા રૂ. 26.63 લાખની મત્તાનો દારૂ ભરેલું કન્ટેનર એસએમસીએ ઝડપી પાડી ડ્રાઈવર-ક્લીનરની ધરપકડ કરી છે. જ્યારે દારૂ મોકલાવનાર, મંગાવનાર અને ટ્રાન્સપોર્ટ સંચાલક સહિત પાંચને વોન્ટેડ જાહેર કર્યા છે.

ગાંધીનગર એસએમસી (સ્ટેટ મોનિટરીંગ સેલ) એ બાતમીના આધારે હજીરા રોડ એલ એન્ડ ટી કંપનીના ગેટ નં. 2 નજીક સ્મશાન ભુમિ પાસે વોચ ગોઠવી ટ્રાફિક જામમાં ઉભેલા કન્ટેનર એમએચ-04 ઈવાય-2163 ને સાઈડ કરાવી ચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાંથી વિદેશી દારૂ અને બીયરના 404 નંગ બોક્સમાંથી 10,416 નંગ બોટલ કિંમત રૂ. 26.63 લાખની કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. ઉપરાંત ડ્રાઈવરની કેબીનમાંથી એરો ડાયનેમીક પ્લાસ્ટિક કંપનીનું ટેક્સ ઈન્વોઈસ અને ઈ-વે બિલ તથા શુક્લા ટ્રાન્સપોર્ટના કાગળો મળી આવ્યા હતા. પોલીસે કન્ટેનર ચાલક સંદીપ કલ્યાણસિંહ દસોંદી (ઉ.વ. 25) અને ક્લીનર હેમરાજ સુરેશ સેમ્લીયા (ઉ.વ. 23 બંને રહે. ધામનોદ, તા. ધરમપુરી, તા. ધાર, એમ.પી) ની ધરપકડ કરી હતી.

# સુરતમાં માતાએ ફોન ન આપતા વિદ્યાર્થિનીનો આપઘાત

**સુરત**

પાંડેસરામાં રહેતા નિશા પરિવારની ધોરણ 8માં અભ્યાસ કરતી દીકરી છેલ્લા લાંબા સમયથી મોબાઈલની લતે ચડી હતી. મોબાઈલ વગર કોઈપણ કામ કરતી ન હતી. જેને લઈને માતા-પિતાએ ઠપકો આપ્યા બાદ તેની પાસેથી મોબાઈલ છીનવી લીધો હતો અને મોબાઈલ નહીં ચલાવવા બાબતે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ફોન નહીં ચલાવવા બાબતે લાગી આવતા દીકરીએ માતા-પિતાની ગેરહાજરીમાં આવેશમાં આવી જઈ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ ઘટનાની જાણ થતા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી આ મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ આપઘાતની ઘટનાને લઈને રાજય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાની પ્રતિક્રિયા આપી હતી.

# નકલી MLA બની છેતરપિંડી કરતો મહાઠગ ચિંતન અંતે વડોદરાથી ઝડપાયો

**ભરૂચ**

જિલ્લા ભાજપના મહિલા આગેવાનને બદનામ કરનાર મહાઠગને ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસે ઝડપી પાડયો છે. મહાઠગ ચિંતન પટેલ ભાજપના નેતાો સાથે ફોટો પડાવી, ફેસબુક પર એમએલએ લખી અને પોતે બહુ મોટો બિઝનેસમેન હોય તે ડંફાસો મારી મહિલાઓને પોતાના વશમાં કરતો હતો. ગુજરાતમાં કોઇપણ હોદા નકલીમાં બાકી રહ્યા નથી. ગુજરાતમાં બાકી હતું તે નકલી ધારાસભ્ય પણ સામે આવી ગયા છે. એમએલએ ચિંતન પટેલ તરીકેની ઓળખ આપી સંખ્યાબંધ લોકો સાથે તેણે છેતરપિંડી કરવા સાથે મહિલાઓને ઠગી હતી. વડોદરામાં કેટલાય સમયથી આશ્રય મેળવનાર ચિંતન વડોદરાના અનેક ગુનાઓમાં વોન્ટેડ હતો. ચિંતન પટેલ નકલી ધારાસભ્ય તરીકે બહાર આવ્યો છે. સંખ્યાબંધ લોકો સાથે છેતરપિંડી કરનાર ચિંતન પટેલ સામે માત્ર ભરૂચ જિલ્લામાં નહીં પણ ગુજરાતમાં અનેક જિલ્લાઓમાં તેની સામે ગુનાઓ દાખલ થયા છે. છટ્ઠા એડિશનલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટ દ્વારા સીઆરપીસી કલમ ૭૦ મુજબ ચિંતન પ્રભુદાસ પટેલનું શખ્સનું વોરંટ ઇશ્યૂ કર્યા બાદ ભરૂચ પોલીસે વડોદરાથી તેને ઝડપી પાડયો છે. ચિંતન પટેલે ભૂતકાળમાં ભાજપના મહિલા આગેવાન સાથેના મોર્ફ કરેલા ફોટો વાયરલ કરી મહિલા અગ્રણીને બદનામ કરવાનું કાવતરું રચ્યું હતું.

# સુરતના નિહાલીમાં દીપડો પાંજરુ તોડીને ભાગતા ફફડાટ

**સુરત**

સુરત જિલ્લાના મહુવાના નિહાલી ગામે છેલ્લા ઘણી સમયથી દીપડો ગામમાં આંટાફેરા મારતો હોવાની વન વિભાગને જાણ કરવામાં આવી હતી. આ પછી વન વિભાગ એક્શનમાં આવીને ટીમ દ્વારા દીપડાને પકડી પાડવા માટે પાંજરુ ગોઠવ્યુ હતું, જેમાં દીપડો પકડાઈ ગયો હતો. ગામમાં દીપડાની અવન-જવનથી ગ્રામજનોમાં ડરનો માહોલ છવાયો હતો, ત્યારે વન વિભાગની ટીમ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં દીપડો પુરાઈ ગયો હતો. આ દરમિયાન પાંજરે પુરાયેલા દીપડાને જોવા ગ્રામજનો એકઠા થઈ ગયા હતા. તેવામાં દીપડાએ ધમપછાડા કર્યા અને પાંજરાના સળિયા તોડીને દીપડો ભાગી ગયો હતો. જ્યારે વન વિભાગની નબળી કામગીરી સામે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો.

# પાલનપુરમાં કરોડોનો વીમો પકવવાનું તરકટ, હોટેલ માલિક ઝબ્બે

## દેવામાંથી બહાર નીકળવા સળગેલી કરમાંથી મળેલા મૃતદેહને હોટેલ માલિકે પોતાનો ગણાવી દીધો, સાગરિતો ચાર માસ જૂની લાશ લઈ આવ્યા

**પાલનપુર**

ફિલ્મની સ્ટોરીને પણ ટક્કર મારે એવી સત્ય ઘટના પાલનપુરના વડગામના ધનપુરા ગામે સામે આવી છે. એક સળગતી કારમાંથી મળેલા મૃતદેહ પાછળ ઐય્યાશ અને દેવું વધી જતા હોટેલ માલિકના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. પોતાનો જ વીમો ઉતરાવી, પોતાના જ મોતમાં હત્યા કરેલી લાશનો ઉપયોગ કરી કમાણી કરવાની કરતૂત બહાર આવી છે. પોલીસે તપાસ બાદ આ ભેજાબાજ હોટેલ માલિક દલપતસિંહ ઉર્ફે ભગવાનસિંહને પકડી પાડ્યો છે અને ષડયંત્રમાં ભાગીદાર તેના અન્ય પાંચ સાગરિતો પણ અત્યારે પકડાઈ ગયા હતા.



દલપતસિંહે ધનપુરા ખાતે એક હોટેલ ખરીદી હતી પણ તેમાં ધંધો ચાલતો નહીં. રોકેલા પૈસા સામે વળતર નહીં મળતા આર્થિક બોજો વધી રહ્યો હતો. આ ઉપરાંત, દલપતસિંહને રોફ જમાવવા, સિક્કો પાડવા ટોળકી રાખવાનો પણ શોખ. ટોળકી સાથે રોજ ઉજાણી કરવી, ખાણી-પીણી અને મોજશોખથી ઐય્યાશ જીંદગી હતી. દલપત ઉપર દેવું સતત વધી રહ્યું હોવાથી ક્રાઈમ થ્રીલર ફિલ્મોના ઉદાહરણ લઈ તેણે સાગરિતો સાથે મળી એક પ્લાન બનાવ્યો અને પ્લાનના પ્રથમ ચરણમાં પોતાનો કુલ રૂ. 1.26 કરોડના બે વીમા નવેમ્બર 2024માં ખરીદ્યો. એક વીમાની પોલીસીમાં અકસ્માતે મરણ પામે તો એક કરોડ અને બીજી પોલીસીમાં રૂા. 26 લાખની પોલીસી ખરીદવામાં આવી હતી.. કાર અકસ્માત, વીજ કરંટ કે અન્ય રીતે આકસ્મિક વીમો પકવવા માટે દલપતનું મરણ જરૂરી હતી. જોકે દલપતનો વિચાર તો કોઈ બીજાના મોતને પોતાના અવસાનમાં ખપાવી વીમાની રકમ મેળવવાનો હતો. અકસ્માતે મોત માટે એક લાશની જરૂર હતી. એટલે સાગરિતોને કબરમાંથી લાશ મેળવવાનો આદેશ આપ્યો. સાગરિતો પ્રથમ પ્રયત્નમાં લગભગ ચાર મહિના જૂની લાશ લાવ્યા. લાશ દલપતના કદ-કાઠીની હતી, બીજું માત્ર હાડકાં જ દેખાતા હોવાથી કબરમાંથી બીજી લાશ મેળવવા પ્રયત્ન થયો. પરંતુ, બીજી વખત માત્ર હાડકાંના ભૂક્કા જેવું હાથ આવતા કબરની લાશવાળો પ્લાન રદ થયો. પોતાના મોતને ઉપજાવી કાઢી પૈસા કમાવવા રઘવાયા બનેલા દલપતે પછી નવું ષડયંત્ર કર્યું. અમીરગઢના વીરમપુર ખાતે ચોકીદાર કરતા રેવાભાઈ ઠાકોર ઉપર એની નજર ઠરી. રેવાભાઈની પત્નીને નોકરીએ રાખી દંપતિને ધનપુરાની હોટેલ લાવવામાં આવ્યું. એક દિવસ મોકો જોઈ રેવાભાઈને ચિક્કાર દારૂ પીવડાવી, તેનું કાસળ કાઢી તેની લાશ કારમાં મૂકી તેને સળગાવી દીધી હતી.

# આણંદ જિ.ભાજપ મહામંત્રીએ યુવકને ધમકી આપ્યા હોવાની એસપીને અરજી

**નડિયાદ**

બારૈયાની મુવાડીમાં રહેતા સંજયભાઈ પર્વતભાઈ સોઢાએ જિલ્લા પોલીસ વડાને આપેલી અરજીમાં જણાવ્યું હતું કે, તા.૨૦ ડિસેમ્બરે તે ખાત્રજ ચોકડીથી ડાકોર જઈ રહ્યા હતા. ત્યારે રાત્રે એક કાર પલટી મારી ગઈ હતી. જેમાં દારૂની બોટલો હતી અને તેમાં બેઠેલો એક શખ્સ દારૂ પીધેલી હાલતમાં હતો. તે સમયે યુવકે વીડિયો રેકોર્ડિંગ કર્યું હતું. તેમજ કારમાં સવાર એક યુવતીની મદદ કરી હતી.

બીજા દિવસે યુવતીના મિત્રએ યુવકને ફોન કરી જણાવ્યું હતું કે, જો તું આ વીડિયો વાયરલ કરીશ તો હું તને પરેશાન કરી નાખીશ અને મારા મિત્રને જો કાંઈ થશે તો હું આણંદ જિલ્લાનો ભાજપનો મહામંત્રી છું, તારી પાછળ પડી જઈશ તેવી ધમકી આપી હતી. આ અંગે યુવકે મહુધા પોલીસ મથકે અરજી કરી હતી. ત્યાંથી સામાવાળા સાથે બેસી સમાધાન કરવા દબાણ કરવામાં આવ્યું હોવાના અને જો સમાધાન નહીં કરો તો તમારી વિરૂદ્ધ પણ એફઆઈઆર નોંધી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાના આક્ષેપ સાથે સંજય સોઢાએ જિલ્લા પોલીસ વડાને અરજી કરી હતી. તેમજ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી માંગ કરી હતી.

# ખેડ સહકારી સંઘની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટ સામે પડનારા પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ જીત્યા

## કેસરીસિંહને 16 અને ભાજપના ઉમદવાર ભગવતસિંહ પરમારને 12 મત મળ્યા

**નડિયાદ**

ખેડા જિલ્લા સહકારી સંઘની કુલ ૧૩ બેઠકો માટે ચૂંટણીનું આયોજન કરાયું હતું. અગાઉ ૮ બેઠકો ભાજપે બિનહરીફ કરી લેતા બાકી રહેલી પાંચ બેઠકો માટે ગત શનિવારે ચૂંટણી યોજાઈ હતી. પાંચ બેઠકોનું મંગળવારે પરિણામ જાહેર થયું હતું. જેમાં નડિયાદ અને કપડવંજની બેઠકો ઉપર કોંગ્રેસના ઉમેદવારોની જીત થઈ હતી. જ્યારે મહુધા બેઠક પર ભાજપના ઉમેદવારની જીત થઈ હતી.

જ્યારે કઠલાલ બેઠક માટે ત્રણ ઉમેદવારો મેદાનમાં હતાં. જેમાં ગોપાલભાઈ રણછોડભાઈ સોલંકી અને સુરસિંહ ચેહરજી રાઠોડને ૧૫-૧૫ મતો મળ્યા હતા. જ્યારે કાંતાબેન શનાભાઈ સોઢાપરમારને ૩ મત મળ્યાં હતાં. જેથી કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ટાઈ થતાં નાની બાળકીના હાથે ચિટ્ઠી ઉછાળવામાં આવી હતી. જેમાં ગોપાલભાઈનું નામ ખૂલતા આ બેઠક ભાજપના ફાળે ગઈ હતી.

જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં બહુચર્ચિત માતર બેઠક પર સૌની નજર હતી. માતર ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીએ પક્ષમાંથી બળવો કરીને ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. સામેપક્ષે ભાજપે ભગવતસિંહ પરમારને મેદાને ઉતાર્યા હતા. ભાજપના અનેક પ્રયાસો છતાં કેસરીસિંહને ૧૬ અને ભગવતસિંહને ૧૨ મત મળતા ભાજપના ઉમેદવારની હાર થઈ હતી અને પક્ષમાં બળવો કરનારા કેસરીસિંહનો વિજય થયો હતો.

# એકબીજાની હદમાં ઘૂસી જવા મુદ્દે પાટણમાં કિન્નરો વચ્ચે લાકડી અને ધોકા સાથે મારપીટ

**પાટણ**

પાટણ જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેને લઈને લોકો પણ વિચારમુકાઈ ગયા છે. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેને લઈને આ યુઝર્સ ચોંકી ઉઠ્યા છે. ઘટનામાં કંઈક એવું છે કે કિન્નરો વચ્ચે અંદરોઅંદર બબાલ થઈ હતી. જેમાં રસ્તાની વચ્ચે મોટા પાયે બબાલ થઈ જેનો વીડિયો હાલ વાયરલ થયો છે.

આ મારામારીનો વીડિયો વાયરલ થયા બાદ લોકો ચોંકી ઉઠ્યા છે. વાગદોડથી રેચવી રોડ પરનો આ વીડિયો છે. જેમાં તમે જોઈ શકો છો, કે કેવી રીતે કિન્નરો એકબીજાને મારી રહ્યા છે. જેમાં લાકડી અને ધોકા સાથે કિન્નરો મારામારી કરી રહ્યા છે. આ મારામારીની ઘટનાને લઈને આસપાસના વિસ્તારમાં પણ હાલ ચર્ચા મચી જવા પામી છે.

મારામારીની ઘટનાના કારણ વિશે જો વાત કરીએ તો એવી માહિતી સામે આવી છે કે એકબીજાની હદમાં ઘૂસી જવાને લઈને કિન્નરો વચ્ચે આ મારામારી થઈ હતી. જોકે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ યુઝર્સ પણ આ વીડિયોને જોઈને હેરાન રહી ગયા છે. તો બીજી તરફ પાટણમાં આ મુદ્દો હાલ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. ઉલ્લેખનીય છે કે, પાટણના વાગદોડથી રેચવી રોડ પરનો આ વીડિયો છે. જેમાં જાહેરમાં રોડ પર કિન્નરો વચ્ચે લાકડી અને ધોકાથી થયેલી મારામારીને લઈને આ ઘટનાનો વીડિયો પણ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં એકબીજાની હદમાં ઘૂસી જવાને લઈને આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

# લુટેરી દુલ્હનના ગુનામાં ફરાર માતા - પુત્રી આણંદથી ઝડપાઈ

## મહિલાએ હિન્દુ નામો ધારણ કરી યુવકને લૂંટી લીધો હતો

**આણંદ**

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા ખાતે લુટેરી દુલ્હનનો એક ગુનો બન્યો હતો. જેમાં આણંદ શહેરના જુના દાદરની ગલી નજીક આવેલા સમીર જીમ ખાનાવાળી ચાલી ખાતે રહેતા યાસ્મીનબેન યાસીનભાઈ વ્હોરાએ જયશ્રીબેન અને તેમની પુત્રી મુસ્કાનબેન યાસીનભાઈ વ્હોરાએ પૂજાબેન નામ ધારણ કરી ગીર ગઢડાના યુવકને લગ્ન કરવાના બહાને ફસાવી યુવકને લૂંટી ફરાર થઈ ગયા હતા. જે અંગે ગીર ગઢડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન ગતરોજ આ ગુનામાં નાસતા ફરતા જયશ્રીબેન ઉર્ફે યાસ્મીન તથા તેની દીકરી મુસ્કાન ઉર્ફે પૂજા બંને આણંદ શહેરમાં પોતાના ઘરે આવ્યા હતા. ત્યારે આણંદ એલસીબીએ તપાસ કરતા માતા અને પુત્રી બંને મળી આવ્યા હતા. બંનેની પૂછપરછ કરતા તેઓ લુટેરી દુલ્હનના ગુનામાં નાસતા ફરતા હોવાનું ખૂલતા બંનેની અટકાયત કરી ગઢડા પોલીસના હવાલે કરવાની કામગીરી હાથ ધરી હતી.

# 'પાટીદાર આંદોલન'એ આનંદીબેન પટેલને ઉઠલાવવનું જ કાવતરુ હતું : કરસન પટેલ

**પાટણ**

પાટણમાં બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળ દ્વારા રવિવારે ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિ અને નિરમા કંપની માલિક કરસન પટેલે કહ્યું હતું કે પાટીદાર અનામત આંદોલન આનંદીબેન પટેલને હટાવવાનું કાવતરું હતું. રવિવારે પાટલ બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ દ્વારા ખોડાભા હોલ ખાતે તેજસ્વી તારલાનું સન્માન અને ઈનામ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લેઉવા પાટીદાર સમાજના આગેવનો તથા જાણીતા ઉદ્યોગપતિ અને નિરમા કંપનીના માલિક કરસનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઈનામ વિતરણ કાર્યક્રમ બાદ તેમણે સ્ટોફક નિવેદન આપતાં કહ્યું હતુ કે પાટીદાર અનામત આંદોલન આનંદીબેન પટેલને મુખ્યમંત્રી પદેથી હટાવવાનું કાવતરું હતું. સમાજની દીકરીને મુખ્યમંત્રી પદેથી દૂર કરી અને આંદોલન કરનારાઓએ રાજકીય રોટલા શેક્યા છે. પાટીદાર સમાજ એટલે ખેડૂત અને ખેડૂત કોઈ દિવસ હાથ લંબાવે નહી, તે હંમેશા કંઈ ને કંઈ આપે. આપણા ત્યાં આંદોલન થયું તે આંદોલન કરનારા પાટીદાર જ હતા. આંદોલનમાં કશું મળ્યું નહી, આપણા પાટીદાર યુવાનોએ શહીદી વ્હોરી. ખરેખર આ આંદોલન હતું કે પછી કોઈને કાઢવા માટેનું કાવતરું હતું, કારણ કે પટેલો પટેલોને જ કાઢે એ શક્ય નથી. આ એક સંશોધનનો વિષય છે.

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન,
ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-9924634078
www.shivshraddhaastrologer.com

# માફી માંગુ તો ડાયરા મૂકી દઈશ, બ્રિજરાજ ગઢવીના કટાક્ષ પર દેવાયત ખવડનો પ્રહાર

**જૂનાગઢ**

ગુજરાતમાં લોકસાહિત્ય કલાકાર દેવાયત ખવડ અને જાણીતા કલાકાર બ્રિજરાજ દાન ગઢવી વચ્ચે જૂનો વિવાદ હતો તે ફરી શરુ થયો છે. અગાઉ બંને વચ્ચેનું વાક યુદ્ધ વધતાં સમાજ દ્વારા બંને કલાકારોનું મઢડા સોનબાઈ મંદિર ખાતે સમાધાન કરાવવામાં આવ્યું હતું. વીડિયોમાં બંનેએ ઉલ્લેખ પણ કર્યો હતો કે, કાઠી અને ચારણો આદિકાળથી સાથે છે. બંનેએ મન દુઃખ પૂર્ણ થયાનું જાહેર કર્યું હતું. જોકે, હવે ફરી એકવાર દેવાયત ખવડ અને બ્રિજરાજ દાન ગઢવી વચ્ચે વાક યુદ્ધ શરુ થયું છે. જેમાં દેવાયત ખવડે વળતો પ્રહાર કરતાં કહ્યું કે, ‘હવે માફી માંગુ તો હું ડાયરા મૂકી દઈશ.’

પહેલી જાન્યુઆરીના દિવસે બ્રિજરાજ દાન ગઢવીના ડાયરાનું આયોજન હતું. જેમાં તેઓએ દેવાયત ખવડનું નામ લીધા વિના કટાક્ષ કરતાં કહ્યું હતું કે, ‘સાગર હમણાં કહેતો હતો કે, 2025થી હવે શાંતિ છે અને હવે વાંધો નહીં આવે.’ જેને દેવાયત ખવડ પર કટાક્ષ તરીકે લેવામાં આવ્યું હતું. કારણકે, દેવાયત ખવડે 2022માં કહ્યું હતું કે, 2025થી હું સિલેક્ટેડ ડાયરા કરીશ. ત્યારબાદ હવે બ્રિજરાજ દાન ગઢવીને દેવાયત ખવડે વળતો જવાબ આપ્યો છે. દેવાયત ખવડે પોતાના ડાયરામાં પ્રહાર કરતાં કહ્યું કે, ‘2022માં મેં નિવેદન આપ્યું હતું કે, 2025માં હું સિલેક્ટેડ ડાયરા કરીશ. આ ઘા સહન નથી થતાં યાર. તમે મને પૈસા આપ્યા છે કલાકાર તરીકે, તમે મને ડાયલોગબાજી તો કરવા બોલાવ્યો નથી. સોનબાઈ માતાના મંદિરમાં સમાધાન થઈ ગયા પછી પણ બોલ્યા, એમને તો માનો મલાજો રાખતા પણ ન આવડ્યું, ખાલી માની શરમ તો ભરી હોત. હું તો માના મંદિરમાં ઊભો હતો એટલે માફી માંગી હતી. અને જો હવે માફી માંગુ તો હું ડાયરા મૂકી દઈશ. હવે કોઈ મારી જોડે માફી મંગાવી દે તો તે દિવસથી ડાયરા મૂકી દઈશ.’ આ સિવાય દેવાયત ખવડે ઉમેર્યું કે, ‘ઘણાં મને કહે છે કે, મૌન રહેવું. ત્યારે હું કહું છું કે, મૌન રહીને ડાયરા મૂકવા કરતાં મને લડીને ડાયરા મૂકવા દો. હવે હું વટથી કહું છું કે, શ્વાસ ચાલે ત્યાં સુધી લડવું છે.

# પાટણમાં હાઈટેક ટોળકીએ ૧૪ સ્થળોએ છેતરપિંડી આચરતા ધરપકડ કરાઈ

**પાટણ**

પાટણમાં હાઈટેક ટોળકીએ ૧૩ વેપારીઓ સાથે ૧૪ સ્થળોએ છેતરપિંડી આચરતા પોલીસે મહાઠગ અલ્પેશજી ઠાકોર અને નીરજ ચૌધરીની ધરપકડ કરી છે. જેમાં લાલજી સેંધાજી ઠાકોર નામનો આરોપી હજુ પોલીસ પકડથી દૂર છે. મોબાઈલ એપની મદદથી બતાવતા રૂપિયા જમા થયાનો મેસેજ આવતો બાદમાં બેંકમાંથી આવે તેવો જ મેસેજ દુકાનદારોને ઠગો મોકલતા હતા. ચોંકાવનારૂ છે કે માત્ર અઢી માસમાં ૧૪ સ્થળોએ ઠગોએ છેતરપિંડી આચરી હતી. જેમાં સિદ્ધપુરના દુર્ગા જ્વેલર્સ સાથે રૂપિયા ૩૮૦૦૦ની છેતરપિંડી આચરી હતી. પાટણ, મહેસાણા અને સાબરકાંઠા જીલ્લામાં ઠગોએ તરખાટ મચાવ્યો હતો. પોલીસે ફરિયાદના આધારે મહાઠગ અલ્પેશજી ઠાકોર અને નીરજ ચૌધરીની ધરપકડ કરી છે. લાલાજી સેંધાજી ઠાકોર નામનો આરોપી હજુ પોલીસ પકડથી દૂર છે. પોલીસ આ દિશામાં લાલજી ઠાકોરને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરથી પતિ, પત્ની તેમજ પુત્રીનું અપહરણ કરી MP જતા 5ની ધરપકડ

## જરોદ રેફરલ ચોકડી પાસે પોલીસે સફેદ બોલેરોને રોકી મહિલા સહિત પાંચેયને ઝડપી 3ને છોડાવ્યા

**જરોદ**

જામનગર જિલ્લાના કાલાવાડ તાલુકાની એક વાડીમાંથી પતિ અને પત્ની તેમજ પુત્રીનું અપહરણ કરી મધ્યપ્રદેશ લઈ જતી ગેંગના પાંચ સભ્યોને જરોદ પાસેથી પોલીસે ઝડપી પાડયા હતાં.

આ અંગેની વિગત એવી છે કે કાલાવાડ તાલુકાના ધુનધોરાજી ગામની સીમમાં મૂળ મધ્યપ્રદેશનો પરિવાર ભાડે રાખેલી વાડીમાં ઊંઘતો હતો ત્યારે વિક્રમ રામસિંગ દેસાઇ (રહે.અડવાળાગામ તા.આંબવા, જિલ્લો અલીરાજપુર) તેના સાગરીતો સાથે આવ્યો હતો અને કૈલાસભાઇ સુપડુભાઇ સોલંકી તેની પત્ની ઉષાબેન તેમજ પુત્રી નિશાને ધમકી આપી સફેદ કલરની બોલેરો ગાડીમાં અપહરણ કરીને ભાગી ગયા હતાં.

અપરહણ થયેલ કૈલાસભાઇનો સાળો દિનેશ વિક્રમની બહેન જીગલીને ભગાડી ગયો હતો તેની અદાવત રાખી ત્રણેનું અપહરણ કરનારાઓ વાસદથી આગળ નીકળ્યા છે તેવી માહિતી જરોદ પોલીસને મળતાં રેફરલ ચોકડી પાસે પોલીસે વોચ ગોઠવી હતી અને માહિતી મુજબની સફેદ રંગની બોલેરો આવતાં તેને ઊભી રાખી તપાસ કરતાં અંદર ચાર મહિલાઓ તેમજ પાંચ પુરુષો બેઠા હતાં. તેઓની પૂછપરછ કરતાં અપહરણ થનાર એક મહિલાએ બૂમો પાડતાં પોલીસને શંકા ગઇ હતી અને તમામને પોલીસ સ્ટેશન લાવી પૂછપરછ હાથ ધરતાં કાલાવાડથી અપહરણ કરીને મધ્યપ્રદેશ લઈ જનારા જ હોવાનું ફલિત થયું હતું. પોલીસે આરોપીઓ વિક્રમ રામસિંગ દેસાઇ, શમશેર પારમસિંગ માવી, ગુડ્ડુ કાદી માવી, ગનુ રંગસિંગ માવી તેમજ તમામને સાથે લઇને આવેલી મહિલા ગીતા રાહુલ ઠાકરે (રહે.જયગુન, તા.પાનસમય, જિલ્લો બડવાની, મધ્યપ્રદેશ)ને ઝડપી પાડી પતિ અને પત્ની તેમજ પુત્રીને છોડાવ્યા હતાં.

Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

| Brampton (West) | Scarborough | we are back to Great Punjab |
| --- | --- | --- |
| 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM | 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM | 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM |

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# 200 કરોડની જમીનનો વિવાદ : MLA ટીલાળા સામે બહેનના આક્ષેપ

## પોલીસે પણ આપ્યો માનસિક ત્રાસ, ખોટી સહીઓ કરી હોવાનો આરોપ, દોઢ કરોડ લઈને ચૂપ રહેવા ધમકી આપી હોવાની ફરિયાદ

શાપર

શાપરમાં આવેલી 200 કરોડની જમીન રાજકોટ ભાજપના ધારાસભ્ય રમેશ ટીલાળા અને તેના મોટાભાઈ મગનભાઈ સહિતનાઓ હડપ કરવા માગતા હોવાનો આક્ષેપ ખુદ તેમના જ બહેન દયાબેન ઉધાડે કર્યો છે. જેને કારણે ગઈકાલે શાપર પોલીસે પોતાને કોઈપણ ગુના વગર કલાકો સુધી બેસાડી રાખ્યાનો પણ આક્ષેપ કર્યો છે. જોકે પોલીસે આ આક્ષેપોને નકારી કાઢ્યા છે.

ધારાસભ્ય ટીલાળાના ભાણેજ ચેતનભાઈ ઉધાડે જણાવ્યું કે શાપરમાં આશરે 200 કરોડ રૂપિયાની વડીલોપાર્જીત જમીન છે. જે જમીન અંગે કોર્ટમાં કેસ ચાલે છે. આ જમીન હડપ કરવા તેના મામા રમેશભાઈ ટીલાળા,



મોટા મામા મગનભાઈ અને તેનો પુત્ર પ્રકાશ સહિતનાઓ પ્રયાસો કરી રહ્યા છે. એટલું જ નહીં આ માટે તેની માતા દયાબેન અને માસી કિરણબેન સુદાણીની ખોટી સહિઓ પણ કરવામાં આવ્યાનો આક્ષેપ કર્યો હતો જો કે આ બોગસ સહીઓ કોણે કરી તે વિશે અજાણ હોવાનું કહ્યું હતું. સાથોસાથ ઉમેર્યું કે ગઈકાલે તેના માતા દયાબેન તે જમીન ખાતે શાપર ગયા હતા ત્યારે તેના મોટા મામા મગનભાઈ પણ ત્યાં પહોંચી ગયા હતા. જેણે તેની માતાને ગાળો દઈ કહ્યું હતું કે તમારી આ જગ્યા નથી, ભીખ માંગવી હોય તો રોડ ઉપર જતા રહો, તમે આ જમીનમાંથી નીકળી જાવ, અહીં ભીખ મળશે નહીં. ત્યાર પછી શાપર પોલીસને જાણ કરી હતી. જેથી તેનો સ્ટાફ આવી તેની માતા દયાબેનને પોલીસ સ્ટેશને લઈ ગયો હતો. જયાં સવારે 10.30 વાગ્યાથી રાત્રે નવેક વાગ્યા સુધી કોઈપણ ગુના વગર બેસાડી રાખ્યા હતા.

વધુમાં ચેતનભાઈએ આક્ષેપ કર્યો હતો કે શાપર પોલીસ તેના મામા રમેશભાઈ કહે એટલું જ કરે છે, અમારી કોઈ ફરિયાદો નોંધતી નથી. ગઈકાલે રાત્રે શાપર પોલીસ મથકમાં હાજર પોલીસમેનોએ તેની માતા દયાબેનને સામાવાળા જયાં કહે ત્યાં સહી કરી દેવા અને દોઢ કરોડ લઈ લેવા ધમકાવ્યા હતા.

આ આક્ષેપો અંગે ધારાસભ્ય ટીલાળાનો સંપર્ક થઈ શકયો ન હતો. જયારે શાપરના પીઆઈ રાણાએ જણાવ્યું કે પ્રકાશભાઈએ પોલીસને કોલ કરતાં પોલીસ ત્યાં ગઈ હતી. બંને પક્ષોના નિવેદનો સહિતની કાર્યવાહી કર્યા બાદ દયાબેનને બપોરે પોણા બે વાગ્યા આસપાસ જ છુટા કરાયા હતા. પરંતુ તેઓ પોતાની રીતે પોલીસ મથકના કંપાઉન્ડમાં બેસી રહ્યા હતા ! કોલ કરનાર પક્ષે દયાબેને નુકસાની કર્યાનો પણ આક્ષેપ કર્યો હતો. જોકે આ અંગે ફરિયાદ નોંધાવવાનો ઈન્કાર કર્યો હતો.

# અમરેલી લેટરકાંડ : પાયલ ગોટીએ બે દિવસ બાદ ન્યાયની માગ કરી

અમરેલી

અમરેલીના બહુ ચર્ચિત લેટરકાંડ કેસમાં ધરપકડ કરાયેલી પાટીદાર દીકરી પાયલ ગોટીને 3 જાન્યુઆરીના રોજ જામીન મળ્યા બાદ જેલમુક્ત કરાઈ હતી. જેલ બહાર આવતાની સાથે જ પાયલે 'સત્યમેવ જયતે' કહ્યું હતું. જેલમુક્ત થયા બાદ આજે રવિવારે સૌપ્રથમ વખત પાયલ ગોટીએ તેમના વતન વીઠલપુરના નિવાસસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં પાયલે લેટરકાંડ મામલે FSL તપાસ કરવાની માગ કરી અને પોલીસ પર આક્ષેપ કર્યા હતા. અમરેલીમાં લેટરકાંડ કેસમાં જેલમુક્ત થયા બાદ સૌપ્રથમ વખત પાટીદાર દીકરી પાયલ ગોટીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'કૌશિક વેકરિયા, સીએમને કહેવા માગુ છું કે સમાજની દીકરીની આવી રીતે ઈજ્જત ન ઉછાળાય, હું ન્યાય ઈચ્છુ છું. લેટરકાંડમાં પત્રની FSL તપાસ કરવામાં આવે. મે કોઈ ગુનો નથી કર્યો, પરંતુ પોલીસે મને માર માર્યો હતો અને જાહેરમાં મારુ અપમાન થયું છે.' જેલવાસ દરમિયાન પાયલના પરિવાર સાથે અડીખમ ઉભા રહેનારા તમામ સમાજના આગેવાનો અને લોકોનો તેમણે આભાર માન્યો હતો.

# વઢવાણ-સુરેન્દ્રનગર મહાનગરપાલિકા નામ ન રાખવામાં આવે તો આંદોલનની ચિમકી

## વઢવાણ ઐતિહાસિક વારસો ધરાવતું હોવાથી નામમાં સમાવેશ થવો જરૂરી

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર સંયુક્ત નગરપાલિકાને સરકાર દ્વારા મહાનગરપાલિકા જાહેર કર્યા બાદ 'સુરેન્દ્રનગર મહાનગરપાલિકા' નામ રાખવામાં આવ્યું છે. પરંતુ નામમાં વઢવાણના નામનો સમાવેશ કરવામાં ન આવતા વઢવાણવાસીઓમાં નારાજગી જોવા મળી રહી છે. અસ્મિતા મંચ દ્વારા આ મામલે અધિક કલેકટરને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. જેમાં સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના નામમાં ફેરફાર કરી વઢવાણ-સુરેન્દ્રનગર મહાનગરપાલિકા નામ રાખવામાં આવે તેવી માંગ કરાઈ હતી. આગેવાનોએ આ તકે જણાવ્યું



હતું કે વઢવાણ પ્રાચીન નગરી છે અને અંદાજે ૨૫૦૦ વર્ષ જુનો ઐતિહાસીક વારસો ધરાવે છે. વઢવાણ ખાતે સતી રાણકદેવીનું મંદિર, હવા મહેલ, રાજમહેલ, વગેરે પ્રાચીન સ્થાનકો આવેલા છે. આ મામલે કોઈ ઉકેલ નહીં આવે તો રેલી, ધરણા, ગામ બંધની પણ ચિમકી ઉચ્ચારી હતી.

# ભુજ પાસે બોરવેલમાં ખાબકેલી ઈન્દ્રાનું મોત આપઘાત કે હત્યા? તપાસમાં ખુલશે સસ્પેન્સ

ભુજ

કંઢેરાઈ ગામે 540 ફૂટ ઉંડા બોરવેલમાં યુવતી પડી જવાના કેસમાં 32 કલાક પછી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. બીજી તરફ બોરવેલ ઢાંકેલો હતો. તો પછી 22 વર્ષની યુવતી અંદર કઇ રીતે પડી તે મોટો સવાલ ખડો થયો છે.

રાજસ્થાનના પ્રતાપગઢની અને છેલ્લા છથી આઠ વર્ષથી પિતરાઈ ભાઈ લાલજીભાઈ સાથે ભુજ તાલુકાના કંઢેરાઈ ગામે વાડીમાં રહેતી 22 વર્ષીય ઈન્દ્રા કાનજીભાઈ મીણા નામની યુવતી મંગળવારે સવારે સવા પાંચ વાગ્યા અરસામાં તેની ભત્રીજી વસુંધરા સાથે બાથરૂમ કરવા ગઈ હતી. ત્યાંથી પરત આવીને વસુંધરાને કહ્યું હું બાથરૂમ કરી આવું તેવું કહીને નીકળી હતી. ત્યારબાદ તિતરાઈ ભાઈ લાલજીભાઈએ પુત્રીને પ્રશ્ન કર્યો હતો કે ઈન્દ્રા ક્યાં છે. ત્યાં તેમના ઘરની નજીકના બોરવેલમાંથી ઈન્દ્રાનો બચાવ બચાવનો અવાજ સંભળાયો હતો. બીજી તરફ વાડી માલિકના જણાવ્યા પ્રમાણે અને પોલીસની પ્રાથમિક તપાસમાં બોરવેલ પતરાના તગારા ઉપર પથ્થરાઓ અને ઝાડી ઝાંખરાથી ઢાંકેલો હતો. તો અને 12 સેન્ટી મીટરના ત્રિજ્યાના મોઢું અને 540 ફુટ ઉડા બોરવેલમાં યુવતી કઇ રીતે પડી ઈન્દ્રાના પિતરાઈ ભાઈએ પોલીસ નિવેદનમાં જણાવ્યું હતું કે ઈન્દ્રાની ડુંગરપરના યુવક સાથે 6 માસ પહેલા સગાઈ થઈ છે. અને રાત્રે ઈન્દ્રાએ તેના ભાવિ પતિ સાથે વાત કરી છે.

ત્યારે ઈન્દ્રા અને તેના ભાવિ પતિ સાથે વાતચીત બાદ ઈન્દ્રાને મનપર લાગી આવ્યું હોય અને વહેલી સવારે બોરમાં પડતું મુકીને આપઘાતનું પગલું ભરી લીધું હોવાની શક્યતા સેવાઈ રહી છે.

# મોરબી દુર્ઘટના : સુપ્રીમ કોર્ટે પીડિતોની ફેર અરજી ફાઈલ કરવા મંજૂરી આપી

મોરબી

મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનામાં 135 નિર્દોષ લોકોના મોતના ચકચારભર્યા કેસમાં સીબીઆઈ તપાસ કરાવવા અને સમગ્ર કેસમાં આરોપીઓ સામે કલમ-302 લાગુ પાડવા દાદ માંગતી કેસના પીડિતો દ્વારા આખરે સુપ્રીમ કોર્ટમાં સ્પેશ્યલ લિવ પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટે પીડિતોની દાદ ગ્રાહ્ય નહોતી રાખી તે હુકમને પડકારવામાં આવ્યો હતો. આ એસએલપીની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને જસ્ટિસ રાજેશ બીંદલની ખંડપીઠે અરજદાર પીડિતોને બંધારણની કલમ-32 હેઠળ નવેસરથી અરજી ફાઈલ કરવા મંજૂરી આપી હતી.

સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, આ અરજીની સુનાવણી વખતે હાઈકોર્ટના અગાઉના ચુકાદાનો કોઈ બાધ કે પ્રભાવ રહેશે નહીં. વકીલોએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસમાં સીબીઆઈને તપાસ સોંપવા અને કલમ-302નો ઉમેરો કરવા દાદ માંગતી સંબંધિત પીડિત દ્વારા કરાયેલી અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે, તે હુકમ અયોગ્ય અને ગેરકાયદે છે કારણ કે, પ્રસ્તુત કેસમાં પોલીસ દ્વારા તપાસમાં ગંભીર ખામી અને ચૂક દાખવાઈ છે.

# હેલિકોપ્ટર ક્રેશ: કોસ્ટગાર્ડના ૩ જવાનોને પોરબંદરમાં અપાયું ગાર્ડ ઓફ ઓનર

પોરબંદર

પોરબંદરના એરપોર્ટ પર રવિવારે બપોરે લેન્ડીંગ કરી રહેલ ભારતીય કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર ક્રેશ થતા ત્રણ જવાનોના મોત થયા હતા. તેના મૃતદેહની પોસ્ટમોર્ટમની કાર્યવાહી જામનગર થયા બાદ પોરબંદર કોસ્ટગાર્ડના એરએન્કલેવ ખાતે તેમના પાથવ દેહ લવાતા ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. અને ત્યારબાદ અંતિમ વિધિ માટે એરક્રાફ્ટ મારફતે તેમના વતન મોકલી આપવામાં આવ્યા છે. પોરબંદર કોસ્ટગાર્ડનું એડવાન્સ લાઈટ હેલીકોપ્ટર રૂટીન ટ્રેનીંગ શોર્ટી કરીને પોરબંદરના એરપોર્ટના રનવે ઉપર પરત ફર્યુ ત્યારે લેન્ડીંગ વખતે કોઈ ક્ષતિના કારણે આ હેલીકોપ્ટર ક્રેશ થયું હતું. જેમાં કોસ્ટગાર્ડના ત્રણ જવાનોના મોત નિપજ્યા હતા.

# વિંછીયામાં પોલીસ ઉપર પથ્થરમારો થતાં લાઠીચાર્જ, ટીયરગેસ છોડાયો

## આરોપીને રિકન્સ્ટ્રક્શન માટે લઈ જતી વેળા બબાલ

જસદણ

વિંછીયા તાલુકાનાં થોરિયાળી ગામે થોડા દિવસ પહેલા લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ કરનાર યુવાનની હત્યા કરી નાખવામાં આવી હતી. જે મામલે આઠ શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાંથી છ આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી અને બુધવારે બપોરે તેઓને ઘટના સ્થળ પર રીકન્સ્ટ્રક્શન માટે લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા અને આરોપીઓની જાહેરમાં સરભરા કરીને સરઘસ કાઢવાની માંગણી કરી હતી. પરંતુ પોલીસે ઈન્કાર કરતા જતા ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. એકાએક પોલીસ પર પથ્થરમારો કરાતા માહોલ તંગ બની ગયો હતો અને સ્થિતિને કાબુમાં લેવા માટે ૩૦૦૦થી વધુ લોકોનાં ટોળાને વિખેરવા પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી તેમજ ૨૦ જેટલા ટીયર ગેસના સેલ પણ છોડાયા હતા. આ ઘટનામાં પાંચ પોલીસ કર્મીઓને પણ નાની-મોટી ઈજા પહોંચી હતી.

# રાજકોટાં સાળાને છરીના ઘા ઝીંકી હત્યા કરનાર કૌટુંબિક બનેવીને આજીવન કેદની સજા

રાજકોય

૨૦૨૧માં મોરબી રોડ પર જય જવાન જય કિસાન સોસાયટી પાસે ૨૫ વારીયામાં રહેતા આરોપી મહેશ સદાદીયાના ઘરે તેનો કૌટુંબીક સાળા ભાવેશ ચનીયારા (ઉ.વ.૨૨) રહેતો હતો. જે મહેશને ગમતું ન હોવાથી બંને વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. ગઈ તા. ૨૧-૧-૨૧નાં મહેશે ભાવેશ સાથે ઝઘડો કરી છરીના ઘા ઝીંકી દેતા ભાવેશનું મૃત્યુ નિપજ્યું હતું. આ અંગે મૃતક ભાવેશના ભાઈ વિપુલે મહેશ સદાદીયા સામે ફરિયાદ નોંધાવતા બી ડીવીઝન પોલીસે હત્યાની કલમો હેઠળ ગુનો દાખલ કરી ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો. આ કેસ ચાલી જતાં ન્યાયાધીશ વી.કે. ભટ્ટે આરોપી મહેશને તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજાનો હુકમ કર્યો હતો.

સ્વદેશ
09
FRIDAY, 10 JANUARY, 2025



## રણબીરના કારના કાફલામાં 3 કરોડની નવી મર્સિડિઝનો ઉમેરો

મુંબઇ : રણબીર કપૂરે આશરે ત્રણ કરોડની કિંમતની મનાતી નવી લાલ મર્સિડિઝ ખરીદી છે. તે મર્સિડિઝ બેન્ઝ એએમજી એસએલપપમાં જોવા મળ્યો હતો. પાપારાઝીઓએ તેનો પીછો કર્યો ત્યારે તેણે હાથ હલાવીને તેમનું અભિવાદન કર્યું હતું. રણબીરની આ કારનું રજિસ્ટ્રેશન ગત ૨૭મી ડિસેમ્બરે થયું છે. રણબીરે ૨૦૨૪માં આ ત્રીજી વૈભવી કાર ખરીદી છે. હજુ ગત જુનમાં તેણે અઢી કરોડની લેક્સસ કાર ખરીદી હતી. તે પહેલાં ગત એપ્રિલમાં તેણે આઠ કરોડની બેન્ટલી કાર ખરીદી હતી.

## આશિકી-3 અંગે અનિશ્ચિતતા, તૃપ્તિ ડિમરીએ ફિલ્મ છોડી



મુંબઇ : કાર્તિક આર્યનની ‘આશિકી થ્રી’ અંગે અનિશ્ચિતતાનાં વાદળો સર્જાયાં છે. તૃપ્તિ ડિમરીએ પણ આ અનિશ્ચિતતાના કારણે ફિલ્મ છોડી દીધી છે. જ્યારે કાર્તિક આર્યન પણ અન્ય ફિલ્મોમાં વ્યસ્ત થઈ ગયો છે. આ ફિલ્મની ફ્રેન્ચાઈઝી બાબતે કાનૂની વિવાદ શરુ થયો હતો. કાર્તિક આર્યને પોતે ‘આશિકી થ્રી’માં કામ કરી રહ્યો હોવાની એકપક્ષી જાહેરાત કરી દીધી હતી. આ ફિલ્મમાં ટી સીરિઝ સહ નિર્માતા હોવાનું જણાવાયું હતું. જોકે, બાદમાં ફ્રેન્ચાઈઝીના મૂળ માલિક મુકેશ ભટ્ટે જાહેર નોટિસ દ્વારા જણાવ્યું હતું કે પોતે ‘આશિકી’ ફ્રેન્ચાઈઝીના હક્કો કોઈને વેચ્યા જ નથી. ફિલ્મના કાસ્ટિંગ અંગે અટકળો શરુ થઈ હતી. તૃપ્તિ ડિમરી હિરોઈન બનશે તેવી વાતો હતી. પરંતુ, ‘આશિકી’ની પાછલી બે ફ્રેન્ચાઈઝીની જેમ આ વખતે પણ સર્જકો પ્રમાણમાં ફ્રેશ હોય તેવી અભિનેત્રીને શોધતા હતા. જોકે, ત્યાં સુધીમાં તો તૃપ્તિ ‘એનિમલ’ સહિતની ફિલ્મોના કારણે બહુ જાણીતી બની ચૂકી હતી. હવે કાર્તિક આર્યન પણ અનુરાગ બસુની રોમાન્ટિક ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે. તે પછી તે કરણ જોહરની ફિલ્મનું શૂટિંગ ચાલુ કરવાનો છે. આ સંજોગોમાં હજુ કેટલાક સમય સુધી ‘આશિકી થ્રી’ આગળ વધશે કે કેમ તે અનિશ્ચિત બની ગયું છે.

## ફિલ્મ મેકર પ્રીતિશ નંદીનું 73 વર્ષની વયે નિધન



જાણીતા ફિલ્મ નિર્માતા, કવિ અને લેખક પ્રીતિશ નંદીનું નિધન થયું છે. તેમણે 73 વર્ષની વયે મુંબઈમાં અંતિમ શ્વાસ લીધા. ફિલ્મ મેકરના નિધનની માહિતી તેમના પુત્ર કુશન નંદીએ આપી છે. ફિલ્મી હસ્તીઓ અને તેમના ફેન્સ દુઃખ વ્યક્ત કરી રહ્યા છે. નોંધનીય છે કે, પ્રિતીશ નંદીને વર્ષ 1977 માં ભારતીય સાહિત્યમાં યોગદાન આપવા બદલ પદ્મ શ્રી પુરસ્કાર એનાયત કરાયો હતો.

પ્રખ્યાત લેખક પ્રીતિશ નંદીએ રાજ્યસભામાં મહારાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓ શિવસેનાની ટિકિટ પર ચૂંટાયા હતા. તેઓ છ વર્ષ સુધી સંસદના સભ્ય હતા અને સ્વતંત્રતાના 50 વર્ષની ઉજવણી કરવા માટેની રાષ્ટ્રીય સમિતિ, સંરક્ષણ માટેની સંસદીય સમિતિ, સંચાર માટેની સંસદીય સમિતિ, વિદેશી બાબતોની સંસદીય સમિતિ સહિત અનેક સમિતિઓના સભ્ય પણ હતા. નંદીએ માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સ્થાપિત ભારતના આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલના અપગ્રેડેશન માટેની નિષ્ણાત સમિતિનું નેતૃત્વ કર્યું અને 2011 માં માહિતી અને પ્રસારણ મંત્રાલયને પોતાના તારણો સોંપ્યા.

## ટીવી એક્ટ્રેસ ચાહત ખન્નાનું ઈન્સ્ટા હેક 25 લાખ ફોલોઅર્સ ગુમાવ્યા



મુંબઈઃ જાણીતી ટીવી એક્ટ્રેસ ચાહત ખન્નાનું ઈન્સ્ટા એકાઉન્ટ હેક થઈ ગયું હતું. તેની ટીમે અથાગ પ્રયાસ બાદ આ એકાઉન્ટ રિકવર કર્યું હતું. પરંતુ, આ દરમિયાન તેના પચ્ચીસ લાખ ફોલોઅર્સ ગાયબ થઈ ગયા છે. ચાહકે કહ્યું હતું કે તેનું એકાઉન્ટ હેક થઈ જતાં તેને ભારે આઘાત લાગ્યો હતો. તેણે તમામ સિક્યોરિટી પ્રોટોકોલ્સનું પાલન કર્યું હતું તેમ છતાં પણ હેકર્સએ તેના એકાઉન્ટની એક્સેસ મેળવી લીધી હતી. તેની ટીમે મેટા કંપની સાથે ફોલો અપ કર્યું હતું. તેના કારણે તેને એકાઉન્ટ તો પાછું મળી ગયું છે પરંતુ તેના પચ્ચીસ લાખ ફોલોઅર્સ ગાયબ થઈ ગયા છે. ચાહત સાથે બીજીવાર સાયબર ક્રાઈમની ઘટના બની છે. અગાઉ પણ તેના એક પરિચિતે જ તેનું ઈન્સ્ટા એકાઉન્ટ હેક કરી લીધું હતું. તે વ્યક્તિ સાથે સામાન્ય તકરાર થયા બાદ તેણે બદલો વાળવા માટે ચાહતનું સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક કરી લીધું હતું તે વખતે ચાહતે પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી.



## કિયારા અડવાણી વધુ એક હોરર કોમેડી શક્તિ શાલિનીમાં દેખાશે

મુંબઈ : કિયારા અડવાણી વધુ એક હોરર કોમેડી ફિલ્મ ‘શક્તિ શાલિની’માં મહત્વની ભૂમિકા ભજવશે. ‘સ્ત્રી’ ફ્રેન્ચાઈઝીના સર્જકો આ ફિલ્મ બનાવી રહ્યા છે. આ ફિલ્મ આ વર્ષના અંતે રીલિઝ થવાની છે. ભારતીય લોકકથાઓથી પ્રેરિત આ પ્રોજેક્ટનું દિગ્દર્શન અજીતપાલ સિંહ કરવાનો છે. શક્તિ શાલીની મેડોક ફિલ્મસની પાંચમી સ્ટેન્ડએલોન ફિલ્મ બનશે. એક રિપોર્ટના અનુસાર, ફિલ્મનું પ્રોડકશન એપ્રિલ-મેમાં શરૂ કરવામાં આવશે. ફિલ્મની વાર્તા લોકકથાઓથી પ્રેરિત હશે અને તેમાં હોરર અને હાસ્યનું મિશ્રણ સમાવવામાં આવશે. કિયારા અગાઉ હોરર કોમેડી ‘ભૂલભૂલૈયા ટૂ’માં કામ કરી ચૂકી છે.

## 2025માં ઘણાં સ્ટાર કિડ્સ સહિત નવા હીરો-હીરોઈન ડેબ્યૂ કરશે, સૈફનો દીકરો અને અજયનો ભત્રીજો પણ સામેલ

આ વર્ષે ઘણા સ્ટાર્સ કિડ્સ બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે, જેમાં રાશા થડાણીથી લઈને ઈબ્રાહિમ અલી ખાન, રાશા થડાણી જેવા સ્ટાર્સ સામેલ છે. રવિના ટંડનની પુત્રી ફિલ્મ આઝાદથી બોલિવૂડની દુનિયામાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. રાશાએ ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાંથી અભ્યાસ કર્યો છે. અહાન પાંડે મોહિત સૂરીની ફિલ્મથી ડેબ્યૂ કરશે. અહાને મુંબઈની ઓબેરોય સ્કૂલમાં અભ્યાસ કર્યો છે. તેણે બે ફિલ્મોમાં આસિસટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું છે. શનાયા કપૂર પણ આ વર્ષે બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. વર્ષ 2025માં બોક્સ ઓફિસ પર તેની ફિલ્મ વૃષભા અને આંખો કી ગુસ્તાખિયાં રિલીઝ થવાની છે. શનાયાએ એક્ટિંગની ટ્રેનિંગ લીધી છે. શનાયા તેની પ્રથમ ફિલ્મમાં લક્ષ્ય લાલવાણી અને ગુરફતેહ પીરઝાદા સાથે કામ કરવા જઈ રહી છે. અજય દેવગણનો ભત્રીજો અમાન દેવગણ પણ રાશા સાથે ફિલ્મ આઝાદમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. અમને નેબ્રાસ્કા યુનિવર્સિટીમાંથી કમ્પ્યૂટર સાયન્સમાં માસ્ટર ડિગ્રી અને મિશિગન યુનિવર્સિટીની રોસ સ્કૂલ ઓફ બિઝનેસમાંથી એમબીએ કર્યું છે.

સ્કાય ફોર્સથી ડેબ્યૂ કરી રહેલા વીર પહાડિયાએ પણ ધીરુભાઈ અંબાણીની સ્કૂલમાંથી અભ્યાસ કર્યો છે. ત્યારબાદ તેણે બોસ્ટન



કોલેજમાંથી ગ્રેજ્યુએશનની ડિગ્રી પણ લીધી છે. તેણે ગ્લોબલ બિઝનેસ મેનેજમેન્ટમાં બી.એ. કર્યું છે. અક્ષય કુમારની ભાણી સિમર ભાટિયા પણ ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. સિમરે તેનું સ્કૂલિંગ મુંબઈની સ્કૂલમાંથી કર્યું છે. સારા અલી ખાનનો ભાઈ ઈબ્રાહિમ અલી ખાન સરઝમીન ફિલ્મથી ડેબ્યૂ કરશે. ન્યૂયોર્ક ફિલ્મ એકેડમીમાંથી ગ્રેજ્યુએશન કર્યું અને ફિલ્મ મેકિંગમાં ડિગ્રી લીધી છે.





સ્વદેશ
Leading Gujarati Newspaper



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### આક્રમક પ્રચાર સાથે દિલ્હીને વિશ્વ સ્તરે શાનદાર રાજધાની બનાવવા મોદીનું વચન

# દિલ્હીનો ચૂંટણી જંગ : કેજરીવાલ માટે અસ્તિત્વની લડાઈ

દિલ્હીમાં આ વખતે વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ, આપ ઉપરાંત કોંગ્રેસે પણ ઝંપલાવ્યું છે. જેને કારણે કેજરીવાલ માટે આ વખતની ચૂંટણી જીતવી સરળ રહે તેમ નથી. ૨૦૧૩માં અરવિંદ કેજરીવાલના પક્ષ આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવ્યું, ત્યારે અન્ના આંદોલનની યાદ તાજી હતી. ઉપરાંત અરવિંદ કેજરીવાલ તેમજ તેમના સાથીઓની છાપ મિસ્ટર ક્લિન તરીકે હતી. એટલું જ નહીં, તેઓ રાજકારણમાં નવી વિચારધારા અને નીતિઓની વાતો કરતા હતા. પરિણામે 2013ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને ૭૦ પૈકી ૨૮ બેઠકો મળી, તેને મોટી સિદ્ધિ માનવામાં આવતી હતી. કારણ કે તેઓ પહેલી વખત ચૂંટણી લડી રહ્યા હતા. અરવિંદ કેજરીવાલે સત્તા માટે સમાધાન કરીને કોંગ્રેસના ટેકાથી સરકાર બનાવી, પણ તે માત્ર ૪૯ દિવસ જ ચાલી હતી. આ ૪૯ દિવસમાં કેજરીવાલે એવી છાપ ઊભી કરી હતી કે, જો તેઓ પૂર્ણ બહુમતીથી સરકાર બનાવે તો તેમનો પણ દિલ્હીમાં સ્વર્ગ ખડું કરી દેશે. દિલ્હીના મતદારોએ તેમની વાત પર ભરોસો મૂક્યો અને ૨૦૧૫માં તેમને ૬૭ બેઠકો સાથે જંગી બહુમતી આપી હતી. ત્યારબાદ ૨૦૨૦માં યોજાયેલી ચૂંટણીમાં પણ દિલ્હીના મતદારોએ કેજરીવાલને એક વધુ તક આપી હતી. તે વખતે આમ આદમી પાર્ટીએ ૭૦માંથી ૬૨ બેઠકો જીતી હતી. ભાજપને આઠ બેઠકો મળી હતી અને ૨૦૧૫ની જેમ કોંગ્રેસને એક પણ બેઠક મળી શકી નહોતી. પરંતુ હવે સમય વહી ગયો છે. અને કેજરીવાલ તેમજ તેના સાથીઓની છબી ખરડાઈ ચૂકી છે. ભાજપના નેતાઓ દરરોજ આપ નેતાઓ પર પ્રહાર કરતા કહે છે કે, ૨૦૧૩ના અરવિંદ કેજરીવાલમાં અને ૨૦૨૫ના અરવિંદ કેજરીવાલમાં જમીન-આસમાન જેટલો તફાવત છે. દસ વર્ષમાં દિલ્હીની જનતાને ખાતરી થઈ ગઈ છે કે આમ આદમી પાર્ટી પણ બીજા કોઈ પણ રાજકીય પક્ષની જેમ ભ્રષ્ટાચારના સહારે જીવતી પાર્ટી છે મીડિયા પણ ભાજપની તરફેણમાં હોવાથી ભાજપને સત્તા મળવાની જબરદસ્ત તક દેખાઈ રહી છે. આ ચૂંટણીમાં કોંગ્રેસ સાથે આપને મતભેદો થતા બંને પાર્ટી અલગ અલગ ઉમેદવારો મેદાનમાં ઉતારશે. તેને કારણે આમ આદમી પાર્ટીના મતો જ કપાશે એટલે ભાજપને ફાયદો થવાના સંજોગો છે.



વિશ્લેષકોનું માનવું છે કે ભ્રષ્ટાચારના મુદ્દે કેજરીવાલને ઘેરવાનો ભાજપ ભરપૂર પ્રયાસ કરી રહી છે, જે મુદ્દા પર અન્ના હઝારે આંદોલન વચ્ચે આમ આદમી પાર્ટીનો જન્મ થયો હતો. છેલ્લાં ચાર વર્ષમાં ભૂતપૂર્વ મુખ્ય મંત્રી અરવિંદ કેજરીવાલ, ભૂતપૂર્વ નાયબ મુખ્ય મંત્રી મનીષ સિસોદિયા, ભૂતપૂર્વ આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન સામે ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા હતા અને તેમને જેલમાં જવું પડ્યું હતું. આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાંસદ સંજય સિંહની પણ ધરપકડ કરવામાં આવી હતી. ભાજપે અરવિંદ કેજરીવાલના શીશ મહેલનો તો આપે મોદીના રાજમહેલને મુદ્દો બનાવ્યો છે. આ સાથે જ આપના મોટાભાગના નેતાઓ કલ્યાણકારી યોજનાઓની વાતો કરવા સાથે પોતાના પર થયેલા આક્ષેપો અંગે પણ બચાવ કરતા દેખાઈ રહ્યા છે. દિલ્હીના શરાબ કૌભાંડમાં જેલમાંથી મુક્ત થયા પછી અરવિંદ કેજરીવાલે ગયાં વર્ષે સપ્ટેમ્બરમાં નૈતિકતાનો દેખાવ કરીને મુખ્ય મંત્રીપદેથી રાજીનામું આપ્યું હતું અને જાહેરાત કરી હતી કે, હું મુખ્ય મંત્રીની ખુરશી પરથી રાજીનામું આપવા જઈ રહ્યો છું અને જ્યાં જનતા મારી તરફેણમાં ચુકાદો નહીં આપે ત્યાં સુધી હું મુખ્યમંત્રીની ખુરશી પર બેસીશ નહીં.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

કેજરીવાલ ત્યારથી દિલ્હીના લોકોની વચ્ચે ફરે છે, સભાઓ કરે છે, યાત્રાઓ કરે છે અને નવી નવી જાહેરાત કરે છે. તેમની મુખ્ય યોજનાઓમાં પૂજારી ગ્રંથી સન્માન યોજના અને મહિલા સન્માન યોજના ચર્ચામાં છે. ભ્રષ્ટાચારનો મુદ્દો બૂમરેંગ થતાં હવે અરવિંદ કેજરીવાલ ચૂંટણી જીતનારી જાદુઈ ફોર્મ્યુલાની શોધમાં છે. આ ચૂંટણીમાં ભાજપ વધુ આક્રમક છે, કારણ કે આ વખતે તેની સ્થિતિ છેલ્લી બે ચૂંટણી કરતાં ઘણી સારી છે. પ્રચાર માટે પાર્ટીએ તેના સ્ટાર પ્રચારક વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મેદાનમાં ઉતાર્યા છે. પોતાની પહેલી જ ચૂંટણી રેલીમાં મોદીએ આમ આદમી પાર્ટી પર આક્રમક હુમલો કરતા આમ આદમી પાર્ટીને આપદા કહી છે. આ પહેલાં ડિસેમ્બરમાં ભાજપે આમ આદમી પાર્ટીના પ્રભાવિત વિસ્તારમાં 13 હજાર નાગરિકોના નામ મતદાર સૂચીમાંથી કાઢી નાંખા ચૂંટણી પંચ સમક્ષ અરજી કરી હતી. જો કે, આમ આદમી પાર્ટીએ ભાજપની આ કરતૂત પકડી પાડી ચૂંટણી પંચ પણ ગોરખધંધામાં સામેલ હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા.

અલબત, ભાજપ અને કોંગ્રેસના તીવ્ર હુમલાઓ છતાં આ ચૂંટણી કેજરીવાલની આસપાસ જ થવાની છે. અરવિંદ કેજરીવાલ રાજકીય રીતે ખૂબ જ ચતુર છે. ભ્રષ્ટાચારના મુદ્દે તેમણે ભાજપના નારાને જડમૂળ સુધી જવા દીધો નથી. જો કે, મધ્યમ વર્ગમાં આમ આદમી પાર્ટીનો આધાર કદાચ ઓછો થયો હશે, પરંતુ ઝૂંપડપટ્ટી અને નિમ્ન મધ્યમ વર્ગના મતદાર વિસ્તારો પર તેમની પકડ હજુ પણ અકબંધ છે. છેલ્લા બે દાયકામાં સત્તા ન મળવાનો રંજ ભાજપને હજી પણ છે.

10 વર્ષમાં તેનો મત હિસ્સો ૩૨ %થી નીચે ગયો નથી. હકીકતમાં છેલ્લી લોકસભા ચૂંટણીમાં તેનો વોટ શેર આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના કુલ વોટ શેર કરતાં વધુ હતો. ૨૦૨૦માં ભાજપને ૩૮.૫૧% વોટ શેર મળ્યો હતો, જે આમ આદમી પાર્ટી કરતા ૧૫% ઓછો હતો. વર્ષ ૨૦૧૫માં આ તફાવત ૨૨ ટકાથી વધુ હતો. જ્યારે આઠ મહિના પહેલા યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં દિલ્હીની તમામ સાત લોકસભા બેઠકો પર ભાજપની જીત થઈ હતી. આ તમામ પાસા આમ આદમી પાર્ટી માટે ચિંતાજનક છે.

ભાજપના ચૂંટણી પ્રચારની શરૂઆત મોદી દ્વારા કરવામાં આવી છે. વડા પ્રધાન મોદીની આક્રમક એન્ટ્રી દર્શાવે છે કે, ભાજપને તેની જીત પર વિશ્વાસ નથી. આમ આદમી પાર્ટી પણ આવી જ સ્થિતિમાં છે અને તેણે ૨૦થી વધુ વર્તમાન ધારાસભ્યોની ટિકિટો કાપી નાંખી છે. આમ આદમી પાર્ટી સત્તાવિરોધી લહેરનો સામનો કરી રહી છે. તેથી જ તેણે નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા સહિત ઘણા નેતાઓના મતદાર ક્ષેત્રો બદલ્યા છે. બીજી બાજુ ભાજપ કેજરીવાલ સામેના આરોપોને ચૂંટણીની તારીખો જાહેર થતા પહેલા વડા પ્રધાન મોદીએ અનેક યોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો અને દિલ્હીને વિશ્વ કક્ષાની રાજધાની બનાવવાનું વચન આપ્યું હતું. આ રીતે ભાજપ એક તરફ આપ સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યો છે. જો કે, આપના નેતાઓ પણ ભાજપ નેતાઓના આરોપોનો તર્કબદ્ધ દલીલો સાથે જવાબ આપી રહ્યા છે.

હાલ કોંગ્રેસ સાથે કેજરીવાલના સંબંધો બહુ સારા નથી. આ ગઠબંધનના અન્ય નેતાઓ સાથેની તેમની નિકટતાએ કોંગ્રેસને મૂંઝવણમાં મૂકી દીધી છે. તાજેતરમાં જ્યારે મમતા બેનર્જીએ ગઠબંધનના નેતૃત્વ માટે દાવો કર્યો હતો, ત્યારે આમ આદમી પાર્ટીએ તેને ટેકો આપ્યો હતો. આવા સંજોગોમાં દિલ્હી ચૂંટણીનું પરિણામ કોંગ્રેસ, ભાજપ સાથે રાષ્ટ્રીય રાજનીતિને પણ અસર કરશ તે નિશ્ચિત છે. જો આમ આદમી પાર્ટી જીતશે તો રાષ્ટ્રીય રાજકારણમાં કેજરીવાલનું કદ વધશે અને તેઓ રાષ્ટ્રીય રાજકારણમાં નેતૃત્વની ભૂમિકામાં જોવા મળશે. જો તેઓ હારશે તો પાર્ટીનું અસ્તિત્વ જોખમમાં મુકાશે તે પણ નક્કી છે.

**10 વર્ષથી પછડાટ ખાતો ભાજપ આ વખતે આપ નેતાઓના કથિત ભ્રષ્ટાચારને મુદ્દો બનાવી વેતરણી પાર કરવાની ફિરાકમાં, કોંગ્રેસ પણ તેના ઉમેદવારો મેદાને ઉતારશે, આમ આદમી પાર્ટી દ્વારા એડી-ચોટીનું જોર લગાવાયું**

# બ્રામ્પટન અને ઓન્ટેરિયોમાં નવી મેડિકલ સ્કૂલ ખોલવાની તૈયારી

## ઓન્ટેરિયોમાં ડોક્ટરોની અછતને પહોંચી વળવાની કવાયતના ભાગરૂપે TMU દ્વારા પગલું ભરાશે

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોમાં આ વર્ષે GTAમાં એક નવી મેડિકલ સ્કૂલ ખુલવાની તૈયારી છે. ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટી (TMU) સપ્ટેમ્બરમાં બ્રેમ્પટન, ઓન્ટેરિયોમાં તેની નવી મેડિકલ સ્કૂલ ખોલવા માટે તૈયાર છે. પ્રથમ વર્ગમાં 94 અંડરગ્રેજ્યુએટ અને 105 અનુસ્નાતકનો સમાવેશ થશે.

TMUના પ્રમુખ મોહમ્મદ લાચેમીએ જણાવ્યું હતું કે, દરેક વિદ્યાર્થી કેનેડિયન હશે. જેમાં મોટાભાગના ઓન્ટેરિયોના હશે. આ શાળા શરૂ કરવા માટેનો ધ્યેય ભવિષ્યના ડોક્ટરોના વિવિધ જૂથનું સ્વાગત કરવાનો છે. આશા છે કે, ઘણા લોકો બ્રામ્પટનમાં રહેવાનું અને કામ કરવાનું પસંદ કરશે.

અમે જાણીએ છીએ કે, બ્રામ્પટન દેશના સૌથી સાંસ્કૃતિક રીતે વૈવિધ્યસભર અને ઝડપથી વિકસતા શહેરોમાંનું એક છે, પરંતુ તેના રહેવાસીઓ નિયમિતપણે પ્રાથમિક સંભાળની પહોંચ સાથે પડકારોનો અનુભવ કરે છે.

ગયા વર્ષે જુલાઈ સુધીમાં 2.5 મિલિયન ઓન્ટેરીયનો ફેમિલી ડોક્ટર વિના હતા. નવી મેડિકલ સ્કૂલોને ભંડોળ પૂરું પાડવું એ ફોર્ડ સરકારની આ મુદ્દાને ઉકેલવાની યોજનાનો એક ભાગ છે. લાંબા સમયથી થયેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, નિયમિત ફેમિલી ફિઝિશિયન વિનાના લોકો ઈમરજન્સી રૂમ પર વધુ નિર્ભર હોય છે અને તેમને હોસ્પિટલમાં દાખલ થવાની શક્યતા વધુ હોય છે. નવી મેડિકલ સ્કૂલના ડીન ટેરેસા ચાને કહ્યું કે દુનિયાને વધુ એવા લોકોની જરૂર છે જેઓ જનરલિસ્ટ હોય. ફેમિલી મેડિસિન, ઈમરજન્સી મેડિસિન અને જનરલ પેડિયાટ્રિક્સના નિષ્ણાતો બીમારી સામે સંરક્ષણની પ્રથમ હરોળ બનાવે છે. પરંતુ ઓછા મેડિકલ સ્કૂલના સ્નાતકો ફેમિલી મેડિસિન પસંદ કરી રહ્યા છે.

ટીએમયુની મેડિકલ સ્કૂલને તેના પહેલા રાઉન્ડમાં લગભગ 6,500 અરજીઓ મળી હતી, જે અપેક્ષા કરતા 1,500 વધુ હતી, એમ શાળાના પ્રવેશ અને ભરતી માટેના કાર્યકારી સહાયક ડીન ડોમિનિક શેલ્ટને જણાવ્યું હતું. આ માર્ગ હેઠળ લાયક ઠરનારા લોકોમાં 2SLGBTQ+ સમુદાયના સભ્યો, અપંગ લોકો, ગરીબીમાં જીવતા લોકો, જાતિગત લોકો અને કૌટુંબિક અથવા સામાજિક-સાંસ્કૃતિક અવરોધોનો સામનો કરનારા લોકોનો સમાવેશ થાય છે. પરંતુ અનામત પ્રવેશ સ્થાનોનો આ સંદર્ભ હવે રહ્યો નથી.

# કેનેડા-યુએસ સરહદે વાહનમાં છુપાયેલા 8 લોકો મળ્યા, 4 સામે આરોપ ઘડાયો

## ચારેય આરોપીઓએ 25મી ફેબ્રુઆરી કાર્નેવલ કોર્ટમાં હાજર રહેવું પડશે

**ટોરોન્ટો**

મંગળવારે કેનેડા-યુએસ સરહદી શહેરમાં ટ્રાફિક સ્ટોપ પછી માનવ તસ્કરી સાથે સંબંધે ચાર લોકો પર આરોપ મૂકવામાં આવ્યા હતા.

બુધવારે બપોરે જારી કરાયેલા OPP પ્રકાશન અનુસાર OPP અને RCMP સભ્યોએ ઓન્ટેરિયોના કોર્નવોલમાં એક વાહન રોક્યું, જે કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી તરફ જઈ રહ્યું હતું અને યુનાઈટેડ સ્ટેટ્સ તરફ જઈ રહ્યું હતું. અધિકારીઓને વાહનની પાછળ આઠ લોકો સંતાયેલા મળ્યા હતા. આખરે તે વાહનના ડ્રાઈવર અને મુસાફરની ધરપકડ કરવામાં આવી હતી અને કેનેડાના ક્રિમિનલ કોડની કલમ 465(3) હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. ઘટનામાં સામેલ અન્ય શંકાસ્પદ વાહનો સાથે જોડાયેલા બે લોકો પર સમાન આરોપ મૂકવામાં આવશે. ચારેય આરોપીઓ ક્યુબેક અને સાસ્કેચવાનના છે. તેમને કસ્ટડીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે અને આગામી સુનાવણી 25 ફેબ્રુઆરીએ કોર્નવોલ કોર્ટમાં રાખવામાં આવી છે. પહેલા વાહનમાં છુપાયેલા મળી આવેલા આઠ લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે.

મંગળવારના ઓપરેશનમાં બોર્ડર એન્ફોર્સમેન્ટ સિક્યુરિટી ટાસ્ક ફોર્સનો સમાવેશ થતો હતો, જે એક ક્રોસ-બોર્ડર ટીમ છે, જે ઓપીપીના પ્રકાશન અનુસાર ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી અને યુનાઈટેડ સ્ટેટ્સ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ એજન્સી દ્વારા સંચાલિત છે.

# મ્યાનમાર સેનાએ દેશના જ ગામ પર કર્યો હુમલો; 40ના મૃત્યુની આશંકા

**રંગુન**



મ્યાનમારમાં સેના દ્વારા પશ્ચિમ વિસ્તારમાં સેના દ્વારા હવાઈ હુમલો (airstrike) કરવામાં આવ્યો છે. સશસ્ત્ર લઘુમતી વંશીય જૂથ દ્વારા નિયંત્રિત એક ગામ પર સેનાના હવાઈ હુમલામાં 40 લોકોના મૃત્યુ થયાના અહેવાલો છે. આ ઘટનામાં લગભગ 20 લોકો ઘાયલ થયા છે. અધિકારીઓએ દાવો કર્યો હતો કે હવાઈ હુમલાને કારણે લાગેલી આગમાં સેંકડો ઘરો બળીને રાખ થઈ ગયા હતા. મળતી વિગતો અનુસાર આ હુમલો બુધવારે રામરી ટાપુ પર કયોક ની માવ ગામમાં થયો હતો, જે પશ્ચિમ રખાઈન રાજ્યમાં વંશીય લઘુમતી અરાકાન આર્મી દ્વારા નિયંત્રિત વિસ્તાર છે. જોકે સેનાએ આ વિસ્તારમાં કોઈ હુમલાની પુષ્ટિ કરી નથી. આ વિસ્તારમાં ઈન્ટરનેટ અને મોબાઈલ ફોન સેવા લગભગ ખોરવાઈ ગઈ હોવાથી ગામની પરિસ્થિતિની પુષ્ટિ થઈ શકી નથી.

# રશિયાના મિસાઇલ હુમલામાં 13ના મોત, યુક્રેનને વળતો જવાબ આપ્યો

**કિવ**

રશિયાએ યુક્રેન પર આક્રમણ શરુ કર્યાને ત્રણ વર્ષ જેટલો સમય વીતવા આવ્યો છે. રશિયા યુક્રેન પર સતત હુમલા કરી રહ્યું છે, જેમાં નિર્દોષ નાગરીકો જીવ ગુમાવી રહ્યા છે. એવામાં ગઈ કાલે બુધવારે રશિયાએ દક્ષિણ યુક્રેનના શહેર ઝાપોરિઝિઝયામાં મોટો હુમલો કર્યો હતો. મિસાઈલ હુમલામાં 13 નાગરિકોએ જીવ ગુમાવ્યા હતાં અને 10થી વધુ લોકો ઘાયલ થયા હતાં. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ X પર આ હુમલા બાદ જોવા મળેલા દ્રશ્યોનો એક વિડીયો શેર કર્યો છે. વિડીયોમાં જોવા મળે છે કે, રસ્તા પર કાટમાળના ઢગલા વચ્ચે નાગરિકોના મૃતદેહ પડેલા છે. ઈજાગ્રસ્તોને ઈમરજન્સી સર્વિસના સારવાર આપી રહ્યા છે. હુમલાની થોડી મિનિટો પહેલા તેમણે ઝાપોરિઝિઝયા ક્ષેત્રમાં 'હાઈ-સ્પીડ મિસાઈલો' અને 'ગ્લાઈડ બોમ્બ' છોડવાના વિશે ચેતવણી આપી હતી. યુક્રેને પણ રશિયાને વળતો જવાબ આપ્યો હતો. યુક્રેનિયન સૈન્યએ બુધવારે જણાવ્યું હતું કે તેમણે રશિયાની અંદર એક ફ્યુલ ડેપો પર હુમલો કર્યો હતો, જેના કારણે ડેપોમાં ભારે આગ લાગી હતી.

# ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડના વાહન સાથે ટક્કર થતાં સગીર સામે કાર્યવાહી

## અકસ્માતને કારણે બીજા વાહનના ડ્રાઇવર અને એક મુસાફરને સામાન્ય ઇજા

**ઓન્ટેરિયો**

બુધવારે પ્રીમિયર ડગ ફોર્ડને લઈ જતા ઓન્ટેરિયો પ્રાંતીય પોલીસ વાહન સાથે અથડામણ બાદ 18 વર્ષીય ઓશાવાના એક વ્યક્તિ પર ખતરનાક ડ્રાઈવિંગનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ફોર્ડના કાર્યાલયના પ્રવક્તા ગ્રેસ લીના જણાવ્યા અનુસાર પ્રીમિયર, તેમનો સ્ટાફ અને તેમની સાથેના ઓપન પોલીસ અધિકારીઓ સુરક્ષિત રહ્યા હતા. ઓપને બુધવારે એક સમાચાર પ્રકાશનમાં જણાવ્યું હતું કે, બીજા વાહનના ડ્રાઈવર અને એક મુસાફરને સામાન્ય ઈજાઓ થઈ હતી. બુધવારે ફોર્ડે પત્રકારોને જણાવ્યું હતું કે, તે જે કારમાં હતો. તે ઓન્ટેરિયો પાવર જનરેશન ખાતે એક ન્યૂઝ કોન્ફરન્સમાંથી બહાર નીકળ્યા પછી હાઈવે પર સાઈડસ્વાઈપ થઈ ગઈ હતી. "અમે વાહન ચલાવી રહ્યા હતા અને પછીની વાત જે તમે જાણો છો તે અમને હથોડી મારવામાં આવી હતી. પ્રાંતીય પોલીસના જણાવ્યા અનુસાર, બે વાહનો વચ્ચે થયેલી ટક્કરમાં OPP પ્રોટેક્ટિવ સર્વિસીસ સેક્શન દ્વારા સંચાલિત વાહનનો સમાવેશ થતો હતો, તે હાઈવે 401ની પશ્ચિમ તરફની લેનમાં પિકરિંગમાં બ્રોક રોડ નજીક આવી રહ્યું હતું. OPPના હાઈવે સેફ્ટી ડિવિઝનના અધિકારીઓને બપોરે 12:30 વાગ્યે ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યા હતા.






# પિંક ગ્લો મેળવવા શિયાળામાં બીટનો કરો ઉપયોગ

વિન્ટરમાં હેલ્થને હેલ્ધી બનાવવા બીટનો ઉપયોગ ભરપૂર પ્રમાણમાં કરવામાં આવે છે. એવી જ રીતે ગ્લોઇંગ સ્કિન માટે બીટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બીટ વિટામિન સીથી ભરપૂર હોવાની સાથે સાથે એન્ટિ ઓક્સિડેન્ટ્સયુક્ત હોય છે. જેને સ્કિન કૅર રૂટિનમાં સામેલ કરીને વિન્ટર્સ સ્પેશિયલ નેચરલ પિંક ગ્લોઇંગ સ્કિન મેળવવી સરળ છે. જેમને નેચરલી હેલ્ધી અને ગ્લોઇંગ સ્કિન જોઇતી હોય તેઓ બીટના ફાયદા જાણીને તેનો ઉપયોગ કરી શકે છે.



### બીટના ફાયદા

બીટમાં વિટામિન સી અવેલેબલ હોય છે. વિટામિન સી સ્કિનમાંથી પિગ્મેન્ટેશન અને બ્લેમિશનને દૂર કરવામાં મદદ કરે છે. આ ઉપરાંત બીટ એન્ટિ ઓક્સિડેન્ટ્સથી ભરપૂર હોય છે, જે ફ્રી રેડિકલ્સથી સ્કિનને પ્રોટેક્ટ કરીને ત્વચાને રેડિએન્ટ બનાવે છે. બીટનો ઉપયોગ બોડી ડિટોક્સિફિકેશનની સાથે સાથે સ્કિન ડિટોક્સિફિકેશન માટે પણ કરવામાં આવે છે. તે બ્લડને પ્યૂરિફાઇ કરીને સ્કિનને હેલ્ધી અને ક્લિયર બનાવે છે. બીટમાં હેલ્ધી ન્યુટ્રિએન્ટ્સની સાથે આયર્ન પણ જોવા મળે છે, જે ડેમેજ સ્કિન સેલ્સને કુદરતી રીતે રિપેર કરવાની સાથે સ્કિનને હેલ્ધી અને રેડિએન્ટ બનાવી રાખવાનું કામ કરે છે. બીટમાંનું પાવરફુલ એન્ટિ ઓક્સિડેન્ટ બિટાલેન્સ તે એન્ટિ એજિંગનું કામ પણ કરે છે.

### હાઈડ્રેટિંગ ફેસ માસ્ક

શિયાળામાં ડ્રાય સ્કિનને નેચરલી પ્લમ્પ, હાઈડ્રેટ અને મોશ્ચરાઈઝ કરવા માટે બીટને મિક્સરમાં ક્રશ કરીને થિક પેસ્ટ બનાવો. પેસ્ટમાં બે ચમચી એલોવેરા જેલ મિક્સ કરો અને પછી ચહેરા પર એપ્લાય કરો. વીસ મિનિટ પછી પાણીથી ધોઈ લો.

### ગ્લોસી સ્કિન માટે

ગ્લોસી સ્કિન માટે બીટને ક્રશ કરી એમાં બેથી ત્રણ ચમચી ચોખાનો લોટ મિક્સ કરીને એમાં પાણી અથવા ગુલાબજળ ઉમેરી પેસ્ટ બનાવો. આ પેસ્ટને ચહેરા પર એપ્લાય કરી વીસ મિનિટ પછી હળવા હાથે સ્ક્રબ કરી લો. પછી ચહેરો ધોઈ લો. આ રેમેડીનો ઉપયોગ વીકમાં બે વખત કરવાથી વધારે ફાયદો થશે.

### વિન્ટર સ્પેશિયલ પિંક ગ્લો

વિન્ટર સીઝનમાં સ્પેશિયલ પિંક ગ્લોઈંગ સ્કિન મેળવવા બીટને વચ્ચેથી કાપીને ચહેરા પર સર્ક્યુલર મોશનમાં મસાજ કરો. એનાથી ગ્લોઈંગ અને હેલ્ધી સ્કિન મેળવી શકાય છો. રોજ આ રીતે બીટથી નિયમિત મસાજ કરવાથી ત્વચા પર અસર દેખાશે.

### ક્લિયર સ્કિન માટે ફેસ માસ્ક

શિયાળામાં સ્કિન ડલ થઈ જાય છે. તેને હેલ્ધી બનાવવા બીટના પાઉડરમાં પાણી, ગુલાબજળ અથવા કાચું દૂધ મિક્સ કરીને એક થિક ફેસ માસ્ક તૈયાર કરો. અઠવાડિયામાં ત્રણથી ચાર વખત આ ફેસ માસ્ક ચહેરા પર એપ્લાય કરો. પંદર મિનિટ પછી પાણીથી સાફ કરી લો. આ માસ્ક ચહેરા પર એક્સેસ સીબમને ઘટાડવામાં પણ મદદ કરે છે.

## ચહેરાને કરચલી મુક્ત રાખવાનો ઉપાય



ચહેરાની અને ત્વચાની માવજત અત્યંત જરૂરી બાબત છે. એ માટે આંખ આડા કાન કે બેદરકારી ન જ વરતવી, નહીં તો ત્વચા ઉપર ઉમરની અસર જણાતાં વાર નહીં લાગે. જોકે, ત્વચાની માવજત માટે બહુ બધું કરવાનો કંટાળો આવે. મોટાભાગની એક્ટ્રેસીસ રોજે CTM રૂટિન ફોલો કરતી હોય છે. હવે આ CTMનો મતલબ શું? તો એનો મતલબ થાય ક્લીન્ઝર, ટોનર અને મોઈશ્ચરાઈઝર. આ ત્રણેય વસ્તુઓ રોજે રાત્રે લગાવવાની હોય. આમાં તમે સીરમ પણ એડ કરી શકો, પણ આટલી મહેનત ન કરવી હોય તો અહીં એક સરળ ઉપાય જણાવીએ છીએ. આ ઉપાય અજમાવવાથી ત્વચા ચમકદાર બનશે તેમજ એની કરચલી પણ દૂર થશે. ડ્રાય સ્કિન ધરાવતા લોકોએ તો ખાસ આ ઉપાય અજમાવવો.

### ઉપાય

એક બાઉલમાં પાંચ ચમચી કોપરેલ તેલ લેવું. એની અંદર ચાર ચમચી ફટકડીનો પાઉડર નાખવો. ત્યારબાદ એમાં પંદર વિટામિન ઈની કેપ્સ્યૂલનું ઓઈલ એડ કરી ત્રણેય વસ્તુને સરખી રીતે હલાવી નાખવું. આ મિશ્રણ તૈયાર થઈ જાય એટલે રોજ રાત્રે ચહેરા, હાથ અને પગની ત્વચા ઉપર આ મિશ્રણ લગાવીને સૂઈ જવું. બીજે દિવસે સવારે પાણીથી ચહેરો અને હાથ ધોઈ નાખવા. આ ઉપાય સળંગ દસ દિવસ અજમાવશો એટલે તરત જ રિઝલ્ટ દેખાવા લાગશે. આખો શિયાળો આ ઉપાય અજમાવવાથી ત્વચા ખૂબ જ સારી રહે છે અને વાન પણ ઊજળો થાય છે. તમે હાથ અને પગ સિવાય પેટ ઉપર પણ આ જેલને લગાવી શકો છો. આ જેલ એકસાથે પંદર દિવસ ચાલે એટલી પણ બનાવી શકાય છે.




# ગુજરાતના ગ્રામીણ ઘરો હવે બનશે 'સ્માર્ટ હોમ્સ'

## ઈ-એજ્યુકેશનથી માંડીને ઇ-હેલ્થ સહિતની સેવાઓનો મળશે લાભ

અમદાવાદ : ગુજરાત રાજ્ય સરકાર તરફથી ટેક્નોલૉજીના મહત્તમ ઉપયોગ તેમજ જનસુખાકારી માટે ડિજિટલ ઇન્ડિયા અભિયાનની શરુઆત કરવામાં આવી હતી. જેને આગળ વધારતા હવે ગ્રામીણ વિસ્તારોના ઘરોને સ્માર્ટ હોમ્સમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં સુશાસન દિવસ એટલે કે, 25 ડિસેમ્બરે 'હર ઘર કનેક્ટિવિટી(ફાઇબર ટુ ફેમિલિ)'ની પહેલની શરુઆત કરવામાં આવી હતી. આ પહેલ હેઠળ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના ઘરોને માર્કેટ કરતાં સસ્તા દરોએ ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઇન્ટરનેટ કનેક્શન તેમજ અન્ય વેલ્યુ એડેડ સર્વિસિસ પૂરી પાડવામાં આવશે.

હર ઘર કનેક્ટિવિટી હેઠળ કઈ સુવિધા મળશે? રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગ હેઠળ, ગુજરાત ફાઇબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ (GFGNL) દ્વારા હર ઘર કનેક્ટિવિટી (ફાઇબર-ટુ-ફેમિલિ) પહેલ શરુ કરવામાં આવી છે. આ પહેલ હેઠળ GFGNL દ્વારા, ગ્રામીણ વિસ્તારના ઘરોને સસ્તા અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઇન્ટરનેટ કનેક્શનની સાથે વેલ્યુ-એડેડ-સેવાઓ (VAS) જેવી કે વાઇ-ફાઇ, કેબલ TV (ફ્રી-ટુ-એર અને પેઇડ ચેનલ્સ), ઓ. ટી. ટી. (ઓવર-ધ-ટોપ ટેલિવિઝન) અને ગેમિંગનો આનંદ મળી રહે તે માટે વિવિધ એજન્સીઓ સાથે ભાગીદારી કરીને પાયલટ પ્રોજેક્ટ તરીકે શરૂઆતમાં 25,000 FTTH (ફાઇબર-ટુ-હોમ) જોડાણ આપવામાં આવશે. ત્યારબાદ, ભવિષ્યમાં આ જોડાણો વધારવામાં આવશે અને વધુ ને વધુ ગ્રામ્ય વિસ્તારના ઘરોને તેનો લાભ આપવામાં આવશે.



આ સિવાય ગ્રામ્ય વિસ્તારોના ઘરોને ટેલિવિઝન મનોરંજન, યુટિલિટી બિલોની ચૂકવણી, ડિજિટલ સર્વિસ સ્ટેક, ગવર્મેન્ટ ટુ સિટિઝન્સ (G2C) જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમજ, ઓનલાઈન એજ્યુકેશન (ઈ-એજ્યુકેશન), કૃષિ કે ખેતીવાડી માટે IoT સોલ્યુશન્સ, ઈ-એગ્રીકલ્ચર, પશુપાલન સંલગ્ન માહિતી પ્રસારણ, આરોગ્ય માટે ઈ-હેલ્થ અને ટેલિ-મેડિસિન્સ જેવી સેવાઓ પણ મળશે. આ પહેલ દ્વારા ગ્રામીણ ઘરોને ડિજિટલી સશક્ત બનાવીને 'સ્માર્ટ હોમ્સ'માં રૂપાંતરિત કરવામાં આવશે.

# ગુજરાતને મળ્યા 37 નવા DYSP : 25 પુરુષ અને 12 મહિલા અધિકારીઓને પોસ્ટિંગ આપ્યા

**ગાંધીનગર**

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા સીધી ભરતીના નાયબ પોલીસ અધિક્ષક DySP (બિનહથિયારી), વર્ગ-1ને પોસ્ટિંગ ઓર્ડર આપ્યા છે. DySP (બિનહથિયારી), સંવર્ગમાં અજમાયશી ધોરણે નિમણૂક પામેલા વર્ષ 2017, 2021 અને 2022ની બેચના 37 અધિકારીઓને પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. જેમાં અજમાયશી અધિકારીઓની તાલીમનો સમયગાળો પૂર્ણ થયો હોય અને નાયબ પોલીસ અધિક્ષક (બિનહથિયારી), વર્ગ-તરીકે રાજ્યના અલગ અલગ જિલ્લા - શહેર વિસ્તારમાં નિમણૂક આપવામાં આવે છે. ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવેલા આદેશમાં સૌથી વધુ નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી./એસ.ટી. સેલ અને નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક ખાતે પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. રાજ્યમાં જિલ્લામાં પોલીસ વિભાગમાં ઘણા સમયથી એસ.સી./ એસ.ટી સેલમાં જગ્યાઓ ખાલી હતી અને અધિકારીઓની નિમણૂક કરવામાં આવી ન હતી. પરંતુ રાજ્યમાં નવી ભરતીમાં નિયુક્ત થયેલા અધિકારીઓને આ જગ્યાઓ પર પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. કુલ 37 અધિકારીઓમાંથી 25 પુરુષ અધિકારીઓ અને 12 મહિલા અધિકારીઓ હવે DySP તરીકે ફરજ પર બજાવશે. હુકમ પ્રમાણે આ અજમાયશી અધિકારીઓ પૈકી જે અધિકારીઓની તાલીમ હાલ ચાલુ છે તેવા અધિકારીઓને તાલીમ પૂર્ણ થયા બાદ આદેશ મુજબની જગ્યા પર હાજર થવા છૂટા કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય અધિકારીઓને નવી જગ્યાએ હાજર થવા તાત્કાલિક અસરથી છુટા કરવાના રહેશે.

# ગુજરાત ભાજપ સંગઠનમાં હોદ્દો મેળવવા 1300 મુરતિયા મેદાને

**અમદાવાદ**

ભારતીય જનતા પાર્ટીના સંગઠન પર્વનો ત્રીજો તબક્કો એટલે જિલ્લા પ્રમુખની નિમણુકની પ્રક્રિયા ચાલી રહી છે. પ્રદેશ ભાજપ દ્વારા 580 જેટલા મંડળ પ્રમુખોની નિયુક્તિ પૂર્ણ થઈ ચૂકી છે. હવે ભારતીય જનતા પાર્ટી દ્વારા 33 જિલ્લા પ્રમુખ અને આઠ મહાનગરપાલિકાના પ્રમુખો માટેની નિયુક્તિની પ્રક્રિયા શરૂ થઈ છે. જે અંતર્ગત ગત બે દિવસ એટલે કે ત્રણ અને ચાર જાન્યુઆરીએ ભાજપે જિલ્લા પ્રમુખો માટેની સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી. જેમાં જિલ્લા પ્રમુખના પ્રબળ દાવેદાર 1300 લોકોએ બાયોડેટા સાથે જિલ્લા પ્રમુખ માટેની દાવેદારી નોંધાવી હતી. આ દાવેદારોએ દાવેદારી કર્યા બાદ જિલ્લા કક્ષાએ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

જેમાં દાવેદારોના બાયોડેટા એકત્ર કરી નામાવલિ તૈયાર કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ મળેલા જિલ્લા પ્રમુખના દાવેદારો અંતર્ગત આજે સંગઠન પર્વને લઈને કમલમ ખાતે સવારથી માંડીને સાંજ સુધી બેઠકોનો દોર ચાલ્યો હતો. જેમાં મહાનગરના પ્રમુખો તેમજ જિલ્લા પ્રમુખો માટેની બેઠક યોજાઈ હતી.

# અમદાવાદની પાસપોર્ટ કચેરીમાં વર્ષમાં 10 ટકા અરજદારો ઘટ્યા

### એક વર્ષમાં 7.92 લાખ અરજી, અરજદારની સુવિધા માટે હાથ ધરાયા પ્રયાસ

**અમદાવાદ**

અમદાવાદની રિજનલ પાસપોર્ટ ઑફિસ (RPO)થી એક વર્ષમાં 8.12 લાખથી વધુ પાસપોર્ટ ઈશ્યુ થયેલા છે. આમ, દરરોજ સરેરાશ 2225 વ્યક્તિને અમદાવાદથી પાસપોર્ટ ઈશ્યુ થયા છે. સાત વર્ષમાં 45.39 લાખ પાસપોર્ટ બનાવવામાં આવ્યા છે.

અમદાવાદ રિજનલ પાસપોર્ટ ઓફિસને વર્ષ 2023માં 8.70 લાખ, જ્યારે 2024માં 7.92 લાખ પાસપોર્ટ માટે અરજી મળી હતી. પાસપોર્ટની માગમાં થયેલા ઘટાડાનો ઉપયોગ સ્પેશિયલ પેન્ડન્સી ડ્રાઈવ દ્વારા કરાયો હતો. આ અંગે અમદાવાદના રિજનલ પાસપોર્ટ ઓફિસર અભિજિત શુક્લાએ જણાવ્યું કે, 'વર્ષ 2024માં પાંચ સ્પેશિયલ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ઉપરાંત હિંમતનગર, આણંદ, નડિયાદની ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો હતો. ગત વર્ષે મોબાઈલ સર્વિસ વાન પણ કાર્યરત કરવામાં આવી હતી. પાસપોર્ટ માટે અરજદારોની રાહ જોવાનો સમય ઘટે તેના માટે પ્રયાસો થયા છે.

# હાઈકોર્ટમાં ચાલી રહેલી સુનાવણી વચ્ચે MSUના વીસી પદેથી વિવાદાસ્પદ ડૉ. શ્રીવાસ્તવનું રાજીનામું

અમદાવાદ : એમ. એસ. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પદેથી ડૉ. શ્રીવાસ્તવને રાજીનામું આપવું પડ્યું છે. હાઈકોર્ટે અપનાવેલા આકરા વલણના કારણે ડૉ. શ્રીવાસ્તવને રાજીનામું આપવાની ફરજ પડી હોવાનું મનાઈ રહ્યું છે.

ડૉ. શ્રીવાસ્તવ પાસે પ્રોફેસર તરીકેનો 10 વર્ષનો શૈક્ષણિક અનુભવ નહીં હોવાનો આરોપ મૂકીને એમ. એસ. યુનિવર્સિટીના જ વરિષ્ઠ પ્રોફેસર સતીશ પાઠકે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી હતી. તા. 3 જાન્યુઆરીએ તેની પહેલી સુનાવણી થઈ હતી અને આ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આ મામલામાં ડૉ. શ્રીવાસ્તવની નિમણૂક અને તેમના પ્રોફેસર તરીકેના અનુભવને લઈને યુનિવર્સિટી તેમજ સરકારે જે દસ્તાવેજો રજૂ કર્યા હતા તેને લઈને ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

આ મામલાની હાઈકોર્ટમાં વધુ સુનાવણી થઈ હતી અને તે પહેલાં જ ડૉ. શ્રીવાસ્તવે વાઈસ ચાન્સેલર તરીકે રાજીનામું આપી દીધું હોવાનું અધ્યાપક આલમમાં કહેવાઈ રહ્યું છે. જોકે એમ. એસ. યુનિવર્સિટીમાં લાયકાતના મુદ્દે વાઈસ ચાન્સેલરને રાજીનામું આપવુ પડ્યું હોય તેવી આ પહેલી ઘટના છે. યુનિવર્સિટીની અધ્યાપક આલમ જ નહીં પણ રાજકીય વર્તુળોમાં પણ આજે આ મુદ્દો ચર્ચાની એરણે ચઢ્યો હતો. કારણકે શિક્ષણ મંત્રાલયના ખાસમખાસ ગણાતાં ડૉ. શ્રીવાસ્તવની સામે સંખ્યાબંધ ફરિયાદો પછી પણ સરકારે આંખ આડા કાન કર્યા હતા અને હવે ડૉ. શ્રીવાસ્તવનું રાજીનામું રાજ્ય સરકારના ગાલ પર પડેલા તમાચા સમાન છે.

# રાજ્યમાં HMPVનો વધુ એક કેસ અમદાવાદમાં નોંધાયો

**અમદાવાદ**

રાજ્યમાં HMVPનો વધુ એક કેસ નોંધાયો છે. જેમાં વસ્ત્રાપુરમાં રહેતા 80 વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું સામે આવ્યું છે. વૃદ્ધ હાલ મેમનગરની સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ છે. અગાઉ અમદાવાદમાં ચાંદખેડા વિસ્તારમાં આવેલી ઓરેન્જ હૉસ્પિટલમાં બાળકને 24 ડિસેમ્બર 2024ના દાખલ કરાયા બાદ 26 ડિસેમ્બરે રિપોર્ટ આવ્યો હતો. પરંતુ આ મામલે હૉસ્પિટલે તંત્રને અવગત ન કરતાં AMC આરોગ્ય અધિકારીએ નોટિસ પાઠવી હૉસ્પિટલ સત્તાધીશો પાસેથી સમગ્ર મામલે ખુલાસો માંગ્યો હતો. મળતી માહિતી મુજબ, રાજ્યમાં અમદાવાદ બાદ હિંમતનગરની ખાનગી હૉસ્પિટલમાં સારવાર હેઠળના આઠ વર્ષના બાળકનો HMPVનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેને ICUમાં રાખવામાં આવ્યો હતો. બાળક પ્રાંતિજ તાલુકાના એક ગામનો છે.

# ઉત્તરાયણ પછી જૂનાગઢ કોર્પોરેશન અને 73 નગરપાલિકામાં ચૂંટણી જાહેર થશે

જામનગર : નવા 9 મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગ્રામિણ વિસ્તારોને સામેલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. તો બીજી તરફ બનાસકાંઠા જિલ્લામાંથી વાવ- થરાદ નવો જિલ્લા રચવા સરકારે જાહેરાત કરતા હવે 4,700 ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજવાની પ્રક્રિયા ઉપર બ્રેક મારી દેવાઈ છે.

જો કે, આ ગ્રામ પંચાયત અને બનાસકાંઠા જિલ્લા- તાલુકા પંચાયતની ચૂંટણી સિવાય ઉત્તરાયણ બાદ જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન, 73 નગરપાલિકા એમ શહેરી સંસ્થાઓમાં ગમે ત્યારે સામાન્ય ચૂંટણીની જાહેરાત થશે. ગુજરાત સરકારે આ વર્ષે 26મી જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસની ઉજવણી તાપી જિલ્લા મુખ્ય મથક વ્યારા ખાતે કરશે. તે પહેલા જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન અને 73 નગર પાલિકાઓમાં સામાન્ય ચૂંટણી જાહેર થશે. ગતવર્ષે સરકારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં જનપ્રતિનિધિત્વ માટે 27 ટકા OBCઅનામત દાખલ કરતા હવે ચૂંટણીનો માર્ગ મોકળો થયો હતો તેવામાં 10 પાલિકાને નવ મ્યુનિસિપલ કોર્પોરેશન તરીકે જાહેર કરતા તેમાં સમાવિષ્ટ થતા ગ્રામીણ વિસ્તારોને કારણે હવે પંચાયતની ચૂંટણી માર્ચ કે એપ્રિલ મહિનામા જાહેર થાય તો નવાઈ નહી.

# અમદાવાદમાં પતંગોત્સવ, 47 દેશોમાંથી 143 પતંગબાજ ભાગ લેશે

**અમદાવાદ**

ગુજરાતના અમદાવાદમાં 11થી 14 જાન્યુઆરી દરમિયાન આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વના 47 દેશોમાંથી 143, અન્ય રાજ્યોમાંથી 52 અને ગુજરાતના 11 શહેરોમાંથી 417 પતંગબાજો આ ઉત્સવમાં સામેલ થશે. 11મી જાન્યુઆરીએ સવારે 9 કલાકે વલ્લભસદન પાસે રિવરફ્રન્ટ પર ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. 12મીએ સ્ટેચ્યુ ઑફ યુનિટી, રાજકોટ અને વડોદરા તેમજ 13મીએ સુરત, શિવરાજપુર અને ધોરડોમાં પતંગોત્સવ યોજાશે. રિવરફ્રન્ટ પાસે ઉદ્ઘાટન પછી આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજોની પરેડ, નાઈટ કાઈટ ફ્લાઈંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો, પતંગ વર્કશોપ પણ યોજાશે, જ્યારે આ સ્થળે હેન્ડીક્રાફ્ટ્સ અને રિફ્રેશનમેન્ટ સ્ટોલ રાખવામાં આવ્યા છે.

# 3 વર્ષમાં 16155 કરોડનું ડ્રગ્સ જપ્ત : બાતમીદારોને મળ્યું લાખોનું ઈનામ

## ડ્રગ્સ જેવા દૂષણને ડામવા માટે 2021માં ગૃહ વિભાગ દ્વારા નાર્કો રિવોર્ડ પોલિસી અમલમાં મુકાઈ

**અમદાવાદ**

ગુજરાતના દરિયા કિનારા વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ડ્રગ્સ ઝડપાયાની અનેક ઘટનાઓ સામે આવે છે, ત્યારે રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત પોલીસે 16155 કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. જ્યારે ડ્રગ્સ સંબંધિત પોલીસને બાતમી આપનારા લોકોને સરકાર દ્વારા લાખો રૂપિયાનું ઈનામ પણ આપવામાં આવ્યું છે.

ગુજરાત સરકારે ડ્રગ્સ જેવા દૂષણને ડામવા માટે 2021માં ગૃહ વિભાગ દ્વારા નાર્કો રિવોર્ડ પોલિસી અમલમાં મુકાય હતી. જેમાં ડ્રગ્સને પોલીસને બાતમી આપનારા લોકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કરાતા હતા. વર્ષ 2021 થી ડિસેમ્બર, 2024 સુધીમાં રાજ્યમાં રૂ.16155 કરોડની કિંમતનું



87607 કિલોગ્રામ ડ્રગ્સ પોલીસે ઝડપી પાડ્યું અને 2500થી વધુ આરોપી સામે આવ્યા. ગુજરાત બાતમીદારો માટે રિવોર્ડ પોલિસી શરૂ કરનારું પહેલું રાજ્ય છે.

નાર્કો રિવોર્ડ પોલિસી હેઠળ, અત્યારસુધીમાં DGP કમિટીએ 64 લોકો માટે 51202 રૂપિયા રિવોર્ડ મંજૂર કર્યા છે. જ્યારે ACS, ગૃહ સ્તરની કમિટીએ 169 લોકોને 6.36 કરોડ રૂપિયાથી વધુની રિવોર્ડ માટે રકમ મંજૂર કરી છે. આ ઉપરાંત, 737 લોકોને કુલ 5.13 કરોડ રૂપિયા રિવોર્ડ આપવાનો પ્રસ્તાવ NCB કમિટીને મોકલવામાં આવ્યો છે.

પોલીસની જાણકારી મુજબ, નાર્કો રિવોર્ડ પોલિસીના નિયમો પ્રમાણે ડ્રગ્સને લગતી બાતમી આપનારા લોકોને સરકાર દ્વારા ઈનામ આપવામાં આવે છે.

# મહેસાણાના યુવક સાથે 80 લાખની ઠગાઈ

**મહેસાણા**

સોશિયલ મીડિયાના માધ્યમથી લાખો રૂપિયાની ઠગાઈ કરવાના કિસ્સાઓ સામે આવવાનું બંધ થતું નથી. તાજેતરમાં જ મુંબઈની એક યુવતીએ મહેસાણાના યુવકને લગ્ન અને કરોડો રૂપિયા કમાવવાની લાલચ આપીને ૮૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરી છે.આ મામલે મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આરોપી મહિલાની શોધખોળ શરૂ કરી છે.

મહેસાણાના કુકરવાડાના જીગર પટેલ નામના યુવકને મુંબઈની પૂજા નામની યુવતીએ સોશિયલ મીડિયા પર મિત્રતા જાળવી કરી હતી. પૂજાએ જીગરને વિશ્વાસમાં લઈને એક એપમાં રોકાણ કરી કરોડો રૂપિયા કમાઈ શકાય છે તેવી લાલચ આપી હતી. શરૂઆતમાં થોડી રકમ રોકાણ કરીને જીગરને વળતર પણ આપ્યું હતું. જેના કારણે જીગર પૂજા પર વિશ્વાસ કરવા લાગ્યો અને તેણે પૂજાને ૮૦ લાખ રૂપિયા આપી દીધા. જો કે પછીથી પૂજાએ જીગર સાથેનો સંપર્ક તોડી નાખ્યો અને તેણે આપેલા પૈસા પણ પરત કર્યા નહીં.

તેણે સેમકો નામની એપ્લિકેશનમાં રોકાણ કરાવવાનું કહ્યું અને ૪૫૦૦ કરોડની કમાણીનો લાલચ આપી જીગરને ફરી વળાવી લીધો. નાની નાની રકમથી શરૂ કરીને, જ્યારે જીગરને સંપૂર્ણ વિશ્વાસ મળ્યો, ત્યારે પૂજાએ ૮૦ લાખ રૂપિયા ઠગાઈ કરી દીધી. પૂજાએ ૪૦ અલગ-અલગ બેંક એકાઉન્ટોનું ઉપયોગ કરીને આ પૈસા પડાવ્યા હતા. ૨૦૨૪ની જૂનથી તેમની વાતચીત ચાલુ રહી પણ જ્યારે જીગરને ખબર પડી કે એના પૈસા ગયા, ત્યારે તેને પૂજાની ઠગાઈની પત્તો લાગ્યો હતો. પોલીસ આરોપી પૂજાની શોધખોળ કરી રહી છે, કાયદેસરની કાર્યવાહી ચાલુ છે અને સાયબર ક્રાઈમ પોલીસે એકાઉન્ટને ફ્રીઝ કરવાની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસ આરોપીની શોધખોળ કરીને યોગ્ય કાર્યવાહી હાથ ધરશે.

# રાજ્યમાં શાળામાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધની વિચારણા

**સુરત :** મોબાઈલનું વળગણ નાની ઉંમરના બાળકોને વધતું જાય છે અને તેના પરીણામો ચોંકાવનારા આવી રહ્યા છે. રાજ્યમાં એક પછી એક ઘટનાઓ એવી બની રહી છે. જેના કારણે બાળકોને મોબાઈલ આપવો કે નહીં તે એક ચર્ચાનો વિષય બન્યો છે. આ તમામ વચ્ચે આજે રવિવારે સુરતમાં વિદ્યાર્થિનીના આપઘાતની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં માતાએ મોબાઈલ ફોન આપવાનો ઈન્કાર કરતા નારાજ થઈને ધોરણ આઠમાં અભ્યાસ પુત્રીએ ગળાફાંસો ખાધો હતો. આ ઘટનાને લઈને રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા દુઃખ વ્યક્ત કર્યું હતું. આ ઉપરાંત તેમણે શાળામાં મોબાઈલ લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોવો જોઈએ તેવી વાત કરી હતી અને તે અંગે તજજ્ઞો, વાલીઓ સહિતના લોકો સાથે વિચારણા કરાશે તેમ જણાવ્યું છે. સુરતમાં ધોરણ 8માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ આપઘાતની ઘટનાને લઈને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ પ્રતિક્રિયા આપી હતી. તેમણે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'રાજ્ય શિક્ષણ વિભાગ પણ આ બાબતે ચિંતન કરી રહ્યું છે. રાજ્યની તમામ શાળામાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ લાવવા અંગે વિચારણા કરાઈ રહી છે.

# ચાઇનીઝ દોરી સામે ગુજરાતમાં આરોપી સામે હત્યાનો ગુનો નોંધાશે

**ગાંધીનગરઃ** ઉતરાયણના તહેવારને આડે હવે ગણતરીના જ દિવસો રહ્યા છે, દર વર્ષની જેમ આ વર્ષે પણ ચાઈનીઝ માંજાને કારણે નિર્દોષ નાગરીકોના મોતની કે ઈજા થવાની ઘટના બની છે. પ્રતિબંધિત ચાઈનીઝ માંજાનો ઉપયોગ અટકાવવા માટે ગુજરાત પોલીસે ચાઈનીઝ માંજા અંગે મહત્વનો નિર્ણય લીધો છે. જો ચાઈનીઝ માંજાથી જાનહાનિ અથવા ગંભીર ઈજાઓ થશે તો, આરોપી પર હત્યાનો ગુનો લાગવવામાં આવશે. નિયમોના કડક અમલીકરણ માટે પોલીસ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરશે. ઈજાઓ સાથે સંકળાયેલા કેસમાં BNS ની કલમ 110 (સદોષ માનવ હત્યાનો પ્રયાસ) ગુનો હેઠળ નોંધવામાં આવશે, જ્યારે જાનહાનિના કેસમાં કલમ 105 (સદોષ માનવ હત્યા) હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. ડ્રોન દ્વારા પતંગ ઉડાડનારાઓ પર નજર રાખવામાં આવશે અને ડ્રોન ફૂટેજને સીસીટીવી નેટવર્ક સાથે જોડવામાં આવશે, જેથી અકસ્માતોના સોર્સને શોધી શકાય. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, "આ વખતે અમે આકાશમાંથી પતંગો પર નજર રાખવા માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છીએ. પતંગની પ્રતિબંધિત દોરી અથવા તુક્કલને કારણે થતી ઈજાઓ અથવા આગની ઘટનાઓના કિસ્સામાં, અમે ડ્રોન ફૂટેજ, ડેશ કેમ્સ અને શહેરના CCTV નેટવર્કને જોડીને ઘટનાને ટ્રેસ કરીશું. ઈજાઓ અથવા મૃત્યુ માટે જવાબદાર લોકો સામે સખત કાર્યવાહી કરવામાં આવશે."

# અમદાવાદે વિશ્વના સૌથી મોટા ફ્લાવર બુકે માટે જીત્યો ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ

**અમદાવાદ :** અમદાવાદના ઈન્ટરનેશનલ ફ્લાવર શૉને વર્લ્ડ લાર્જેસ્ટ ફ્લાવર બુકે માટે ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયું છે. 10.24 મીટર હાઈટ તથા 10.84 મીટર ત્રિજ્યાવાળા ફ્લાવર બુકેને વિશ્વના સૌથી મોટા ફ્લાવર બુકે તરીકે સ્થાન મળ્યું છે. અગાઉ આ પહેલાં આ રેકોર્ડ યુનાઈટેડ આરબ એમિરેટ્સની અલ-એઈન મ્યુનિસિપાલિટીના નામ ઉપર હતો.

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત કરવામાં આવેલા ફ્લાવર-શો-2025ને સતત બીજા વર્ષે વૈશ્વિક બહુમાન પ્રાપ્ત થયું છે. ગત વર્ષે આયોજિત કરવામાં આવેલા ફ્લાવર શૉમાં સૌથી લાંબી ફ્લાવર વોલ માટે ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું. સતત બીજા વર્ષે ફ્લાવર શૉમાં વિશ્વના સૌથી મોટા ફ્લાવર બુકેને લઈ સિદ્ધિ મળી છે.

યુ.એ.ઈ.ની અલ-એઈન મ્યુનિસિપાલિટીને અગાઉ આ



એવોર્ડ 7.7 મીટરના ફ્લાવર સ્ટ્રક્ચર માટે 18 ફેબ્રુઆરી-24ના રોજ આપવામાં આવ્યો હતો. ગિનિસ બુકની ટીમ દ્વારા આપવામાં આવેલા એવોર્ડને ડેપ્યુટી મેયર જતીન પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણી, મ્યુનિ. કમિશ્નર એમ. થેન્નારસન સહિતના મ્યુનિ. પદાધિકારીઓ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો.

# પ્રેમીએ પ્રેમિકાનું અપહરણ કરી માર મારીને ધમકી આપી

અમદાવાદ : ચાંદલોડિયામાં રહેતી ૨૦ વર્ષીય યુવતી વસ્ત્રાપુરમાં આવેલી એક કોલેજમાં અભ્યાસ કરે છે. ગત મંગળવારે તે કોલેજ આવી હતી અને લેક્ચર ભર્યા બાદ ઘરે જવા નીકળી હતી. યુવતી ડ્રાઈવ ઈન સિનેમા પાસેના બસસ્ટેન્ડ પર ઊભી હતી. ત્યારે તેનો પ્રેમી જીજ્ઞેશ લવાર કાર લઈને આવ્યો હતો. યુવતી એક અઠવાડિયાથી જીજ્ઞેશનો ફોન ઉપાડતી ન હોવાથી તે રોષે ભરાયો હતો અને બાદમાં તેણે યુવતીને કારમાં બેસી જા નહિ તો તારા ફોટો-વીડિયો વાયરલ કરી દઈશ તેવી ધમકી આપી હતી. જીજ્ઞેશ તેની પ્રેમિકાને મેમનગર ગાર્ડન પાસે લઈ ગયો હતો. જ્યાં ગાડીમાં બેસીને તું મારી સાથે સંબંધ કેમ નથી રાખતી તેમ કહીને ગાળાગાળી કરીને ઢોર માર માર્યો હતો. અચાનક ચાકુ બતાવીને આજે તો તને જીવતી નહીં જવા દઉં તેવી ધમકી આપતા યુવતી ગભરાઈને ગાડીમાંથી બહાર નીકળીને ભાગી હતી. બાદમાં તેણે પિતાને અને પોલીસને જાણ કરી હતી.

# ગુજરાતમાં રવિ પાકનું રેકોર્ડબ્રેક વાવેતર, 13 લાખ હેક્ટરમાં ઘઉં

### રાજ્યમાં ઘઉંનું સૌથી વધારે વાવેતર

**અમદાવાદ**

રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન રવિ પાકોનો સામાન્ય વાવેતર વિસ્તાર સરેરાશ 46.07 લાખ હેક્ટર રહ્યો છે. જેની સામે ચાલુ વર્ષે માત્ર અત્યાર સુધીમાં જ ખેડૂતોએ 47.55 લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકનું વાવેતર કર્યું છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં હજુ પણ રવિ પાકોનું વાવેતર ચાલુ હોવાથી વાવેતરનો આંકડો વધવાની સંપૂર્ણ સંભાવના છે.

ભારતમાં ઘઉંના ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો મહત્ત્વપૂર્ણ છે. રાજ્યમાં દર વર્ષે રવિ ઋતુ દરમિયાન ઘઉંનું સૌથી વધારે વાવેતર થાય છે. એ જ અનુક્રમને જાળવી રાખતા આ વર્ષે પણ રાજ્યમાં ઘઉંનું સૌથી વધુ વાવેતર થયું છે. અત્યાર સુધીમાં કુલ 13.42 લાખ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું રેકોર્ડબ્રેક વાવેતર નોંધાયું છે. જે ગત વર્ષની સરખામણીએ 109 ટકા જેટલું છે. આ ઉપરાંત ધાન્ય પાકમાં મકાઈનું પણ આ વર્ષે કુલ 1.35 લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, જે ગત વર્ષની સરખામણીએ 118.92 ટકા જેટલું છે. રાજ્યમાં આ વર્ષે કઠોળ પાકમાં ચણાનું પણ મબલખ વાવેતર નોંધાયું છે.

# હરણી બોટ દુર્ઘટનામાં પૂર્વ ઈજનેર ઠર્યા દોષિત

વડોદરા : હરણી બોટ દુર્ઘટનામાં શાળાના બાળકો ડૂબ્યાની ઘટના બનતાં રાજ્યભરમાં મોટો ઉહાપોહ મચ્યો હતો. હવે આ દુર્ઘટનામાં કોર્પોરેશનના પૂર્વ કાર્યપાલક ઈજનેર દોષિત ઠર્યા છે. ઈજનેર રાજેશ ચૌહાણ કોર્પોરેશનના ફ્યુચરેસ્ટીક પ્લાનિંગ સેલમાં ફરજ બજાવતા હતા. દરમિયાન કોર્પોરેશનમાં કામ કરનાર રાજેશ ચૌહાણ સરકારી ધારા ધોરણ મુજબ ઉંમરના આધારે નિવૃત્ત થયા છે. જોકે, ખાતાકીય તપાસમાં કસૂરવાર ઠરતાં ઈજનેરને શિક્ષા પણ કરવામાં આવી છે. ઘટના બનવા પાછળનું કારણ ક્ષમતા કરતાં વધુ બાળકો બેસાડતા હોવાનું સામે આવ્યું હતું. ઈજનેર રાજેશ ચૌહાણને મળતાં પેન્શનમાંથી રૂ. 5 હજારની કપાતની શિક્ષા કરવાનો નિર્ણય કરાયો છે. આ પ્રકારની શિક્ષાથી લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે. કારણ કે દુર્ઘટનામાં આઠ માસુમ બાળકોએ જીવ ગુમાવ્યા હતા.

# તિરુપતિ મંદિરમાં ધક્કામુક્કીમાં 6 શ્રદ્ધાળુનાં મોત : 40 ઈજાગ્રસ્ત, PMએ દુઃખ વ્યક્ત કર્યું

**હૈદરાબાદ**

આંધ્રપ્રદેશના સુવિખ્યાત તિરુપતિ મંદિરમાં વૈકુંઠ દ્વાર ટિકિટ કેન્દ્રો પાસે ધક્કામુક્કીમાં 6 શ્રદ્ધાળુઓના મોત થયા છે. નાસભાગને કારણે 40 લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ગઈકાલ સવારથી જ હજારો શ્રદ્ધાળુ વૈકુંઠ દ્વારા દર્શન માટે જુદાં-જુદાં ટિકિટ કેન્દ્રો પર લાઈનમાં ઊભા હતા. આ ઘટના તે સમયે બની જ્યારે શ્રદ્ધાળુઓને વૈરાગી પટ્ટીડા પાર્કમાં લાઈન લગાવવાની મંજૂરી આપવામાં આવી હતી. વૈકુંઠ દ્વારા દર્શન દસ દિવસ માટે ખોલવામાં આવ્યા છે. તેના લીધે ટોકન માટે લોકો



હજારોની સંખ્યામાં લાઈન લગાવે છે.

પરિસ્થિતિ બગડતી જોઈને પોલીસે મોરચો સંભાળ્યો અને પરિસ્થિતિ અંકુશમાં લાવી હોવાનું જણાવાયું છે. દર્શન માટેના ટોકનની લાઈનમાં લગભગ ચાર હજાર લોકો હતા. મંદિર સમિતિના ચેરમેન બીઆર નાયડુએ તાત્કાલિક બેઠક યોજી હતી. સીએમ ચંદ્રાબાબુ નાયડુએ આ ઘટનાને લઈને શોકની લાગણી વ્યક્ત કરી છે. તેમણે મૃતકોના સંબંધીઓને દિલસોજી પાઠવી છે અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર પૂરી પાડવા આદેશ આપ્યા છે. અકસ્માત પર દુઃખ વ્યક્ત કરતા પીએમ મોદીએ કહ્યું કે હું આંધ્રપ્રદેશના તિરુપતિ મંદિરમાં બનેલી નાસભાગની ઘટનાથી દુખી છું. મારી સહાનુભૂતિએ લોકો સાથે છે જેમણે તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે.

# INDIA બ્લોક ખતમ ! કોંગ્રેસના દિગ્ગજ નેતા પવન ખેડાના નિવેદનથી હડકંપ

**નવી દિલ્હી**

બંગાળના CM મમતા બેનર્જી, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ, રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ, જમ્મુ-કાશ્મીરના સીએમ ઓમર અબ્દુલ્લાહ અને મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે કોંગ્રેસના નેતૃત્વથી નારાજ થયા છે. ત્યારે હવે કોંગ્રેસના જ દિગ્ગજ નેતા પવન ખેડાએ આ અંગે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. પવન ખેડાએ કહ્યું ઈન્ડિયા ગઠબંધન લોકસભા ચૂંટણી માટે હતું. ઈન્ડિયા ગઠબંધન લોકસભા ચૂંટણી માટે હતું. ઈન્ડિયા ગઠબંધન લોકસભા ચૂંટણી માટે હતું અને રાષ્ટ્રીય સ્તર પર હતું. જુદા જુદા રાજ્યોની પરિસ્થિતિઓના હિસાબથી જે પક્ષ છે, કોંગ્રેસ હોય કે સ્થાનિક પક્ષ હોય તે નિર્ણય લે છે કે સાથે મળીને લડવું છે કે અલગ-અલગ લડવું છે.

કોંગ્રેસના નેતા અને નવી દિલ્હી વિધાનસભા બેઠકના ઉમેદવાર સંદીપ દીક્ષિતે કહ્યું કે, 'I.N.D.I.A. ગઠબંધન રચના લોકસભા ચૂંટણી માટે કરવામાં આવી હતી, તેનું વિધાનસભા ચૂંટણી સાથે કોઈ લેવા-દેવા નથી. જો કાલે હું કહું કે, હું ઓસ્ટ્રેલિયાની ચૂંટણીમાં એક પક્ષને સમર્થન આપી રહ્યો છું, તો મારી જેટલી અસર ઓસ્ટ્રેલિયામાં પડશે, એટલી જ દિલ્હીમાં સપા અને તૃણમૂલને પડશે.

# 'વન નેશન વન ઇલેક્શન' મુદ્દે JPCની બેઠક, 18 હજાર પેજનો રિપોર્ટ મોકલાયો

**નવી દિલ્હી**

'વન નેશન વન ઈલેક્શન' સંબંધી બે બિલ માટે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ(JPC)ની પહેલી બેઠક બુધવારના રોજ યોજાઈ હતી. આ દરમિયાન સત્તા પક્ષ-વિપક્ષથી જોડાયેલા તમામ સાંસદોએ પોતપોતાની વાત સમિતિ સમક્ષ રાખી. સત્તા પક્ષથી જોડાયેલા સાંસદોએ આ બિલને દેશની જરૂરિયાત ગણાવી જ્યારે વિપક્ષી સાંસદોએ બિલને રાજ્યોના અધિકાર છીનવનારું બિલ ગણાવ્યું હતું. આ બેઠક દરમિયાન કાયદા મંત્રાયલના અધિકારીઓએ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ



કોવિંદની બનાવેલી સમિતિના રિપોર્ટ અંગે સમિતિના સભ્યોને માહિતી આપી. તો આ સિવાય બિલની જોગવાઈઓ અંગે પણ સમિતિના સભ્યોને માહિતગાર કરાવાયા. બેઠક બાદ સમિતિના તમામ સભ્યોને એક મોટી બેગમાં 18,000થી વધુ પેજના દસ્તાવેજો સોંપવામાં આવ્યા. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે સૂટકેસની સાથે એક તસવીર પણ શેર કરી હતી.

# કેરળમાં મંદિરના ઉત્સવમાં ગજરાજનું તોફાન માણસોને રમકડાંની જેમ ઉછાળ્યાં, 20ને ઈજા

**બેંગ્લોર**

કેરળના એક મંદિરમાં હાથીએ અચાનક તોફાન મચાવી દીધુ હતું. હાથીએ લોકો પર હુમલો કરી દીધો હતો. ઘટનામાં 20થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ દરમયાન હાથીએ માણસોને રમકડાંની જેમ ઉલાળ્યાં હતા. તેમાંથી 2ની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે.

બુધવારે રાત્રે અહીં મંદિરમાં ઉત્સવ ચાલી રહ્યો હતો. ત્યારે મોડી રાત્રે 1:00 વાગ્યા આસપાસ ઉત્સવમાં સામેલ હાથીઓમાંથી એક આક્રમક થઈ ગયો



હતો અને તેણે લોકો પર હુમલો કરી દીધો હતો. અહીં પાંચ હાથી એકસાથે ઊભા હતા. તેમની વચ્ચે ઊભેલા હાથીએ જેનું નામ પાકોથ શ્રીકુટ્ટન હતું, તેણે અચાનક સામે ઊભેલા લોકોની ભીડ પર હુમલો કરી દીધો હતો. હાથીએ ત્યાં ઉભેલી વ્યક્તિને પોતાની સૂંઢમાં દબોચી લીધો હતો. ત્યારબાદ તેને જોર-જોરથી ફેરવ્યો અને પછી ભીડમાં ફેંકી દીધો. વ્યક્તિને તરત જ કોટ્ટાક્કલની MIMS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

# મહારાષ્ટ્રની હચમચાવતી ઘટના : દેવું થઈ જતાં દંપતીએ એનિવર્સરીએ જ જીવન ટૂંકાવી દીધું

**નાગપુર**

મહારાષ્ટ્રના નાગપુરમાંથી એક હચમચાવી દેતી ઘટના સામે આવી છે. દેવામાં ડૂબેલા પતિ-પત્નીએ આત્મહત્યા કરી લીધી છે. બંનેને કોઈ સંતાન ન હતું. આ કપલે પોતાના જીવનનો અંત લાવવા માટે એ જ તારીખ પસંદ કરી જે દિવસે તેમના લગ્ન થયા હતા. પતિ-પત્નીએ લગ્નના જ કપડાં પહેરીને મોતને વહાલું કરી લીધું છે. આ કાળજુ કંપાવનારી ઘટના સોમવારે માર્ટિનનગર વિસ્તારમાં બની હતી. આત્મહત્યા કરનાર દંપતીના નામ જેરીલ ઉર્ફે ટોની ઓસ્કર મોનક્રીપ (ઉંમર 54) અને



એની જેરીલ મોનક્રીપ (ઉંમર 45) છે. આ દંપતિએ આત્મહત્યા કરતાં પહેલાં વોટ્સએપ સ્ટેટસ પર પોતાનો એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેમણે આત્મહત્યા પાછળનું કારણ જણાવ્યું હતું.

**લગ્નના 25 વર્ષે પણ સંતાન નહોતું**

આ મામલે પોલીસે જણાવ્યું કે, જેરીલ અને એની મૈત્રીપૂર્ણ દંપતિ હતા. જેરીલ એક હોટલમાં શેફ તરીકે કામ કરતો હતો અને તેમના પત્ની હાઉસ વાઈફ હતા. તેમના દિલમાં દુઃખ એ વાતનું હતું કે લગ્નના 25 વર્ષ પછી પણ તેમને કોઈ સંતાન નહોતું. તેનું જીવન સરળ રીતે ચાલી રહ્યું હતું. તેઓ પોતાને ખુશ રાખવાના તમામ પ્રયાસ કરતા હતા. આ વચ્ચે જેરીલે પોતાની નોકરી ગુમાવી દીધી હતી. જલ્દી નોકરી મળી જશે તેવી આશામાં તેઓ જીવી રહ્યા હતા અને લોન લઈને પરિવારની જરૂરિયાતો પૂરી કરતો હતો.

# ઉત્તર પ્રદેશના ગામમાં ટ્રાન્ફોર્મરની ચોરી, 25 દિવસથી અંધારપટ છવાયો

**બદાયું**

ઉત્તર પ્રદેશના બદાયું જિલ્લાના સોરહા ગામના ૫૦૦૦થી વધુ રહેવાસી છેલ્લા ૨૫ દિવસથી કડકડતી ઠંડીમાં અંધારપટમાં જીવન ગુજારી રહ્યાં છે કારણકે થોડાક દિવસો પહેલા વીજ પુરવઠો પુરો પાડનાર ૨૫૦ કેવીએના ટ્રાન્સફોર્મરની ચોરી થઇ ગઇ હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર ચોરોએ ખેતરમાંથી ટ્રાન્સફોર્મર ઉખાડી નાખ્યું હતું અને તેમાંથી કિંમતી માલસામગ્રી ચોરીને તે ભાગી ગયા હતાં. વીજ વિભાગે કેસની તપાસ શરૂ કરી દીધી છે.

ચોરીની માહિતી મળ્યા પછી પોલીસ અને વિજળી વિભાગે તપાસ શરૂ કરી દીધી છે. જો કે ઘટનાના ૨૫ દિવસ પછી પણ ગામમાં નવું ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યું નથી અને ગામના લોકો અંધારામાં રહેવા મજબૂર છે. લગભગ ૫૦૦૦ની વસ્તી ધરાવતા આ ગામના લોકોને વીજળી વગર અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સૌથી ખરાબ સ્થિતિ વિદ્યાર્થીઓની છે જે ફેબુરઆરીમાં લેવાનાર ઉત્તર પ્રદેશ બોર્ડની પરીક્ષાની તૈયારી કરી રહ્યાં છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર વીજળી વગર વિદ્યાર્થીઓ રાતના સમયે વાંચી શક્તા નથી જેના કારણે તેમનું ભવિષ્ય જોખમમાં મૂકાઇ રહ્યું છે.

# મહારાષ્ટ્રનાં ૩ ગામમાં એકાએક લોકો ટાલિયા બનવા લાગતા હાહાકાર

**બુલઢાણા**

મનુષ્યની સુંદરતામાં વાળનું આગવું મહત્વ છે. વાળની જાળવણી માટે લોકો અનેક જાતના ઉપચારો અને નુસખાં અજમાવતા રહે છે. જો કે મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના કેટલાંક ગામોમાં છેલ્લાં કેટલાંક સમયથી એક વિચિત્ર બીમારી ફેલાઈ છે. જેને કારણે સંખ્યાબંધ લોકોના વાળ ઝડપથી ખરી રહ્યાં છે અને લોકો ગણતરીના દિવસોમાં જ ટાલિયા બની રહ્યાં છે. બુલઢાણા જિલ્લાના ત્રણ ગામોમાં છેલ્લા ૩ દિવસમાં ૬૦થી વધુ લોકોના વાળ અચાનક જ ખરવાનું શરૂ થઈ ગયું છે. જિલ્લાના શેગાંવ તહસીલના બોંડગાંવ, કાલવાડ અને હિંગણા ગામમાં બાળકોથી લઈને વૃદ્ધો સુધીના દરેકના વાળ ખરવા લાગ્યા છે. જેના કારણે તેઓને ટાલ પડી રહી છે, મહિલાઓ પણ તેનો શિકાર બની રહી છે. આ ગામડાઓમાં ફેલાઈ રહેલો આ કયા પ્રકારનો રોગ છે, તે હજુ સુધી જાણી શકાયું નથી.

# 3 ભાઈને જેની હત્યા બદલ 8 મહિના જેલ થઈ, તે 17 વર્ષે જીવતો મળી આવ્યો

**લખનઉ**

ઉત્તરપ્રદેશના ઝાંસીમાંથી હૃદયવિદારક કિસ્સો સામે આવ્યો છે. ઝાંસીની પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એવી વ્યક્તિને જીવતા શોધી કાઢી જેની બિહાર પોલીસના રેકોર્ડ મુજબ 17 વર્ષ પહેલા હત્યા થઈ ચૂકી હતી. આ જીવિત વ્યક્તિની હત્યાના આરોપમાં ચાર વ્યક્તિ જેલ જઈ ચૂક્યા છે અને તેમાંથી એકનું મોત પણ થઈ ગયું છે. બાકીના ત્રણ હાલ જામીન પર જેલની બહાર છે.

જામીન પર બહાર રહેલા આરોપીઓએ જ્યારે આ સમાચાર સાંભળ્યા કે તેમને જેના મર્ડરના આરોપમાં સજા થઈ છે તે વ્યક્તિ જીવિત છે ત્યારે તેમની આંખમાં આંસુ આવી ગયા હતા. ઝાંસીની પોલીસે શોધી કાઢેલા આ નથુની પાલે જણાવ્યું હતું કે, હું પોતાના ગામમાં હતો ત્યારે તેના માતા-પિતા મૃત્યુ પામ્યા. લગ્નના કેટલાક વર્ષો પછી સંતાનનો જન્મ ન થતાં પત્ની પણ છોડીને જતી રહી. ત્યારબાદ હું મારા કાકાના ભાઈઓ જોડે જઈને રહેવા લાગ્યો. તેની પાસે લગભગ અઢી વીઘા જમીન હતી. તે 2008માં ગામ છોડીને નીકળી ગયો, પછી ક્યારેય પાછો ન ગયો. ત્યારબાદ ફરતા-ફરતા છ મહિના પહેલાં અહીં ઝાંસી આવ્યો અને ત્યારથી અહીં જ રહુ છું. ગામ છોડ્યા પછી ત્યાં શું થયું તેની ખબર નથી.

# વાહન અકસ્માતના પીડિતો માટે કેશલેસ પોલિસી બનાવો : સુપ્રીમ

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે સીમાચિહ્નરૂપ ચુકાદામાં કેન્દ્ર સરકારને વાહન અકસ્માતના પીડિતોની 'ગોલ્ડન અવર'માં કેશલેસ મેડિકલ સારવાર માટે યોજના તૈયાર કરવા જણાવ્યું છે. કોર્ટે સરકારને ૧૪ માર્ચ સુધીમાં પોલિસી તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો. તેને લીધે નિર્ણાયક સમયમાં અકસ્માતના પીડિતોને જરૂરી મેડિકલ સારવારથી ઘણા લોકોના જીવ બચાવી શકાશે. મોટર વ્હિકલ્સ એક્ટ, ૧૯૮૮ની કલમ ૨(૧૨-એ) હેઠળ ગોલ્ડન અવરની વ્યાખ્યા દર્શાવાઈ છે. જેમાં અકસ્માત પછીના મહત્વના એક કલાકમાં મૃત્યુ અટકાવવા એક કલાકના ગાળામાં પીડિતને અપાતી સારવારનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટના જજ અભય ઓકા અને ઓગસ્ટિન જ્યોર્જ મસિહે જણાવ્યું હતું કે, "અમે કેન્દ્ર સરકારને મોટર વ્હિકલ્સ એક્ટની કલમ ૧૬૨(૨) હેઠળ ૧૪ માર્ચ, ૨૦૨૫ સુધીમાં યોજના બનાવવાનો નિર્દેશ કરીએ છીએ.

# છત્તીસગઢ : પાઈપ બનાવતી ફેક્ટરીમાં ચીમની તૂટી પડતા 25 શ્રમિકો દબાયા, અનેકના મોત

**રાંચી**

છત્તીસગઢના મુંગેલી જિલ્લાના રામબોડ ગામમાં નિર્માણાધીન કુસુમ પ્લાન્ટમાં એક મોટી દુર્ઘટના બની. લોખંડના પાઈપ બનાવતી એક ફેક્ટરીમાં ચીમની તૂટી પડતાં 25 થી વધુ શ્રમિકો કાટમાળ નીચે દટાયા હતા. અનેક શ્રમિકોના મોતની આશંકા છે, જોકે તેની પુષ્ટિ હજુ સુધી કરવામાં આવી નથી. જણાવી દઈએ કે, આ દુર્ઘટના તે સમયે બની જ્યારે એક લોખંડના પાઈપ બનાવતી ફેક્ટરીનું નિર્માણ કામ ચાલી રહ્યું હતું. ઘટનાની માહિતી મળતા જ પોલીસ અને વહીવટીતંત્ર ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. કાટમાળ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી ચાલુ છે. આ ઘટના સરગાંવ વિસ્તારના રામબોડમાં બની છે. રાહત અને બચાવ કામગીરીમાં સ્થાનિક લોકો પણ તંત્રની મદદે દોડી આવ્યા છે.



નિર્માણધીન કંપનીનું નામ કુસુમ છે, જેનો પ્લાન્ટ તૈયાર કરાઈ રહ્યો હતો. ચીમની તૂટી પડવાના કારણે 25થી વધુ લોકો કાટમાળમાં દબાઈ ગયા છે.

# નાગપુરમાં બે કેસ સાથે દેશમાં HMPVના કુલ સાત દર્દી નોંધાયા

## કેન્દ્ર સરકારે રાજ્યોને તપાસ વધારવા નિર્દેશ આપ્યા

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે રાજ્યોને આઈએલઆઈ (ઈન્ફ્લ્યુએન્ઝા લાઈક ઈલનેશ) અને એસએઆરઆઈ (સિવયર એક્યુએટ રિસપેરટરી ઈન્ફેકશન) સહિતના શ્વસન સંબધી રોગોની તપાસ વધારવાના નિર્દેશ આપ્યા છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારે રાજ્યોને હ્યુમન મેટાન્યૂમોવાઈરસ (એચએમપીવી)થી બચવા માટેના ઉપાયો અંગે જાગૃતિ ફેલાવવા જણાવ્યું છે. આજે નાગપુરમાં એચએમપીવીના બે કેસ જોવા મળતા દેશમાં આ વાઈરસના કુલ કેસોની સંખ્યા વધીને સાત થઈ ગઈ છે. મંગળવારે નાગપુરમાં એચએમપીવીના બે શંકાસ્પદ કેસો સામે આવ્યા હતાં. જો કે બંનેને સારવાર પછી રજા આપી દેવામાં આવી હતી તેમ વરિષ્ઠ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

અધિકારીના જણાવ્યા અનુસાર આ બંને દર્દીઓના સેમ્પલ નાગપુરની એઈમ્સ (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયૂટ ઓફ મેડિકલ સાયન્સ) અને પુણેની નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ વાયરોલોજીમાં મોકલી દેવામાં આવ્યા છે.

# હવે ચૂંટણી આયોગ આવ્યું એક્શનમાં ભાજપના પ્રવેશ વર્મા સામે થશે તપાસ

**નવી દિલ્હી**

આમ આદમી પાર્ટી (AAP) દ્વારા ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્મા વિરુદ્ધ કેન્દ્રીય ચૂંટણી આયોગને આપવામાં આવેલી ફરિયાદને આજે ગુરુવારે દિલ્હી ચૂંટણી કમિશનરને મોકલવામાં આવી. ચૂંટણી આયોગે દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીને AAPની ફરિયાદની તપાસ કરવા, તથ્યોની ખાતરી કરવા અને આદર્શ આચારસંહિતા મુજબ તાત્કાલિક યોગ્ય પગલા લેવા જણાવ્યું છે. જેમાં કાર્યવાહીનો રિપોર્ટ કમિશનને મોકલવામાં આવશે.

AAPએ નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારમાંથી ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્માની વિરુદ્ધમાં આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘની ફરિયાદ કરી હતી. જેમાં AAP એ નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારની ચૂંટણી ભૂમિકામાં ફેરફારો અને કાપનો પણ આરોપ લગાવ્યો હતો. કેન્દ્રીય ચૂંટણી આયોગે દિલ્હી ચૂંટણી આયોગને જણાવ્યું હતું કે, 'AAPના પ્રતિનિધિમંડળ તરફથી મતો કાઢી નાખવા અને નવા મતો ઉમેરવા અંગે ફરિયાદ મળી છે. આ સાથે ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્મા સામે આચારસંહિતા ભંગની ફરિયાદ મળી છે.

# મહારાષ્ટ્રમાં નવા જૂની થવાના એંધાણ! શરદ પવાર અને સંજય રાઉતે RSSના કર્યા વખાણ

**મુંબઈ**

મહારાષ્ટ્રના રાજકારણમાં શું થઈ રહ્યું છે, શું મહાવિકાસ અઘાડીમાં કંઈક નવા જૂની થવાની છે? પહેલા શિવસેના યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના વખાણ કર્યા હતા, તો હવે NCPSPના પ્રમુખ શરદ પવાર અને શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS) ના ભરપૂર વખાણ કર્યા છે. આ તમામ બાબતો સામે આવ્યા બાદ રાજ્યના રાજકારણમાં ફરી નવી ચર્ચાઓ અને અટકળો શરુ થઈ ગઈ છે.

વાસ્તવમાં NCPSPના પ્રમુખ શરદ પવાર જૂથની આજે યોજાયેલી બેઠકમાં વિધાનસભા ચૂંટણીમાં હાર સહિત અનેક મુદ્દાઓ પર મંથન અને ચર્ચાઓ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શરદ પવારના નેતૃત્વ હેઠળની NCPSPની શરમજનક હાર થઈ હતી, પરંતુ હવે શરદ પવારે આરએસએસની ભરપૂર પ્રશંસા કરી છે. આ ઉપરાંત શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે પણ આરએસએસના કાર્યકર્તાઓની મહેનતથી ખુશ થયા છે.

બેઠકમાં ઉપસ્થિત રહેલા શરદ પવારે મહાવિકાસ અઘાડીની હાર માટે RSSને જવાબદાર ઠેરવી છે. તેમણે કહ્યું કે, 'રાષ્ટ્રીય સ્વયંસેવ સંઘે ચૂંટણીમાં જોરદાર કામ કર્યું હતું. ભાજપ અને સંઘના મેન્જમેન્ટના કારણે જ તેમની જીત થઈ છે. સંગઠનનું પ્લાનિંગ સારું હતું. તેઓએ ઘરે-ઘરે જઈને પ્રચાર કર્યો. આ જ કારણે મહાયુતિને જીત મળી અને મહાવિકાસ અઘાડીની હાર થઈ હતી.

# ભોપલમાં ડિજિટલ એરેસ્ટનો ભોગ બનનાર મહિલા શિક્ષિકાએ આખરે આત્મહત્યા કરી

## રૂપિયા ટ્રાન્સફર નહીં કરે તો પોલીસ તેના ઘરી આવી ધરપકડ કરશે તેવી ધમકી અપાતી હતી

**ભોપાલ**

મધ્યપ્રદેશના મઉગંજ જિલ્લાના ઘુરેહટા ગામમાં 35 વર્ષની એક મહિલા શિક્ષક રેશમા પાંડેએ આત્મહત્યા કરી લીધી છે. તેણી અનેક દિવસોથી ડિજિટલ એરેસ્ટ હતી. સાઈબર ઠગો તેને દિવસ રાત ફોન કરીને નાણાં માંગ્યા કરતા હતા, તંગ આવીને આખરે રેશમાએ અંતિમ પગલું ભરી લીધું હતું. ગંભીર હાલતમાં તેણીને રિવા જિલ્લાની સંજય ગાંધી હોસ્પિટલમાં ભરતી કરવામાં આવી હતી પણ સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

મોત બાદ પર ઠગો તેના ફોન પર ફોન કરતાં રહ્યા હતાં. અહેવાલો અનુસાર રેશમા મઉગંજની પન્નીમાં એક સરકારી હાઈસ્કૂલમાં ગેસ્ટ ટીચર હતી. એક દિવસે તેને ઠગોનો ફોન આવ્યો હતો. ફોન પર કહેવામાં આવ્યું કે તેમના નામનું એક પાર્સલ મળ્યું છે જેમાં શંકાસ્પદ સામાન છે. તે પછી વોટ્સએપ પર પોલીસ અને આર્મીના કપડામાં સજ્જ લોકોના વીડિયો મોકલવામાં આવ્યા અને તેણીને ધમકી આપવામાં આવી કે તેની વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવશે.

રેશમાના દિયર વિનોદ પાંડેએ જણાવ્યું હતું કે ગભરાયેલી રેશમાએ 22,000 રૂપિયા ટ્રાન્સફર પણ કરી દીધા હતાં. જો કે ઠગ આટલાથી માન્યા ન હતાં અને ધમકી આપી હતી કે જો તેણી વધુ 50,000 રૂપિયા ટ્રાન્સફર નહીં કરે તો નજીકના પોલીસ સ્ટેશન પરથી પોલીસ તેના ઘરે આવીને તેની ધરપકડ કરશે. રેશમાએ તંગ આવીને સોમવારે બપોરે વધુ 500 ટ્રાન્સફર કર્યા હતાં અને તેના થોડી સમય પછી તેણીએ જીવ આપી દીધો હતો.

# ભારતીય રેલવેની સિધ્ધિ : 1178 ફૂટ ઊંચા બ્રિજ ઉપર 110 કિ.મી.ની ઝડપે દોડી ટ્રેન



જમ્મુ-શ્રીનગર રેલવે લાઈન ટૂંક સમયમાં ચાલુ થવા માટે તૈયાર છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પોતાની ટ્વીટર પોસ્ટમાં આ વિશે કહ્યું છે. જોકે, સૌથી મહત્ત્વપૂર્ણ કટરા-બનિહાલ ટ્રેક પર ટ્રાયલ ટ્રેનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. ખાસ વાત એ છે કે આ ટ્રેન લગભગ 1100 ફૂટથી વધુ ઊંચા ચિનાબ પુલ પર 110 કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડથી દોડી. આ સફળ ટ્રાયલની જાણકારી કેન્દ્રીય મંત્રીએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા શેર કરી છે. CRS દિનેશ ચંદ દેશવાલ અનુસાર 'કટરાથી બનિહાલ સુધીનો આ રેલવે ટ્રેક ખૂબ પડકારપૂર્ણ રહ્યો છે. આ 180 ડિગ્રીના ચઢાણવાળો ટ્રેક છે પરંતુ આની પર ટ્રાયલ ટ્રેનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

# વક્ફના નામે પચાવેલી જમીનો પાછી લઈશું, સનાતન ધર્મ હજારો વર્ષોની પરંપરા છે : CM યોગી

**નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે ભારતની સનાતન ધર્મ અંગેની જે માન્યતા છે તે વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિ છે. સનાતન ધર્મની સરખામણી અન્ય કોઈ પણ ધર્મ કે સંપ્રદાય સાથે ના થઈ શકે. હજારો વર્ષોની વિરાસત મારી પાસે છે. આ દરમિયાન યોગીએ અન્ય એક મોટી જાહેરાત કરી હતી, તેમણે દાવો કર્યો હતો કે વકફના બહાને લઈ લેવામાં આવેલી એક ઈંચ જમીન પણ બક્ષવામાં નહીં આવે, આવી તમામ જમીનોને સરકાર પાછી લેશે. લખનઉમાં એક ખાનગી ન્યૂઝ ચેનલના કાર્યક્રમ મહા કુંભ મહાસમ્મેલનમાં બોલતી વખતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે સનાતન ધર્મની પરંપરા આકાશ કરતા પણ વિશાળ છે.

# માઇક્રોસોફ્ટ ભારતમાં 3 અબજ ડોલરનું રોકાણ કરશે : 1 કરોડને ટ્રેઇનિંગ આપશે

## ભારતમાં સૌથી મોટું રોકાણ કરવાની કંપનીની જાહેરાત

**બેંગ્લોર**

માઈક્રોસોફ્ટ ભારતમાં પોતાની ક્લાઉડ કોમ્પ્યુટિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષમતાઓનો વિસ્તાર કરવા માટે બે વર્ષમાં ત્રણ અબજ ડોલરનું રોકાણ કરશે. ચેરમેન અને સીઈઓ સત્ય નડેલાએ કહ્યું કે, અમેરિકન ટેક કંપની ૨૦૩૦ સુધી ભારતમાં એક કરોડ લોકોને એઆઈમાં ટ્રેનિંગ આપશે. પ્રસ્તાવિત ત્રણ અબજ ડોલરનું રોકાણ કંપનીની તરફથી કરવામાં આવેલું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ હશે. નડેલાએ પોતાની ભારત યાત્રા દરમિયાન PM મોદીને પણ મળ્યા હતાં. માઈક્રોસોફ્ટ પોતાની ક્લાઉડ કમ્પ્યુટિંગ સર્વિસીસ એઝ્યોર હેઠળ ઉપલબ્ધ કરાવે છે. કંપનીની પાસે ૬૦થી વધુ એઝ્યોર ક્ષેત્ર છે, જેમાં ૩૦૦થી વધુ ડેટા સેન્ટર સામેલ છે. નડેલા છેલ્લા ફેબુરઆરી, ૨૦૨૪માં ભારત આવ્યા હતાં અને ત્યારે તેમણે જણાવ્યું હતું કે કંપની ૨૦૨૫ સુધી દેશમાં ૨૦ લાખ લોકોને એઆઈ સ્કીલની તક આપશે. તેનો ઉદ્દેશ મુખ્યત્વે નાના શહેરો અને ગ્રામીણ ક્ષેત્રની વ્યકિતઓને પ્રશિક્ષિત કરવા પર હતો.

# આસારામને જામીનને પગલે પીડિતાના પરિવારના ઘરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો

**શાહજહાંપુર**

આસારામને મેડિકલ ગ્રાઉન્ડને આધારે વચગાળાના જામીન પર મુક્ત કરવાના સુપ્રીમ કોર્ટના ચુકાદાપછી શાહજહાંપુર જિલ્લામાં પીડિતાના ઘરની સુરક્ષા વધારવામાં આવી છે તેમ પોલીસ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે. પીડિતાના પિતાએ પોતાના પરિવારની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કોર્ટના ચુકાદા અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતું. એડિશનલ સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ (સિટી) સંજયકુમાર સાગરે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશ પછી તેમણે વ્યકિતગત રીતે પીડિતાના ઘરની મુલાકાત લીધી હતી અને પરિવારજનો સાથે વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પીડિતાના ઘરે એક પોલીસ કર્મી અગાઉથી જ તૈનાત છે.

## ચેમ્પિયન્સ ટ્રોફીને આંડે માંડ એક મહિનો બાકી, પરંતુ આયોજન સ્થળે હજુ કામ અધૂરા

# પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફીના સ્ટેડિયમ તૈયાર નથી!

### કરાચી, લાહોર અને રાવલપિંડીના સ્ટેડિયમોમાં કન્સ્ટ્રક્શન કામગીરી



**સિડની**

ICC ચેમ્પિયન્સ ટ્રોફીને શરૂ થવાને હવે માંડ મહિના કરતા થોડો સમય જ બાકી રહ્યો છે ત્યારે આઈસીસીની ચિંતામાં ભારે વધારો થયો છે કારણ કે ચેમ્પિયન્સ ટ્રોફીના મુકાબલાઓ જ્યાં રમાવાના છે તે પાકિસ્તાનના ક્રિકેટ સ્ટેડિયો મેચના આયોજન માટે હજુ સુધી તૈયાર થઈ શક્યા નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા મેચનું કરાચીના નેશનલ સ્ટેડિયમ, લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ અને રાવલપિંડીના ક્રિકેટ સ્ટેડિયમમાં મેચોનું આયોજન કરાવાનું છે અને હાલ પાકિસ્તાન બોર્ડ સમયની સામે સ્પર્ધા કરી રહ્યું છે જેથી કરીને તેના ક્રિકેટ સ્ટેડિયમોને મેચ માટે તૈયાર કરી શકાય અને આઈસીસીને ટૂર્નામેન્ટના આયોજન માટે તે સોંપી શકાય. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનો આગામી ૧૨ ફેબ્રુઆરીના રોજ પ્રારંભ થવાનો છે પરંતુ આ ક્રિકેટ સ્ટેડિયોમાં બાંધકામ, અપગ્રેડેશનનું કામ હજુ પણ ચાલી રહ્યું છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનાથી શરૂ થયેલા સ્ટેડિયમોના બાંધકામનું કામ ૩૧ ડિસેમ્બરના રોજ સમાપ્ત થઈ જવું જોઈતું હતું.

### લાહોર-કરાચીમાં સૌથી ભારે કન્સ્ટ્રક્શન કાર્ય ચાલી રહ્યું છે...

લાહોર અને કરાચીમાં સૌથી ભારે કન્સ્ટ્રક્શન વર્ક ચાલી રહ્યું છે. અહીં સ્ટેડિયમમાં ડ્રેસિંગ રૂમ્સ અને હોસ્પિટાલિટી બોક્સિસને હજુ સુધી અંતિમ ઓપ આપી શકાયો નથી. વધુમાં નવા એન્ક્લોઝર્સ, ફેન્સિંગ વર્ક, ફ્લડલાઇટ્સ અને પ્રેક્ષકો માટે ખુરશીઓની ગોઠવણીનું કામ હજુ ઘણું દૂર છે. વળી હવામાન પણ પ્રતિકૂળ અસર કરી રહ્યું છે. વાતાવરણને કારણે કન્સ્ટ્રક્શન કામગીરી પ્રભાવિત થઈ રહી છે. મોટાભાગનો સમય ફિનિશિંગના કામ માગી રહ્યો છે.

### આઇસીસી અધિકારીએ નિરાશાજનક સ્થિતિ ગણાવી

ઘટનાક્રમથી માહિતગાર એક અધિકારીએ જણાવ્યું હતું કે, હાલ તો તસવીર ખૂબ જ નિરાશાજનક છે. તમામ ત્રણ સ્ટેડિયમો મેચના આયોજન માટે તૈયાર નથી. અને જે કામ બાકી છે તે રિનોવેશન કે રિફર્બિશમેન્ટનું નહીં પરંતુ કન્સ્ટ્રક્શનનું છે. હાલ બાંધકામ ચાલી રહ્યું છે. હજુ ઘણું બધુ કામ બાકી છે. પ્રેક્ષકોના બેસવા માટેની ખુરશીઓથી માંડીને, ફ્લડલાઇટ્સ તેમજ અન્ય સુવિધાઓ તેમજ ગ્રાઉન્ડમાં આઉટફિલ્ડનું કામ પણ બાકી છે.

## ATP નિશેષ બાસવરેડ્ડીને ઓસ્ટ્રેલિયન ઓપનમાં વાઇલ્ડ કાર્ડ મારફત એન્ટ્રી મળી

# ભારતીય મૂળનો US ટેનિસ ખેલાડી નિશેષ ઓસી. ઓપનમાં નોવાક જોકોવિચ સામે ટકરાશે

**નવી દિલ્હી**

ભારતીય મૂળનો અમેરિકન ટેનિસ ખેલાડી ૧૯ વર્ષીય નિશેષ બાસવરેડ્ડી માટે તેની કેરિયરની શ્રોષ્ઠ પળ નજીક આવી રહી છે. ભારતીય મૂળનો આ ખેલાડી ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટમાં રમવા ઉતરી રહ્યો છે અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે નિશેષ પોતાના પહેલા રાઉન્ડની મેચમાં ટેનિસ જગતના દિગ્ગજ ખેલાડી નોવાક જોકોવિચ સામે મેદાનમાં ઉતરશે. કેલિફોર્નિયાના ન્યૂપોર્ટ બીચમાં જન્મેલો અને ઈન્ડિયાના રાજ્યના કાર્મેલમાં ઉછરેલા નિશેષ બાસવરેડ્ડીના માતાપિતા નેલ્લોર આંધ્રપ્રદેશના વતની હતા. નિશેષે ૨૦૨૪માં એટીપી રેન્કિંગમાં ૪૫૭માં નંબરથી સીધો ૧૩૮ પર પહોંચ્યો



હતો. નિશેષ હજુ સુધીમાં છ એટીપી ચેલેન્જર ટૂર સ્પર્ધાની ફાઈનલમાં પહોંચ્યો છે અને બે ખિતાબ પર તેણે કબ્જો કર્યો હતો જેના કારણે તે એટીપી નેક્સ્ટજેન ફાઈનલ્સ અને ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટમાં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી મેળવી હતી. અમેરિકામાં જન્મેલો હોવા છતાં નિશેષ પોતાના ભારતીય મૂળ સાથે નજીકથી જોડાયેલો છે.

ગંતૂરના મરચા સાથેના ભારતીય વ્યંજનો અને ટોલીવુડની ફિલ્મોનો પ્રસંશક એવો નિશેષ પોતાની ભારતીય ઓળખને વરેલો છે. બાસવરેડ્ડી રમત પ્રત્યે પોતાના બૌદ્ધિક અભિગમને પોતાની સૌથી મોટી સંપત્તિ માને છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીનો પૂર્વ વિદ્યાર્થી એવો નિશેષ ડેટા સાયન્સમાં અભ્યાસ કર્યા બાદ ડિસેમ્બર ૨૦૨૪માં પ્રોફેશનલ બન્યો હતો. નિશેષને બાળપણથી જ ટેનિસની રમત પ્રત્યે ખુબ જ લગાવ હતો.

## જસપ્રીત બુમરાહ આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ માટે નામાંકિત થયો



દુબઇ : ટીમ ઇન્ડિયાના તેજીલા તોખાર જસપ્રીત બુમરાહને આઇસીસી પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ માટે નામાંકિત કરાયો છે. તાજેતરમાં જ ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં બુમરાહે ઘાતક બોલિંગ કરી હતી. તે સિરીઝમાં ૩૨ વિકેટ ઝડપવાની સાથે જ બોર્ડર-ગાવસ્કર સિરીઝમાં સૌથી વધારે વિકેટ ખેરવનાર બોલર બન્યો હતો. તેના આ શાનદાર પ્રદર્શનનું બુમરાહને હવે ઇનામ મળ્યું છે. બુમરાહને ડિસેમ્બર મહિના માટે આઇસીસી પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ માટે નામાંકિત કરાયો છે. બુમરાહ હાલ પીઠની ઇજાથી પીડિત છે. તે બીજીટી સિરીઝનો સર્વશ્રોષ્ઠ ખેલાડી જાહેર કરાયો હતો. 30 વર્ષીય બુમરાહ પીઠ જકડાઈ જવાને કારણે ઓસ્ટ્રેલિયા સામે બીજી ઇનિંગમાં બોલિંગ કરી શક્યો નહોતો. તેણે પાંચ મેચની સિરીઝમાં ૧૫૦ કરતા પણ વધારે ઓવર નાખી હતી. આ એવોર્ડની રેસમાં બુમરાહ ઉપરાંત ઓસ્ટ્રેલિયાનો સુકાની પેટ કમિન્સ અને દક્ષિણ આફ્રિકાનો ઝડપી બોલર ડેન પેટરસન પણ સામેલ છે. કમિન્સના સુકાન હેઠળ ઓસ્ટ્રેલિયા ૧૦ વર્ષના લાંબા અંતરાલ બાદ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ફરીવાર જીતી શક્યું હતું. કમિન્સે ડિસેમ્બરમાં ભારત સામે રમાયેલી ત્રણ ટેસ્ટ મેચમાં ૧૭ વિકેટ લીધી હતી. તે સિવાય તે ૪૯ અને ૪૧ રનની ઉપયોગી ઇનિંગ પણ રમ્યો હતો.

## ઓલરાઉન્ડર ઋષિ ધવને લિમિટેડ ઓવર્સ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી



નવીદિલ્હી : ભારતીય ટીમના ઓલરાઉન્ડર ઋષિ ધવને મર્યાદિત ઓવરની ક્રિકેટમાંથી સંન્યાસ લીધો છે. રવિવારે સોશિયલ મીડિયા પર એક લાંબી નોંધ લખીને નિવૃત્તિની જાહેરાત કરી છે. જોકે પૂર્ણ કક્ષાની ક્રિકેટ મેચ રમતા રહેશે. રણજી ટ્રોફીમાં હિમાચલપ્રદેશના આ ખેલાડી રમતા રહેશે. પરંતુ આઈપીએલ સહિત સ્થાનિક વનડે -ટી-૨૦ ટૂર્નામેન્ટમાં રમતા જોવા નહીં મળે. ઋષિ ધવન ભારત માટે ચાર મેચ રમી ચૂક્યા છે. તેમાં એક ટી-૨૦ અને ત્રણ વનડેનો સમાવેશ થાય છે. તેમને ભારતીય ટેસ્ટ ટીમમાં તક નથી મળી. જોકે ઘરેલુ ક્રિકેટમાં તેઓ ખબ રન બનાવી ચૂક્યા છે અને વિકેટ્સ લઈ ચૂક્યા છે. તેમના કપ્તાનપદે હિમાચલપ્રદેશે ૨૦૨૧-૨૨માં વિજય હજારે ટ્રોફી જીતી લીધી હતી. ઋષિ ધવને પોતાની પોસ્ટમાં લખ્યું છે કે' ભારે મને, જોકે મને કોઈ પસ્તાવો નથી, હું મર્યાદિત ઓવરની ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરું છું.

# ભારતની ૧૬ વર્ષીય અનહત સિંહે બ્રિટિશ જુનિયર ઓપન સ્ક્વોશ ટાઈટલ જીતી

### પ્રારંભિક સેટમાં પાછળ રહ્યા બાદ અનહતે જોરદાર કમબેક કરી મેચ જીતી હતી

**લંડન**

દેશની ઉભરતી સ્ક્વોશ ખેલાડી ૧૬ વર્ષીય અનહત સિંહે અંડર-૧૭ બ્રિટિશ ઓપન જુનિયર સ્ક્વોશ ટૂર્નામેન્ટનો ખિતાબ જીતી લીધો હતો. ટોચની ક્રમાંકિત અનહતે ફાઈનલમાં ઈજિપ્તની બીજો ક્રમાંક ધરાવતી મલિકા અલ કરાક્સીને એક સેટ પાછળ થયા બાદ ૪-૧૧, ૧૧-૯, ૬-૧૧, ૧૧-૫, ૧૧-૩થી પરાજય આપ્યો હતો. અનહત આ પહેલા અહીં અંડર-૧૧ અને અંડર-૧૫ કેટેગરીમાં ખિતાબ જીતી ચુકી છે. ગયા વર્ષે જ અનહત અંડ-૧૭ની ફાઈનલમાં પહોંચી હતી પરંતુ તેનો પરાજય થયો હતો. ૨૦૨૨માં અનહત કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેનારી દેશની સૌથી યુવા ખેલાડી બની હતી. અનહત એશિયન ગેમ્સ અને એશિયન ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલિસ્ટ છે. વર્તમાનમાં અનહત વિશ્વમાં ૮૨ ક્રમાંક ધરાવે છે. અનહત ૨૦૧૯માં અંડર-૧૧ લેવલ પર પહેલીવાર પ્રતિષ્ઠિત બ્રિટિશ ઓપન સ્ક્વોશ ટૂર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ખિતાબ બાદ અનહતે બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું. આ વર્ષે જ અનહતે એશિયન જુનિયર ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. વર્ષ ૨૦૨૦માં તેણે બ્રિટિશ અને મલેશિયા જુનિયર ઓપન ટૂર્નામેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.



### યુએસ ઓપન 2021માં જુનિયર ચેમ્પિયન બની હતી

અનહતે ફિલાડેલ્ફિયામાં આયોજીત યુએસઓપન ૨૦૨૧ જુનિયર (અંડર-૧૫) સ્ક્વોશ ટૂર્નમિન્ટ જીતી હી. તે કોઇપણ એજ કેટેગરીમાં યુએસ ઓપન સ્ક્વોશ ટૂર્નમિન્ટમાં ચેમ્પિયન બનનારી પહેલી ભારતીય મહિલા બની હતી. ૨૦૨૨માં તેણે કમાલ કરી હતી. તેણે જૂન ૨૦૨૨માં થાઇલેન્ડ એશિયન જુનિયર સ્ક્વોશ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

# લોસ એન્જેલેસ આગ : અનેક સેલેબ્રિટીના મકાન ખાક











હોલિવૂડ ફિલ્મ સિટી તરીકે જાણીતા લોસ એંજલસમાં જંગલોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે અને અત્યાર સુધીમાં સેંકડો એકરમાં ફેલાઇ ગઇ છે. લોસ એન્જેલેસ લોસ એંજલસમાં લાગેલી ભીષણ આગમાં સેંકડો ઘર નાશ પામ્યા છે. જેમાં જેમી લી કાર્ટિસ, મૈંડી મૂર, પેરિસ હિલ્ટન, એડમ બ્રોડી, યૂઝીન લેવી, એંથની હોપકિંસ, બિલી ક્રિસ્ટલ, માઇલ્સ ટેલર, કેલી ટેલર અને અન્ના ફારિસ જેવી હસ્તીઓના ઘર સામેલ છે. બોલિવૂડ એક્ટ્રેસ નોરા ફતેહી પણ આ ઘટનાની સાક્ષી બની હતી. આગના કારણે નોરા અને તેની ટીમને હોટલ ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું.

# ઉત્તરાયણ : મકરસંક્રાતિ સાથે સૂર્યનું ઉત્તર તરફ સંક્રમણ

**માનવ જાતને અસરકર્તા ઉત્તરાયણ એટલે દેવતાઓનો દિવસ આ સમયે મૃત્યુ થાય તો જીવને વૈકુંઠમાં સ્થાન મળે છે. જીવનમાં જૂની પ્રથા કે નિરર્થક બાબતો બાધારૂપ હોય, તેનો ત્યાગ કરીને નવીન મૂલ્યોને અપનાવવાનો સંદેશ આ પર્વ આપણને આપી જાય છે.**

### સમગ્ર વિશ્વમાં પ્રદેશ મુજબ દિવસનું મહત્વ મકર સંક્રાંતિ (ઉત્તરાયણ)નું માહાત્મ્ય :

સૂર્ય ધનુ રાશિમાંથી મકર રાશિમાં સંક્રમણ કે પરિવર્તન કરે છે, તેને મકર સંક્રાંતિ કહે છે. બીજા શબ્દોમાં સૂર્ય ઉત્તર તરફ ખસતો કે ગતિ કરતો હોવાથી આ દિવસને ઉત્તરાયણ (ઉત્તર+અયન) તરીકે ઓળખવામાં આવે છે. ઉતરાયણના ૬ માસ પૂરા થાય એટલે દક્ષિણાયનના માસનો પ્રારંભ થાય છે. તેને દેવતાઓની રાત્રિ કહે છે. આ સમયે મૃત્યુ પામનાર જીવ ચંદ્રનો પ્રકાશ મેળવી ફરીથી સંસારમાં જન્મ લે છે, તેવી ધાર્મિક માન્યતા છે. ઉત્તર તરફ ગતિનો પ્રારંભ ૨૧ ડિસેમ્બરથી થાય છે. આમ તો ૧૪મી જાન્યુઆરી આસપાસનો સમય ગણવામાં આવે છે. પરંતુ ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ ઈ.સ.૨૦૧૬ના જાન્યુઆરી મહિનામાં ૧૫ જાન્યુઆરીના દિવસે ઉત્તરાયણ (મકર સંક્રાંતિ) હતી. સૂર્ય ઉત્તર તરફ ગતિ કરતો હોવાથી હવે રાત્રિઓ ટુંકી અને દિવસો લાંબા થવાની શરૂઆત થાય છે. સૂર્ય મકર રાશિમાં પ્રવેશતાં જ તેજોમય બને છે. સૂર્યનું ઉત્તર તરફનું સંક્રમણ માનવજાતને એટલું જ લાગુ પડે છે. જેમ જેમ સમય ચક્ર આગળ વધે છે, તે પ્રમાણે આપણે પરિવર્તન કરવું જરૂરી છે. સમય સાથે કદમ તાલ ન મિલાવી શકનાર સમાજમાંથી દૂર ફેંકાઈ જાય છે. આમ સંક્રમણનો બીજો અર્થ વિકાસ પણ થાય છે. આપણા જીવનમાં જૂની પ્રથા કે નિરર્થક બાબતો બાધારૂપ હોય, તેનો ત્યાગ કરીને નવીન મૂલ્યોને અપનાવવાનો સંદેશ આ પર્વ આપણને આપી જાય છે. જેવી રીતે કર્મયોગી બનેલો સૂર્ય દક્ષિણમાંથી ઉત્તર તરફ પરિવર્તનનો માર્ગ ગ્રહણ કરે છે, તેવી રીતે આપણે અજ્ઞાન રૂપી તિમિર (અંધકાર)ને ત્યજીને જ્ઞાનરૂપી પ્રકાશની વાટે પ્રયાણ કરવાનું છે, તો જ આપણે સારા નરસાંનો ભેદ તારવી શકીશું. સંક્રાંતિ શબ્દના અનેક ભેદ- સંક્રાંતિનો અર્થ છે સમૂહ ક્રાંતિ કે સંઘ ક્રાંતિ. અર્થાત્ સંઘ કે, સમૂહ સંગઠિત થાય તો ગમે તેટલા કઠિન કાર્યોમાં અવશ્ય ફતેહ પ્રાપ્ત કરે છે. સંક્રાંતિનો બીજો અર્થ મહાપુરુષો “સંગ ક્રાંતિ”કરે છે. રાગ, દ્વેષ, મોહ માયાની આસક્તિનો ત્યાગ કરીને માનવતા, પ્રામાણિકતા, શુદ્ધ આચાર વિચાર, સત્ય, સત્કર્મો કરીને પ્રભુ ભક્તિનો સંગ એટલે સત્સંગ કરવો જેવી રીતે અર્જુને કૃષ્ણનો સંગ કર્યો હતો અને કર્ણ દુષ્ટ દુર્યોધનનો સંગ (કુસંગ) કરીને ધિક્કારને પાત્ર બન્યો.

### વિવિધ ક્ષેત્રોમાં મકર સંક્રાંતિના વિભિન્ન નામોઃ-.

૧. ઉત્તર ભારતમાં હિમાચલ પ્રદેશમાં લોહળી કે લોહલી. પંજાબમાં લોહડી ૨. પૂર્વ ભારતમાં બિહારમાં સંક્રાંતિ, આસામમાં ભોગાલી બિહુ ૩. પશ્ચિમ બંગાળ ઓરિસ્સામાં મકર સંક્રાંતિ ૪. પશ્ચિમ ભારતમાં ગુજરાત કે રાજસ્થાનમાં મકરસંક્રાંતિ અને મહારાષ્ટ્રમાં સંક્રાંત. ૫. દક્ષિણ ભારતમાં આંધ્ર પ્રદેશ, તેલુગુ, તામિલનાડુમાં પોંગલ, કર્ણાટકમાં સક્રાંથી કે સંક્રાંથ. શબરી માલા મંદિરમાં વલ્લાકુ ઉત્સવ. ૬. નેપાળમાં થારુ લોકો માઘી અથવા માઘ સંક્રાંતિ કહે છે. ૭ થાઈલેન્ડમાં સોંગક્રાંત, લાઓસમાં પિમાલાઓ અને મ્યાનમારમાં થિંગયાનના નામથી ઉજવવામાં આવે છે.

### પુરાણમાં ઉત્તરાયણનું મહત્વ :-

મહાભારતના યુદ્ધમાં કુરુવંશના સંરક્ષક ભીષ્મ પિતામહે મકર સંક્રાંતિ સમયે સૂર્યોદય ટાણે દેહ છોડવાનું પસંદ કર્યું હતું. કેમ કે, તે દિવસે શિવજીની જટામાંથી ભગીરથના પ્રયત્નોથી પતિત પાવની મા ગંગાનું પુણ્ય ભૂમિ પર અવતરણ થયું હતું. તેઓ ગંગાપુત્ર હતા. ઉત્તરાયણના દિવસે ભીષ્મે દેહોત્સર્ગ કર્યો હતો. તેથી આ પર્વને ભીષ્મ દેહોત્સર્ગ ઉત્સવ અથવા ભીષ્મ જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે. બાણશૈયા ઉપર ઈચ્છા મૃત્યુને ભેટનાર ભીષ્મને યુધિષ્ઠિર પ્રશ્ન કરે છે કે, “માનવ કલ્યાણ માટે શું શ્રેષ્ઠ છે ? ભીષ્મ કહે છે કે” અંતિમ લક્ષ શ્રી હરિ વિષ્ણુ જ છે. વિષ્ણુના હજાર (સહસ્ત્ર) નામનો જાપ કરીને વિષ્ણુ સહસ્ત્ર નામ કે સ્તોત્રના જાપ જ શ્રેયકર છે.

### જ્યોતિષની દૃષ્ટિએ મકર સંક્રાંતિએ ઉપાસના અને અનુષ્ઠાનો વિશે જાણો

ઋગવેદમાં સૂર્ય માટે “પતંગ” શબ્દનો પ્રયોગ થયો છે. આર્યો પણ પ્રાચીનકાળથી સૂર્યની પૂજા કરતા હતા. કેમ કે, સૂર્યપૂજા કરવાથી અમંગળ, દરિદ્રતા અને રોગથી મુક્તિ મળે છે અને માનવ કલ્યાણ થાય છે. તાંબાના લોટામાં સાકર મિશ્રિત જળ ભરીને પીંપળે જળ ચડાવવાથી પિતૃદેવો અતિ પ્રસન્ન થાય છે. જો સ્ત્રીઓ ગાયત્રી મંત્રની યોગ્ય રીતે સાધના કરે તો તેઓની આંતરિક શક્તિ માં ઘણો વધારો કરી શકે છે. સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરતો હોવાથી કમૂરતા પૂર્ણ થાય છે ને લગ્ન આદિ માંગલિક કાર્યોનો પ્રારંભ થાય છે. બીજું કે, ઉતરાયણના દિવસે સૂર્ય તેમના પુત્ર શનિદેવને મળ્યા હતા. તેથી આ પર્વની ઉજવણીથી પિતા પુત્ર વચ્ચે ગમે તેવો અણબનાવ હોય તો તે દૂર થાય છે. મકરસંક્રાંતિ એ જ્ઞાનની દેવી મા સરસ્વતીની પૂજા આદર કરવાનો પણ આ આદર્શ સમય મનાય છે. હાથેથી છડેલા સાત ધાનનો (ધાન્ય) ખીચડો બનાવવાનું જ્યોતિષની દ્રષ્ટિ એ ખુબ મહત્વ છે. ખીચડો બનાવીને (જુવાર, બાજરી, ઘઉં, ચોખા, મગની દાળ, તુવેરની દાળ, અડદની દાળ) નાની બાળાઓ, બહેન, દીકરી અન્ય લોકોને ખવડાવવાથી પુણ્ય મળે છે. ખીચડાના સેવનથી કુંડળીના ગ્રહોની સ્થિતિ સુધરે છે. ચોખાનો સંબંધ ચંદ્રમા સાથે અડદ દાળને શનિનું પ્રતિક ગણાય છે. હળદરનો સંબંધ ગુરુ ગ્રહ સાથે લીલા શાકભાજીનો સંબંધ બુધ ગ્રહ સાથે હોય છે. ખાસ કરીને પશુ, પ્રાણીઓ, માછલીઓ, તેમજ ગાય અને બળદને ઘઉંની ઘૂઘરી (ટોથા) કરીને ખવડાવવામાં આવે છે. વળી, પહેલાના સમયમાં લાડુમાં સોના મહોર કે સિક્કા મૂકીને ગુપ્ત દાન કરવામાં આવતું હતું.

### લોકપ્રિય મેળાઓનું આયોજન :-

આ દિવસે ખુબજ પ્રખ્યાત કુંભ મેળો ભરાય છે. જે દર બાર વર્ષે હરિદ્વાર, પ્રયાગ, ઉજ્જૈન અનેનાસિક આ ચાર જગ્યાએ વારા ફરતી યોજવામાં આવે છે. વળી, કલકત્તા નજીક ગંગા સાગરનો મેળો ભરાય છે. નદીઓમાં સ્નાન કરવાથી પાપો મુક્તિ મળે છે. આમ, છેલ્લે સમાપનમાં એટલું જ કહીશ કે આ દિવસ ગુરુ પાસે આશીર્વાદ પ્રાપ્ત કરવાનો તેમજ પરિવારના મિલન અને સમર્પણનો દિવસ છે.

- ડૉ. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક - (સંગીતકાર)

# HMPVના અસંખ્ય કેસ બાદ વુહાનમાં શાળાઓ બંધ, WHOએ માંગ્યો રિપોર્ટ

## ભારત, મલેશિય, જાપાનમાં કેસોમાં વધારો, સ્પેનમાં હોસ્પિટલ બહાર લાઇનો લાગી

**વુહાન**

ચીનમાંથી ફેલાયેલો વાઈરસ HMPV (હ્યુમન મેટાન્યૂમો વાઈરસ) વિશ્વભરને ડરાવી રહ્યો છે. ચીનમાં વાઈરસ ફેલાયા બાદ એવી સ્થિતિ ઉભી થઈ છે કે, વુહાનમાં શાળાઓ બંધ કરી દેવી પડી છે. અહીં 10 દિવસમાં એચએમપીવીના કેસો 529 ટકા વધ્યા છે. અનેક બાળકો વાયરસ સંક્રમિત થયા બાદ સરકારે શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવો પડ્યો છે.

ડબલ્યુએચઓએ ચીન પાસે




એચએમપીવી વાયરસની સંપૂર્ણ માહિતી માગી છે. આ વાયરસ અનેક દેશો સુધી પહોંચી ગયો છે, તેમ છતાં ચીન હજુ પણ વાયરસની માહિતી છુપાવી રહ્યો છે.

એચએમપીવી વાયરસ વિશ્વભરમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. ભારત, મલેશિયા, જાપાન, કઝાકિસ્તાનમાં પણ કેસો વધ્યા છે. બ્રિટનમાં પણ સંક્રમક ફેલાઈ રહ્યું છે. ચીનના આ નવા વાયરસે આખા સ્પેનનું ટેન્શન વધારી દીધું છે. સ્પેનની હોસ્પિટલોની બહાર દર્દીઓની લાઈનો લાગી હોવાના અહેવાલો સામે આવ્યા છે. સ્પેનના એલિકાંટેમાં 600થી વધુ લોકોમાં 'ઈન્ફ્લુએન્ઝા A) કેસ હોવાનું સામે આવ્યું છે.

# સાઉદી અરબમાં અચાનક વરસાદ તૂટી પડ્યો, રસ્તા બેટમાં ફેરવાયા



સાઉદી અરબ સતત ગ્લોબલ વોર્મિંગનો ભોગ બની રહ્યું છે. બુધવારે મુશળધાર વરસાદ પડ્યો હતો. જેના કારણે મક્કા, જેદ્દાહ, અલ-બહા, અસિર સહિત વિવિધ શહેરો પૂરનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક રહેવાસીઓ અને સત્તાધીશો સતત આબોહવા પરિવર્તનનો સામનો કરી રહ્યા છે. જો કે, કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું હોવાના અહેવાલો મળ્યા નથી. સાઉદી અરબના હવામાન વિભાગે રેડ સી નજીકના વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. તેમજ શાળાઓમાં બંધનું એલાન આપ્યું છે. રસ્તા પર પાણી ભરાયા હોવાના અહેવાલો છે.

# POKમાં પ્રજાના પ્રચંડ વિરોધને પગલે આખા દેશનું અર્થતંત્રણ પણ સંકટમાં

**ઈસ્લામાબાદ**

આંતરિક સંઘર્ષ, મોંઘવારી અને બેરોજગારી જેવા અનેક પડકારોનો સામનો કરી રહેલું પાકિસ્તાન એક વધુ મુસીબતમાં મૂકાઈ ગયું છે. ચીન સાથેના વેપાર દ્વારા પોતાની અર્થવ્યવસ્થા સુધારવાના તેના પ્રયાસોને ફટકો પડે એવું કંઈ બની રહ્યું છે. સમસ્યા એવી છે કે એનો ઉકેલ લાવવામાં પાકિસ્તાનની સરકારને મોંઢે ફીણ આવી ગયા છે.

પાકિસ્તાનના ઉત્તરી પ્રાંત ગિલગિટ-બાલ્ટિસ્તાનનો મુખ્ય હાઈવે સ્થાનિક લોકોએ બ્લોક કરી દીધો હોવાથી પરિવહન સમસ્યા સર્જાઈ છે. પ્રદર્શનકારીઓએ ગત શુક્રવારથી કારાકોરમ હાઈવે (KKH) બ્લોક કરી રાખ્યો છે. સરકારે એમને મનાવવાની કોશિશ કરી છે, પણ લોકો માનતા નથી. છેલ્લા ચાર દિવસથી સ્થિતિ જૈસે-થે છે, જેને લીધે ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) દ્વારા માલસામાન વહન કરતી સેંકડો ટ્રકો હાઈવે પર અને ડ્રાય પોર્ટ (બંદર) પર અટવાઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગિલગિટ-બાલ્ટિસ્તાન PoK (પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર) નો હિસ્સો છે.

# તિબેટના શિગાત્સે પ્રાંતમાં 7.1ના ભૂકંપથી 126 લોકોનાં મોત, 200થી વધુ ઈજાગ્રસ્ત

**શિગાત્સે**

તિબેટના શિગાત્સે પ્રાંતમાં આવેલા 7.1ની તીવ્રતાના ભયાનક ભૂકંપથી ઓછામાં ઓછા 126 લોકોના મોત થયાં હતાં અને 200થી વધુ લોકો ઘાયલ થયાં હતાં. વિનાશક ભૂકંપથી કેટલાંક પહાડો તૂટી પડ્યા હતાં અને ઈમારતો ધરાશાયી થઈ હતી અને ઘણી કોલોનીઓ કાટમાળમાં ફેરવાઈ ગઈ હોવાના અહેવાલ મળ્યાં હતાં. ભૂકંપના આંચકા ભારત, નેપાળ અને ભુતાનમાં અનુભવાયા હતાં. જોકે ભારત કે નેપાળમાં નુકસાન કે જાનહાનિના કોઇ અહેવાલ મળ્યા નથી. ચીને ભૂકંપની તીવ્રતા 6.8 ગણાવી હતી, જોકે અમેરિકી એજન્સીએ તેને 7.1 ગણાવી હતી.

સવારે 9:05 વાગ્યે તિબેટ સ્વાયત્ત ક્ષેત્રમાં ઝિગાઝના ડિંગરી કાઉન્ટીમાં ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ



ડીંગરી કાઉન્ટીના ત્સોગો ટાઉનશીપમાં હતું. સત્તાવાર ડેટા દર્શાવે છે કે ડીંગરી કાઉન્ટીની વસ્તી 61,000થી વધુ લોકોની છે. ભૂકંપ 10 કિલોમીટરની ઉંડાઈએ આવ્યો હતો

# 2024માં ઈરાનમાં સૌથી વધુને ફાંસી, 31 મહિલા સહિત 901ને મૃત્યુદંડ ફટકારાયો

## ઈરાનમાં હત્યા, કેફી દ્રવ્યોની દાણચોરી, બળાત્કારના ગુના માટે ફાંસીની સજાની જોગવાઈ

**તેહરાન**

2024માં ઈરાનમાં 31 મહિલાઓ સહિત કુલ 901 જણાંને ફાંસી આપવામાં આવી હતી. ઈરાનમાં દર વર્ષે ફાંસીની સજા પામનારાઓની સંખ્યા સતત વધી રહી હોવાથી સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવાધિકાર સમિતિના વડા વોલ્કર તુર્કે ઈરાનમાં ફાંસીની સજા પર પ્રતિબંધ મુકવાની માંગણી કરી હતી. માત્ર ડિસેમ્બર મહિનાના એક અઠવાડિયામાં જ 40 જણાંને ઈરાનમાં ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યા



હોવાનું માનવાધિકાર સમિતિના અહેવાલમાં જણાવ્યું હતું.

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના જણાવ્યા અનુસાર ચીનને બાદ કરતાં સૌથી વધારે ફાંસીની સજા ઈરાનમાં આપવામાં આવે છે. ઈરાનમાં હત્યા, કેફી દ્રવ્યોની દાણચોરી અને બળાત્કારના ગુના માટે ફાંસીની સજા આપવાની જોગવાઈ છે. ઈરાનમાં લોકોને મોતની સજા આપવાનું ચલણ વધી રહ્યું હોવાથી માનવાધિકારવાદીઓ ચિંતિત બન્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવાધિકાર સમિતિના અહેવાલ અનુસાર ઈરાનમાં ગયા વર્ષે ફાંસીની સજા મોટેભાગે કેફી દ્રવ્યોના દાણચોરોને આપવામાં આવી છે. આ ઉપરાંત 2022માં સરકાર સામે વિરોધ કરી રહેલાં લોકોને પણ મોતની સજા અપાઈ હતી.

# ગ્રીનલેન્ડ-પનામા નહેર કબજો કરવા સૈન્ય મોકલતા ખચકાઈશું નહીં : ટ્રમ્પ

**ન્યૂયોર્ક**

અમેરિકાના નવ-નિયુક્ત રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શપથ ગ્રહણ પહેલાં જ પોતાના નિવેદનોથી ખળભળાટ મચાવી દીધો છે. ટ્રમ્પની નજર હાલ ગ્રીનલેન્ડ અને પનામા નહેર હાંસલ કરવા પર છે. જેના માટે તેઓએ જરૂર પડ્યે સેનાનો ઉપયોગ કરવાનો પણ સંકેત આપ્યો છે. ટ્રમ્પના આ નિવેદને આખી દુનિયામાં ખળભળાટ મચાવી દીધો છે. જણાવી દઈએ કે, ડોનાલ્ડ ટ્રમ્પ આગામી 20 જાન્યુઆરીએ અમેરિકાના 47માં રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લેશે.

ટ્રમ્પે મંગળવારે પોતાના એક નિવેદનમાં કહ્યું કે, પનામા નહેર અને ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવા માટે સૈન્ય બળના પ્રયોગી સંભાવનાનો ઈનકાર નહીં કરું. અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે બંને પર અમેરિકન નિયંત્રણ મહત્ત્વપૂર્ણ છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તરીકેનું પદ સંભાળે તે પહેલાં, ડોનાલ્ડ ટ્રમ્પ દીકરા ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર સહિત સહયોગીઓ અને સલાહકારોના પ્રતિનિધિમંડળ સાથે ગ્રીનલેન્ડની મુલાકાતે પહોંચ્યા હતાં. જ્યાં તેઓએ પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારો સાથે વાત કરતી વખતે બંને વિસ્તારની સુરક્ષા માટે સેનાના પ્રયોગના વિકલ્પને ખુલ્લો મૂક્યો હતો. ટ્રમ્પના આ નિવેદનથી ખળભળાટ મચી ગયો હતો.

# સાયબર ટ્રકમાં બ્લાસ્ટ કરવા ChatGPTનો ઉપયોગ થયાનો ખુલાસો

**ઢાકા**

નવા વર્ષે લાસ વેગાસમાં ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટલની બહાર ટેસ્લા સાયબરટ્રકમાં થયેલા બ્લાસ્ટ મામલે મહત્ત્વનો ખુલાસો થયો છે. આ હુમલા માટે લોકપ્રિય એઆઈ ચેટબોટ ચેટજીપીટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, સંદિગ્ધે ચેટજીપીટીની મદદથી હુમલાને અંજામ આપ્યો હતો. બ્લાસ્ટ કરવા માટે તેણે કેટલા વિસ્ફોટક પદાર્થોની જરૂર પડશે, અને કેવા પ્રકારના વિસ્ફોટકો જોઈશે, તેવો સવાલ ચેટજીપીટીને કરી માહિતી મેળવી હતી. એફબીઆઈએ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ટેસ્લા સાયબરટ્રકમાં થયેલા હુમલામાં સંદિગ્ધ ડ્રાઈવર મેથ્યુ લિવેલ્સબર્ગરનું મૃત્યુ થયું હતું.

# યમનમાં અમેરિકાની એરસ્ટ્રાઇક : મિસાઇલો ઝીંકી હૂતીઓના હથિયાર ભંડારનો કર્યો નાશ

## હૂતીઓની કરતૂતો અટકાવવાના પ્રયાસના ભાગરૂપે હુમલો કરવામાં આવ્યો

**કેલિફોર્નિયા**

અમેરિકાએ યમનમાં એરસ્ટ્રાઈક કરી હૂતીઓના હથિયાર ભંડાર કેન્દ્રો પર મિસાઈલો ઝીંકી છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે (CENTCOM) દાવો કર્યો છે કે, 'અમે અમારા સાથીદારોને ધમકાવનાર અને ઈરાનનું સમર્થન કરતાં હૂતીઓના પ્રયાસોને ડામવા આ હુમલો કર્યો છે. CENTCOMએ એક્સ પર પોસ્ટ કરીને દાવો કર્યો છે કે, 'અમારી સેનાએ યમનમાં હૂતી એડવાન્સ કન્વેશનલ હથિયાર સ્ટોરેજો પર હુમલા કર્યા છે. સેનાએ 8 જાન્યુઆરી-2025ના રોજ યમનમાં હૂતીઓના નિયંત્રણ હેઠળના વિસ્તારો પર ચોકસાઈપૂર્વક હુમલો કર્યો છે, જેમાં ઈરાનના સમર્થક હૂતીના એડવાન્સ કન્વેશનલ હથિયારોના ભંડારનો નાશ થયો છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે કહ્યું કે, 'હૂતીના હુમલાખોરોએ આ હથિયારોનો ઉપયોગ કરી દક્ષિણ લાલ સાગર અને અદનની ખાડીમાં અમેરિકન નૌસેનાના યુદ્ધ જહાજો, કોમર્શિયલ જહાજો પર હુમલો કર્યો હતો. અમે આ ક્ષેત્રમાં સ્થાનિક ભાગીદારોને ધમકાવવા માટે તેમજ ઈરાનનું સમર્થન કરતાં હૂતીઓની કરતૂતો અટકાવવાના પ્રયાસના ભાગરૂપે આ હુમલો કર્યો છે.

# ચેટ જીપીટીના સીઈઓ સામ અલ્ટમેન પર બહેને જાતીય સતામણીનો કેસ નોંધાવ્યો

**ન્યૂયોર્ક**

યુએસમાં ચેટ જીપીટી બનાવનારી કંપની ઓપનએઆઈના સીઈઓ સામ અલ્ટમેન પર તેની બહેન એમી અલ્ટમેને જાતીય સતામણી કરવાનો આરોપ મુકી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કેસ નોંધાવ્યો હતો. જો કે, સામ અલ્ટમેને તમામ આરોપોને પાયાવિહોણાં ગણાવી નકારી કાઢ્યા હતા. એની અલ્ટમેને સામ અલ્ટમેન સામે ખટલો ચલાવી તેની પાસેથી ૭૫૦૦૦ ડોલરનું વળતર અપાવવાની પણ માંગણી અદાલત સમક્ષ કરી હતી. એની અલ્ટમેને એક કેસ કરી તેના ભાઈ સામ અલ્ટમેન આરોપ મુક્યા છે કે ૧૯૯૭થી ૨૦૦૬ સુધી એમ આઠ વર્ષ સુધી તેની સાથે જાતીય દુરાચાર કર્યો હતો.

CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

MOTEL for SALE

**NIRAJ PANCHOLI, REALTOR®**
Mechanical Engineer (Ahmedabad, India)
**Cell: 647-866-2790**
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**
SOLD OVER 50 Hotels & Motels. TOP 75 Producers in Canada& Centurion Producer Awards Winner

**Motel For Sale : Coming up**
16 Room – Near London
21 Room – in Muskoka Area
17 Room – Sault Ste Marie

**78 Room Hotel Ramada by Wyndham – Near Kingston - $6.99 Million**
Sold Conditional

**54 Room Resort – 1000 Islands, ON - $3.5 Million**
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar, library, gift shop, party room, execellent seasonal business from the tour buses

**Urgent Listing Require: Motels & Hotels**
Any Size, Any Price, Any Location
Qualified Buyers having 40% to 50% Down Payment Are Ready to CLOSE the Deal ASAP

**35 Room Motel - $3.5 Million**
Hwy 11, Northern Ontario

**11 Room Motel - $749,000**
Hwy 11, Near New Liskeard
Indoor Corridor, Easy One Man Operation
2 Hrs from North Bay

**Need Working Partner to Run Motels**
Wiling to invest min $200,000. Partnership % + Salary to run and manage the motel. Must be PR or Citizen, Must know English & Computer

**Motel Jobs Avaiable**
Housekeeping and all general work, Front-desk(must know English & Computer)
Free Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100